પ્રકાશક:-
જૈન યુવક સંઘના મંત્રીઓ:-
મણીલાલ મોકમચંદ શાહ.
મણીલાલ જેમલ શેઠ.
ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩

વિષયાનુક્રમ.

પજુષણ વ્યાખ્યાન માળાના પુસ્તકોએ
જનતામાં નવીન પ્રકાશ પાડ્યો છે.

રૂઢિ અને ધર્મને બહાને જ્યારે અનેક પ્રણાલિકાઓ
અને વહેમોનો ભોગ મનુષ્ય બને છે ત્યારે આ
લેખોનો સમૂહ તેમને નવીન માર્ગ દેખાડે છે.

ન વાંચ્યા હોય તો જરૂર વાંચો

ન મંગાવ્યા હોય તો જરૂર સંઘરો.

[illegible] ૧૯૮૮ ૦-૬-૦
[illegible] ૧૯૯૦ ૦-૮-૦
[illegible] ૧૯૯૩ ૦-૮-૦
[illegible] ૦-૩-૦

— [illegible] —

[illegible]

[illegible]

નિવેદન.

ગાંધી સેવાસંઘના પ્રમુખ અને પ્રસિદ્ધ વિચારક શ્રીમાન કિશોરલાલભાઇ આ વર્ષે પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં એક વ્યાખ્યાન આપવા આવેલા. તેમણે વ્યાખ્યાનમાળાની પદ્ધતિ અને વ્યાખ્યાનોનાં સ્વરૂપ વિષે માહિતી પ્રત્યક્ષ મેળવી. ત્યારબાદ વ્યાખ્યાનમાળા વિષે તેમણે પોતાનો અભિપ્રાય એવી મતલબનો જણાવ્યો હતો કે આખા દેશમાં વિચાર અને કર્તવ્યની જાગૃતિ આણે એવી વ્યાખ્યાનમાળાઓ થાય એમ ઘણા દિવસ થયા તેઓ ઇચ્છતા હતા. દરમ્યાન મુંબઈ જૈન યુવક સંઘના રૂપથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા જોઇ તેમને એક પ્રકારનો સંતોષ થયો. કારણ તેમણે જોયું કે પર્યુષણ જેવા સાંપ્રદાયિક પર્વમાં પણ તદ્દન અસાંપ્રદાયિક ભાવે અને અનેક યોગ્ય અધિકારી વક્તાઓ દ્વારા ભિન્ન ભિન્ન વિષયો ઉપર વ્યાખ્યાનો અપાય છે. શ્રીમાન કિશોરલાલભાઈના સંક્ષિપ્ત પણ ગંભીર ઉક્ત અભિપ્રાય પરથી કોઇ પણ વિચારશીલ વાચક પ્રસ્તુત વ્યાખ્યાન-માળાની અગત્ય પોતે સમજતો હશે તે કરતાં હવે વધારે સમજી શકશે.

ઇ. સ. ૧૯૩૭ ની પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં જેટલાં વ્યાખ્યાન અપાયેલાં તે બધાં આ પુસ્તિકામાં આવ્યાં નથી. લગભગ ત્રણ વ્યાખ્યાનો આવવાં રહી ગયાં છે, તેમ છતાં એનો મોટો ભાગ વાચકો આ પુસ્તિકામાં વાંચી શકશે. આ પુસ્તિકામાં કુલ બાર વ્યાખ્યાન છપાયાં છે, જેમાં અધ્યાપક રામનારાયણ પાઠકના 'કવિતા' [illegible] ૧૯૩૬ ની વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનનો સમાવેશ થ[illegible] ૧૯૩૬ ની વ્યાખ્યાનમાળા છપાય તે દરમ્યાન એ ભાષણ લખાઈ [illegible] નહોતું પણ પાછળથી એ અમને મળ્યું. તે ભાષણ નાનું છતાં [illegible] મહત્ત્વનું હોવાથી એને અમે આ વર્ષની વ્યાખ્યાનમાળામાં છાપ્યું છે. [illegible] પ્રસ્તુત વર્ષનાં જ છે.

[illegible]

[illegible]

ચકો પોતેજ પુસ્તક વાંચીને જાણી લે એ યોગ્ય ગણાય. તેથી તે વિષે આ સ્થળે કાંઈ પણ કહેવું અમે યોગ્ય ધારતા નથી.

આ વર્ષે મુંબઇ બહારથીજ વક્તાઓ મોટે ભાગે આવેલા, જેમાંથી ત્રણ નામ ખાસ ઉલ્લેખ યોગ્ય ગણાય. પૂ. કેદારનાથજી, શ્રીમાન કિશોરલાલભાઇ અને શ્રીમાન કાકાસાહેબ. તેમાંય વિચાર અને કર્તવ્યની મૂર્તિમાન નાથજી જેવા પુરૂષની હાજરી એ વ્યાખ્યાનમાળાનું જીવન્ત લક્ષણ ગણાવું જોઇએ.

જમનારની પેઠે વાંચનારનો સ્વભાવ ફરીયાદી હોય છે. ઘણીવાર એ ફરીયાદ સ્થાને હોય છે. ગુણગ્રાહક દષ્ટિએ જોતાં એવી ફરીયાદમાંથી અનેક વાર પુષ્કળ લાભ ઉઠાવી શકાય. ચાલુ વર્ષની વ્યાખ્યાનમાળાનું પ્રસ્તુત પુસ્તક મોડું પ્રસિદ્ધ થવાની ફરીયાદ સૌ વાચક કરવાના. પણ આટલું બધું મોડું થવાનાં બીજાં કારણોનો નિર્દેશ ન કરીએ તોયે એકજ કારણનો નિર્દેશ એ ફરીયાદના સમાધાન માટે બસ થશે. પુસ્તકમાં છપાનાર વ્યાખ્યાનો અનેક વક્તાઓનાં હોઈ તે બધાં મેળવવાનો લોભ રાખવોજ પડે છે. અમે આજે મોકલીશું, કાલે આપીશું, પાંચ દિવસ પછી જરૂર લખીશું એવા વાયદાઓમાં કેટલાક વક્તાઓ મહિનાના મહિના પસાર કરી દે છે. તેમનાં વ્યાખ્યાનો મહત્ત્વમાં હોઇ તેની ઉપેક્ષા કરવી પણ ઇષ્ટ નથી હોતી. વળી તે વક્તાઓ ખરેખર બીજી અનેકવિધ પ્રવૃત્તિના ભારથી દબાયેલા હોઇ તેમને અઘટિત રીતે દબાણ કરવું એ પણ યોગ્ય નથી લાગતું. એવી સ્થિતિમાં કેટલાંક વ્યાખ્યાનો શરૂઆતથીજ તૈયાર લખેલાં મળેલ હોવા છતાં આખું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં અણધાર્યું મોડું થઇ જાય છે. પણ આનો બદલો વાચકોને પૂરેપૂરો મળી રહે તેમ છે. જલદી છપાવી કાઢવામાં જે વ્યાખ્યાનો રદી થયા હોત અને વાચકો વાંચવા ન પામત તેવાં મહત્ત્વપૂર્ણ ઘણાં વ્યાખ્યાનો મોડે મોડે પણ પુસ્તક દ્વારા વાચકો વાંચી પૂરેપૂરો બદલો મેળવી શકશે.

પં૦ નાથજીનાં બંને વ્યાખ્યાનો મરાઠી ભાષામાં લખાયેલ [illegible]
હતાં. તેનો ગુજરાતી અનુવાદ શ્રી. રમણીકલાલ મોદીએ [illegible]
અને પં૦ દરબારીલાલજીનું વ્યાખ્યાન હિંદીમાં હોઈ તેનો [illegible]
ગુજરાતી અનુવાદ ભાઈ તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી પાસે [illegible]
કરાવ્યો છે.

[illegible] પોતાના ઉપર અનેકવિધ પ્ર[illegible]
[illegible] તેમનો આભાર [illegible]
[illegible] જરૂરી છે તેથી [illegible]
[illegible]

[illegible]

ભગવાન ઋષભદેવ અને તેમનો પરિવાર.

(વક્તા–પંડિત સુખલાલજી)

ભગવાન પાર્શ્વનાથ અને મહાવીરના વિષયમાં તો ઇતિહાસની ગતિ સ્પષ્ટ છે. ભગવાન નેમિનાથ સુધી પણ ઇતિહાસના પ્રકાશનું આછું કિરણ પહોંચ્યું છે. પરંતુ ભગવાન ઋષભદેવની બાબતમાં એથી તદ્દન ઉલટું છે. ઋષભદેવનો સમય એટલે જૈન ગણતરી પ્રમાણે લાખો ને કરોડો વર્ષ પહેલાંનો સમય. એ સમયના ઇતિહાસની વાતો પણ સંભવિત નથી. એટલા અતિ પ્રાચીન સમયના પુરુષ વિષે આપણે જે કાંઈ વાંચીએ છીએ, સાંભળીએ છીએ, અને વિચારીએ છીએ, તે બધું લોકવાયકા અને કાંઇક શાસ્ત્રપરંપરાને આધારે રચાયેલ ચરિત્રગ્રંથોમાંથી જ. એ ચરિત્રગ્રંથોમાં ઐતિહાસિક યુગ પહેલાંના પુરુષો વિષે લખાએલ બધુંજ અપ્રમાણિક અને ત્યાજ્ય છે એમ કહી ન શકાય, તેજ પ્રમાણે એ ચરિત્રગ્રંથોમાં એ પુરુષો વિષે લખાયેલ બધુ અક્ષરશઃ તેમજ છે એમ પણ માની શકાય તેમ નથી. આવી અનિશ્ચિત સ્થિતિમાં ભગવાન ઋષભદેવ જેવા અતિ પ્રાચીન પુરુષ અને તેમના પરિવાર વિષે આજે હું કાંઇક કહેવા ઇચ્છું છું, તે કેટલાક ખાસ દૃષ્ટિબિન્દુઓથી.

દૃષ્ટિબિન્દુઓ.

તેમાનું પહેલું દૃષ્ટિબિંદુ એ છે કે ઋષભદેવ અને અન્ય તીર્થંકરોની પૂજા પ્રતિષ્ઠા તેમજ ઉપાસનાના ક્ષેત્રમાં શું અંતર છે તે જણાવવું અને તે દ્વારા અન્ય તીર્થંકરો કરતાં ઋષભદેવનું સ્થાન કેટલું વ્યાપક છે,

અને તે શા માટે, એ સૂચિત કરવું. મારું બીજું અને મુખ્ય ઉ
એ છે કે ભૂતકાળનો વર્તમાનકાળ સાથે સંબંધ જોડવો, અ
ભાવિનિર્માણમાં વિવેકપૂર્વક ઉપયોગ કરવો. આજ વસ્તુને
વધારે ખુલાસાથી બીજી રીતે દર્શાવવી હોય તો એમ પણ
કહેવાય કે, પરંપરા અગર સમાજના માનસમાં શ્રદ્ધાનું સ્થાન
કોઈ પ્રાચીન કે અતિ પ્રાચીન મહાપુરુષના જીવનચરિત્રની આ
[illegible] અનેક કલ્પનાઓના [illegible]
[illegible] વિવિધ રંગો પૂરાયા હોય, તેનુ [illegible]
[illegible] એક સામાન્ય [illegible]
[illegible] ગુજરાતી [illegible]
[illegible]

[illegible] નથી

[illegible]

સ્ત્રી પુરુષો દ્વારા અનુકરણ કરાતું ઋષભદેવનું વાર્ષિક તપ-એ બધું જૈન પરંપરામાં ઋષભની ઉપાસ્ય દેવ તરીકેની શ્રદ્ધા અને ખ્યાતિનાં ઊંડાં મૂળો તો સૂચવે જ છે, પણ ઋષભદેવની ઉપાસના અને ખ્યાતિ જૈનેતર પરંપરાના અતિ પ્રતિષ્ઠિત અને વિશિષ્ટ ગણાતા સાહિત્યમાં તેમજ કોઈ નાનકડા પણ વિરલ ફિરકામાં સુદ્ધાં છે.

ભાગવતમાં ઋષભદેવ.

બ્રાહ્મણ પરંપરા અને તેમાંયે ખાસ કરી વૈષ્ણવ પરંપરાનો બહુમાન્ય અને સર્વત્ર અતિ પ્રસિદ્ધ ગ્રંથ ભાગવત છે, જે ભાગવત પુરાણ કહેવાય છે. એ આઠમી શતાબ્દિથી અર્વાચીન તો નથી જ. દિગંબર અને શ્વેતાંબર બન્ને સંપ્રદાયોમાં જે ઋષભદેવનાં સંસ્કૃત ભાષામાં લખાએલ ચરિત્રો છે, તે ભાગવતથી પ્રાચીન નથી. ભાગવત પછીનાં જ છે. હા, જૈન પરંપરામાં ખાસ કરી શ્વેતાંબર પરંપરામાં ઋષભદેવનું પ્રાકૃત ભાષામાં લખાએલ ચરિત્ર ભાગવતમાંના ઋષભચરિત્ર કરતાં પણ પ્રાચીન હોવા વિષે ભાગ્યેજ સંદેહ રહે છે. ભાગવતમાં જે ઋષભચરિત્રનું વર્ણન છે, અને તે જે રીતે જૈન ગ્રંથોમાં આવતા ઋષભચરિત્ર સાથે મળતું આવે છે, તે ઉપરથી પ્રથમ દૃષ્ટિએ જોનારને એમ લાગે કે જન સમાજમાં બહુમાનનાં ઊંડાં મૂળ નખાયા પછીજ જૈન કથાનક-ગ્રંથોમાંથી ભાગવતના કર્તાએ ઋષભદેવને પોતાના ગ્રંથમાં આલેખ્યા કે અપનાવ્યા હશે, જેમ પ્રથમથી ત્યાજ્ય ગણાએલ બુદ્ધને પણ તેમની લોક પ્રતિષ્ઠા જામ્યા પછી પાછળથી કેટલાક પુરાણકારોએ અવતારી વર્ણવ્યા છે તેમ

આખી આર્ય જાતિના ઉપાસ્ય ઋષભદેવ.

પરંતુ મને તો લાગે છે કે, ખરી હકીકત કાંઈક બીજી જ હોવી જોઈએ ભાગવતકારના સમયમાં ઋષભદેવ કરતાં પાર્શ્વનાથ કે મહાવીરની પ્રતિષ્ઠા ખ્યાતિ કે ઉપાસના જરાયે ઓછી ન હતી કદાચ જૈન પર-

ંપંચમી એ ઋષભપંચમી હોવી જોઇએ.

પહેલી બાબત ઋષિપંચમીના પર્વની અને બીજી બાબત ક્યાંક જૈનેતર વર્ગમાં ઋષભની ઉપાસનાને લગતી છે. ભાદરવા શુદ મ ઋષિપંચમી તરીકે જૈનેતર વર્ગમાં સર્વત્ર જાણીતી છે, જે મી જૈન પરંપરા પ્રમાણે સાંવત્સરિક પર્વ મનાય છે. જૈન પરંપ- ાં સાંવત્સરિક પર્વ એ બીજાં બધાંએ પર્વો કરતાં ચડીયાતું અને ધ્યાત્મિક હોઇ પર્વાધિરાજ મનાય છે. તેજ પર્વ વૈદિક અને બ્રાહ્મણ પરામાં ઋષિપંચમીના પર્વ તરીકે ઉજવાય છે. આ પંચમી કોઇપણ ; કે અનેક વૈદિક પરંપરાના ઋષિઓના સ્મરણ તરીકે ઉજવાતી ય એ જાણમાં નથી; બીજી બાજુ જૈનો તેજ પંચમીને સાંવત્સરિક ર્વ લેખી તેને મહાન પર્વનું નામ આપે છે. ને તે દિવસે સર્વોત્તમ ધ્યાત્મિક જીવન અનુભવવા યત્નશીલ રહે છે મને લાગે છે કે જૈન ને વૈદિક પરંપરાના જુદાં જુદાં નામથી જાણીતાં બંને પર્વોની કજ ભાદરવા શુદ પંચમીએ ઉજવવાની માન્યતા કોઈ સમાન ત્વમાં છે. અને તે તત્ત્વ મારી દૃષ્ટિએ ઋષભદેવના સ્મરણનું છે. એક થવા બીજે કારણે આર્ય જાતિમાં ઋષભદેવનું સ્મરણ ચાલ્યું આવતું મને તે નિમિત્તે ભાદરવા શુદી પંચમી પર્વ તરીકે ઉજવાતી. આગળ ત્તાં જ્યારે જૈન પરંપરા નિવૃત્તિ માર્ગ ભણી મુખ્યપણે ઢળી, ત્યારે ણે એ પંચમીને આધ્યાત્મિક શુદ્ધિનું રૂપ આપવા તે દિવસને સાંવ- ત્સરિક પર્વ તરીકે ઉજવવા માડ્યો, જ્યારે વૈદિક પરંપરાના અનુગામી- ઓએ પરાપૂર્વથી ચાલી આવતી સામાન્ય ભૂમિકાને અનુસરીનેજ એ પંચમીને ઋષિપંચમી તરીકે માનવાનો પ્રઘાત ચાલુ રાખ્યો. ખરી રીતે એ ઋષિપંચમી નામમાત્ર ઋષભનો ધ્વનિ સમાએલો છે. ઋષભપંચમી એજ શુદ્ધ નામ હોવું જોઇએ ને તેનુંજ ઋષિપંચમી એ કારક અપભ્રષ્ટ રૂપ છે. જો આ કલ્પના ઠીક હોય તો તે જૈન જૈનેતર બંને વર્ગમાં પુરાણકાળથી ચાલી આવતી ઋષભદેવની માન્યતાની પુષ્ટિ કરે છે

અત્રપુત પ્રથમાં આત્મની ઉપાસના.

[illegible]

ીન ઋષભદેવનું પ્રતિષ્ઠાક્ષેત્ર કેટલું વ્યાપક છે. પણ અહીંજ પ્રશ્ન
વે છે કે આ તફાવતનું કારણ શું? આ પ્રશ્ન આપણને જૈન
નું અસલી સ્વરૂપ કેવું હતું અથવા તો વર્તમાન જૈન ધર્મ તેમજ
સંસ્કૃતિ અને જૈન ભાવનાનાં પ્રાચીન મૂળો ક્યાં હતાં એ વસ્તુ
ારવા પ્રેરે છે.

્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ.

ભારત વર્ષમાં પ્રચલિત પ્રાચીન ધર્મોને બે વિભાગમાં વહેંચી
ાય. (૧) પ્રવૃત્તિ ધર્મ અને (૨) નિવૃત્તિ ધર્મ. પ્રવૃત્તિ ધર્મ એટલે
ુરાશ્રમ ધર્મ અને નિવૃત્તિ ધર્મ એટલે એકાશ્રમ ધર્મ. નિવૃત્તિ
ર્મમાં માત્ર એક ત્યાગાશ્રમ મનાએલો છે એનો અર્થ એ નહિ કે
માં બ્રહ્મચર્ય તેમજ ગૃહસ્થાશ્રમને સ્થાનજ નથી. એનો અર્થ માત્ર
ટલોજ સમજવાનો છે કે નિવૃત્તિ ધર્મ એ જાતિ, ઉમર, વગેરેનો
ચાર વિશેષ ન કરતાં ગમે તે જાતિ ને ગમે તે ઉમરના સ્ત્રી પુરૂષ
ધાને માટે એક સરખી રીતે ત્યાગ તેમજ સંન્યાસનો ઉપદેશ આપે
ે એ ધર્મ પ્રમાણે ઔત્સર્ગિક જીવન ત્યાગનુંજ મનાએલું હોવાથી
ે કોઇ ગૃહસ્થ આશ્રમમા પડે કે દુન્યવી પ્રવૃત્તિ સ્વીકારે તો તે ન
ટકેજ સ્વીકારે. એનો એ સ્વીકાર નિવૃત્તિ ધર્મ પ્રમાણે માત્ર લાચારી
ગણાય છે નહિ કે તે જીવનમા ક્રમપ્રાપ્ત આવશ્યક ધર્મ. આથી
ઉલટું ચતુરાશ્રમ ધર્મમા ઉમરને ક્રમેજ પ્રવૃત્તિ કે નિવૃત્તિ સ્વીકારવાનું
પ્રાપ્ત થાય છે. બ્રહ્મચર્ય આશ્રમનું ઉલ્લંઘન કરી ગૃહસ્થ આશ્રમમાં
પ્રવેશ કરવો અગર-બ્રહ્મચર્ય આશ્રમમાંથી સીધે સીધા-ગૃહસ્થ આશ્રમમાં
દાખલ થયા સિવાય-સન્યાસ માર્ગે જવું તે પ્રવૃત્તિ ધર્મ પ્રમાણે વર્જ્ય
હોઇ અધર્મ લેખાય છે. બ્રહ્મચર્ય આશ્રમમાંથી-બાલ્ય કે કૌમાર
અવસ્થામાંથી-કોઇ સીધે સીધો સંન્યાસ સ્વીકારે તો તે નિવૃત્તિ ધર્મ
પ્રમાણે સ્વાભાવિકજ ગણુ લેખાય કેમકે તે ક્રમ વર્જ્ય નથી અને નેથી
તેજ ક્રમ મુખ્યપણે ધર્મ છે. જ્યારે પ્રવૃત્તિ ધર્મ પ્રમાણે તો એ ક્રમ

[illegible] ધર્મ અધર્મ છે. પ્રવૃત્તિ ધર્મમાં સંન્યાસને સ્થાન [illegible]
તે પ્રતિષ્ઠિત સ્થાન છે, પણ એ સ્થાન [illegible] અમુક [illegible]
[illegible] છે, તેમ [illegible] નહિ; [illegible] નિવૃત્તિ ધર્મમાં [illegible]
[illegible] પ્રતિષ્ઠા [illegible] છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ [illegible]
[illegible] હોવાથી તેનાં પરિણામો પણ
[illegible] છે. અને [illegible]

જૈનોનો નિવૃત્તિધર્મ એ આગવો છે?

જૈન [illegible] પણ [illegible]
[illegible] જૈન [illegible] જૈન [illegible] જૈન [illegible]
[illegible]

પ્રધાનજ છે. નિવૃત્તિપ્રધાન નહિ. તેમજ મને એમ પણ લાગે છે કે, કોઇ પણ કાળે જૈન ધર્મના મૂળ ઉદ્ગમમાં નિવૃત્તિ પ્રધાન સ્વરૂપને સ્થાન ન હતું પણ તેમાં પ્રવૃત્તિપ્રધાન સ્વરૂપનેજ સ્થાન હતું. મારા આ મંતવ્યની પુષ્ટિ વર્તમાન જૈન પરંપરાના આદિપ્રવર્તક તીર્થંકર ઋષભદેવના ભિન્નભિન્ન તેમજ પાછળથી બહુ મોડે મોડે પણ નિવૃત્તિપ્રધાન ધર્મની પ્રતિષ્ઠા થયા પછી લખાએલ કે સંકલિત થએલ જીવનવૃત્તાંત ઉપરથી અસંદિગ્ધપણે થાય છે. આ જવાબ સાચો હોય તો પ્રવૃત્તિપ્રધાન સ્વરૂપ ધર્મની વિકૃતિ છે અગર તે સ્વરૂપ પાછળથી આવ્યું છે એમ માનવાને કશુંજ કારણ રહેતું નથી.

ત્યારે ભગવાન મહાવીરે નિવૃત્તિ પર ભાર કેમ આપ્યો?

હા, તેમ છતાં મારા આ વિચાર સામે અનેક પ્રશ્નબાણો છૂટવાનાં એ દેખીતું છે. કોઈ જરૂર પૂછી શકે કે જો સામાજિક જીવનની દૃષ્ટિએ ધર્મ પ્રવૃત્તિપ્રધાનજ સંગત અને સ્વાભાવિક હોય તો ભગવાન મહાવીર વગેરેએ એ પ્રવૃત્તિધર્મ ઉપર ભાર ન આપતાં નિવૃત્તિપ્રધાનના ઉપર ભાર કેમ આપ્યો? તેમજ પાછળના ધુરંધર જૈન આચાર્યોએ જૈન ધર્મને નિવૃત્તિપ્રધાન સ્વરૂપની મર્યાદામાં શા માટે બાંધી રાખ્યો? આ અને આના જેવા બીજા ઘણા પ્રશ્નો ઉદ્ભવે છે પણ તે બધાનો ઉત્તર સંક્ષેપમાં એટલોજ છે કે, ભગવાન મહાવીરના પુરૂષાર્થની દિશા સામાજિક જીવનને પૂર્ણપણે ઉપદેશવાની કે ઘડવાની ન હતી. એ સામાજિક જીવન જે પ્રવૃત્તિધર્મ ઉપર બંધાએલું ને ગોઠવાએલું તે તો ચાલુજ હતું. પણ તે ધર્મના એક ભાગ તરિકે ત્યાગી જીવનનાં સ્વરૂપ, ને અધિકાર કે આચરણમાં જે વિકૃતિઓ, શિથિલતાઓ તે જે ગેરસમજુતીઓ દાખલ થઈ હતી તેનું પોતાના વૈયક્તિક આચરણથી સંશોધન કરવું એ તેમનો જીવનધર્મ હતો. અથવા એમ કહો કે જેમ કોઇ સુધારક માણસ માત્ર બ્રહ્મચર્યાશ્રમ પુરતોજ સુધારો હાથમાં લે કે કોઈ બીજો માત્ર ગૃહસ્થાશ્રમ પુરતોજ સુધારો

દાયમાં છે, તેમ ભગવાન મહાવીરે ત્યાગ-માર્ગ પુરતો જ ધર્મ [illegible]
વાનુ કાર્યમાં લીધું.

નિવૃત્તિધર્મ એ સર્વાંગીધર્મ કેમ બનાયો?

[illegible]

હેત્યમાં કે બ્રાહ્મણ સાહિત્યમાં આલેખાએલું મળે છે, તે જૈન પરં-
ાની ઉક્ત માન્યતાની વાસ્તવિકતાની પુષ્ટિ જ પુરવાર કરે છે; કારણ
ભગવાન ઋષભદેવ કર્મયોગી અને પૂર્ણપુરુષ હોય તો તેમનું જીવન
ામ દૃષ્ટિએ અગર સામાજિક સુવ્યવસ્થાની દૃષ્ટિએ પૂર્ણજ હોવું
ઇએ. એ વિના તે પૂર્ણ સમાજરચનાના ઘડનાર કહેવાઈજ ન શકે.
પણે ઋષભદેવના જીવનમાં જે અનેક ઘટનાઓ નિહાળીએ છીએ
તે જે અત્યારના નિવૃત્તિપ્રધાન જૈનધર્મના સ્વરૂપની દૃષ્ટિએ બહુ
ગત નથી લાગતી, અને તેથીજ જે ઘટનાઓનું સમર્થન ખેંચતાણ-
ર્ક આચાર્યોને કરવું પડ્યું છે તે બધી ઘટનાઓ જીવનક્રમમાં સ્વાભા-
કજ હતી અને કોઇપણ વિચારવાન સમાજના જીવનમાં સ્વાભા-
કજ હોવી ઘટે.

ઉવૃત્તિધર્મની દૃષ્ટિએ ઋષભજીવનની અસંગત દેખાતી ઘટનાઓ.

અહીં કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કરી તે ઉપર થોડોક વિચાર
રવો પ્રાસંગિક લેખાશે. (૧) ભગવાન ઋષભદેવે વિવાહસંબંધ બાંધ્યો.
વખતની ચાલુ પ્રથા પ્રમાણે સગી બ્હેન સુમંગલા સાથે લગ્ન કરવા
પરાંત બીજી એક સુનંદા નામક કન્યા સાથે લગ્ન કર્યું, કે જે પોતાના
ન્મસિદ્ધ સાથીના મૃત્યુથી વિખૂટી અને એકલવાયી હોઇ, વિધવા નહિ
ા અનાથ હતી જ. (૨) ભગવાને પ્રજાશાસનનું કાર્ય હાથમાં લઇ
ામ, દંડ, આદિ નીતિ પ્રવર્તાવી અને લોકોને જીવનધર્મ તેમજ સમાજ-
ર્મ શિખવ્યો. (૩) જે કામ અને ધંધાઓ વિના વૈયક્તિક તેમજ
સામાજિક જીવન તે વખતે શક્ય ન હતું અને આજે પણ શક્ય હોઇ
ા શકે તેવાં બધા કામો ભગવાને લોકોને શિખવ્યાં. તે વખતની સૂક્ષ્મ
ે પરિસ્થિતિ પ્રમાણે ભગવાને લોકોને ખેતી દ્વારા અનાજ પેદા કરતાં
અનાજ રાંધતા, તે માટે જોઇતા વાસણો બનાવતા, રહેવા માટેનાં મકાનો
બાંધતા, કપડા તૈયાર કરતા, તેમજ હજામત અને બીજા જીવનોપયોગી
શિલ્પ કરતા શિખવ્યું (૪) પુત્ર યોગ્ય ઉમરે પહોંચતાજ તેને રાજ્ય-

દારીપૂર્વક ઘર ને ગામનો કારભાર કરવાનું શીખવી પ્રતીજ્ઞા પૂર્વક સાધક જીવન સ્વીકાર્યું (૫) સાધક જીવનમાં તેમણે મનોયોગ પૂર્ણપણે આત્મશોધ તરફ જ વાળ્યો અને આત્મસિદ્ધિ સિદ્ધ કરી. આ ઘટનાઓ દિગંબરાચાર્ય જિનસેન તેમજ આચાર્ય હેમચંદ્રે વર્ણવી છે

અસંગત દેખાતી ઘટનાઓનું અસંગત સમર્થન.

જિનસેન વિક્રમની નવમી સદીમાં તેમજ હેમચંદ્ર વિક્રમની [illegible]

ને ધંધાની તમામ તાલીમ આપવી એ માબાપનું અનિવાર્ય ખરૂં કે નહિ? એ પ્રશ્નના જવાબમાં કાંતો તે આચાર્યોએ ચૂપકી રહી અને કાંતો તેમનો નિવૃત્તિધર્મ તેમની પાસે ભાષાસમિતિ એટલુંજ કહેવડાવે કે એ બાબત વધારે કહેવું એ મુનિધર્મ નથી; તેજ યથાયોગ્ય સમજી લો, જેમ આત્મકલ્યાણ થાય તેમ કરો ઇત્યાદિ.

ઋષભના ચરિત્રલેખક આચાર્યોના એજ જાતના સંસ્કારો હતા. શ્નોનો જવાબ સ્વતંત્રપણે તેઓ નકારમાંજ આપે તે પ્રશ્નો નું જીવન લખતાં તેમની સામે આવીને ઉભા રહ્યા. ઋષભ એટલા માન્ય અને પૂજ્ય હતા કે તેમના જીવનની એકે ઘટનાનું સમર્થન સિવાય તેમનાથી ચલાવી શકાય તેમ પણ ન હતું. અને બીજી ; નિવૃત્તિધર્મ વિષેના એમના સંસ્કારો એમને એ સમર્થન કરવા ા. છેવટે તેમણે એ ઘટનાઓનું સમર્થન તો કર્યું પણ તે સમર્થન ા પુરતું અને અસ્પષ્ટ. હેમચંદ્ર વિવાહ વિષે લખતાં કહે છે કે, ભદેવે લોકોમાં વિવાહપ્રવૃત્તિ ચાલુ રાખવા લગ્ન કર્યું. તે કહે છે કે હાને સ્વીકારી તેનું અનાથપણું ટાળ્યું. તે કહે છે કે અનેક પત્નીઓ સેંકડો સંતાનવાળો ગૃહસ્થધર્મ ભગવાને અનાસક્તપણે આચર્યો. કહે છે કે અનેક પ્રકારના ધંધાને શિલ્પો શિખવી ભગવાને સમા- ં જીવનયાત્રા સુકર કરી ઉપકાર સાધ્યો. તે કહે છે કે સંતાનને ય બનાવી તેને બધી ગૃહરાજ્યવ્યવસ્થા સોંપીનેજ દિક્ષા લઇ ભગવાને નમાર્ગમાં સામજસ્ય સ્થાપ્યું. હેમચંદ્ર નિવૃત્તિધર્મથી વિરુદ્ધ દેખાતા ત્તિધર્મના એકેએક અંગનું સમર્થન ટુંકમાં એકજ વાક્યથી કરે છે ભગવાન વિશિષ્ટ જ્ઞાની હતા, માટે તેમણે ત્યાજ્યને સાવદ્ય કર્મોને ; કર્તવ્ય ગણી અનાસક્તપણે આચર્યાં.

ઋષભદેવનો વિવાહ, તેમણે ઉત્પન્ન કરેલ સંતતિ, તેમણે એ સંત- ને આપેલ શિક્ષણ અને તેનું કરેલ પોષણ, તેમણે પ્રજાસામાન્યને સ્તોપયોગી [illegible] આરંભસમારંભવાળા ધંધા [illegible]

શુ આવશ્યક અને વિવેકવાળી પ્રવૃત્તિ એ સાચા ત્યાગ જેટલીજ કિંમતી ખાશે, અને તેમ થશે તો નિવૃત્તિધર્મની એકદેશી જાળમાં ગુંચવાએલું નસમાજનું કોકડું આપોઆપ ઉકેલાઇ જશે.

ગીતાનો આશ્રય લઇ હેમચંદ્રે કરેલ નિવૃત્તિધર્મમાં સંશોધન.

ઉપર એ કહેવામાં આવ્યું છે કે હેમચંદ્ર પોતે વારસાગત ઐકાન્તિક નિવૃત્તિધર્મના સંસ્કાર ધરાવતા અને છતાંય તેમને ઋષભના જીવનની બધી સાવદ્ય લેખાતી પ્રવૃત્તિઓનો બચાવ કરવો હતો તેમને વાસ્તે મા એક ચકાવો હતો. પણ તેમની સર્વ શાસ્ત્રને સ્પર્શનારી અને ગમે યાંથી સત્યને અપનાવનારી ગુણગ્રાહક દૃષ્ટિએ ઉક્ત ચકાવામાંથી છૂટવાની બારી ગીતામાં જોઇ. પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચેના લાંબા કલહમય વિરોધનો નિકાલ ગીતાકારે અનાસક્ત દૃષ્ટિ મૂકી આણ્યો હતો. તેજ દૃષ્ટિ હેમચંદ્રે અપનાવી અને ભગવાન ઋષભે આચરેલી સમગ્ર જીવનવ્યાપિ કર્મમાં લાગુ પાડી. હેમચંદ્રની મુંઝવણનો અંત આવ્યો. તેમને બહુ ઉલ્લાસ અને નિર્ભયતાથી કહી દીધું કે ભગવાને જ્ઞાની હોઇ જાણતા છતાં પણ સાવદ્યકર્મો કર્તવ્ય લેખી આચર્યાં. હેમચંદ્રનું આ સમર્થન એક બાજુ જૂની જૈન ધરેડની દિશાભૂલ સૂચવે છે ને તે આપણને નવું સ્વરૂપ ઘડવા પ્રકાશ આપે છે. ખરી રીતે જ્ઞાની હોય તે તો દોષનું સ્વરૂપ પૂરેપૂરું સમજે. અને તેથી જ તે સ્થૂલ ગમે તેવા લાભો છતાં દોષમય પ્રવૃત્તિ ન આચરે. એટલે જો દુન્યવી જીવનઉપયોગી પ્રવૃત્તિ પણ એકાન્ત દોષવાળી જ હોય તો જ્ઞાનીએ તો એનો ત્યાગ જ કરેલ હ્યો છતાં જો એ પ્રવૃત્તિનું વિષ અનાસક્ત ભાવને લીધે દૂર થયું હોય અને અનાસક્ત દૃષ્ટિથી એવી પ્રવૃત્તિ પણ કર્તવ્ય કરતી હોય તો અત્યારના જૈન સમાજે પોતાના સંસ્કારમાં આ દૃષ્ટિ દાખલ કરી સુધારો કરવો જ ઘટે. એ વિના જૈન સમાજ વાસ્તે બીજો વ્યવહાર અને ઉત્કર્ષ માર્ગ છેજ નહિ

આવશ્યક અને વિવેકવાળી પ્રવૃત્તિ એ સાચા ત્યાગ જેટલીજ કિંમતી
ાશે, અને તેમ થશે તો નિવૃત્તિધર્મની એકદેશી જાળમાં ગુંચવાએલું
સમાજનું કોકડું આપોઆપ ઉકેલાઇ જશે.

તાનો આશ્રય લઇ હેમચંદ્રે કરેલ નિવૃત્તિધર્મમાં સંશોધન.

ઉપર એ કહેવામાં આવ્યું છે કે હેમચંદ્ર પોતે વારસાગત ઐકાન્તિક
ૃત્તિધર્મના સંસ્કાર ધરાવતા અને છતાંય તેમને ઋષભના જીવનની
ધી સાવદ્ય લેખાતી પ્રવૃત્તિઓનો બચાવ કરવો હતો. તેમને વાસ્તે
એક ચકાવો હતો. પણ તેમની સર્વ શાસ્ત્રને સ્પર્શનારી અને ગમે
ંથી સત્યને અપનાવનારી ગુણગ્રાહક દૃષ્ટિએ ઉક્ત ચકાવામાંથી છૂટ-
ની બારી ગીતામાં જોઇ. પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચેના લાંબા કલહમય
રોધનો નિકાલ ગીતાકારે અનાસક્ત દૃષ્ટિ મૂકી આણ્યો હતો. તેજ
ષ્ટિ હેમચંદ્રે અપનાવી અને ભગવાન ઋષભે આચરેલી સમગ્ર જીવન-
ાસિ કર્મમાં લાગુ પાડી. હેમચંદ્રની મુંઝવણનો અંત આવ્યો. તેમને
ડુ ઉલ્લાસ અને નિર્ભયતાથી કહી દીધું કે ભગવાને જ્ઞાની હોઇ
ણતા છતાં પણ સાવદ્યકર્મો કર્તવ્ય લેખી આચર્યાં. હેમચંદ્રનું આ
મર્થન એક બાજુ જૂની જૈન ધરેડની હિલચાલ સૂચવે છે ને ત
ાપણને નવું સ્વરૂપ ઘડવા પ્રકાશ આપે છે. ખરી રીતે જ્ઞાની હોય
તો દોષનું સ્વરૂપ પરિપૂર્ણ સમજે. અને તેથીજ તે સ્થૂલ ગમે તેવા
ાભો છતાં દોષમય પ્રવૃત્તિ ન આચરે. એટલે જો દુન્યવી જીવનઉપયોગી
પ્રવૃત્તિ પણ એકાન્ત દોષવાળીજ હોય તો જ્ઞાનીએ તો એનો ત્યાગજ
કરેલો હશે. છતાં જો એ પ્રવૃત્તિનું વિષ અનાસક્ત ભાવને લીધે દૂર
થતું હોય અને અનાસક્ત દૃષ્ટિથી એવી પ્રવૃત્તિ પણ કર્તવ્ય કરની હોય
તો અત્યારના જૈન સમાજે પોતાના સંસ્કારમાં આ દૃષ્ટિ દાખલ કરી
શુધારો કરવોજ રહ્યો. એ વિના જૈન સમાજ વાસ્તે બીજો બચવાનો
માર્ગ સંભવ માત્ર છેજ નહિ.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરા પ્રમાણે ભરતનું આખું જીવન તેના પિતાના વારસા પ્રમાણે પ્રવૃત્તિધર્મથી ઘડાયેલું છે એ વિષે તો શંકા છે જ નહિ. ભરત ઉમરે પહોંચી રાજ્ય કરે છે, ૬૪૦૦૦ સ્ત્રીઓ સાથે ગૃહજીવન ગાળે છે, પ્રજાપાલનમાં ધર્મપરાયણતા દાખવે છે, અને છેવટે ગૃહસ્થ તરીકેનીજ સ્થિતિમાં પૂર્ણ જ્ઞાન મેળવી અંતે આધ્યાત્મિક શાંતિ સંપાદન કરે છે. આ દેખીતી રીતેજ સ્વાભાવિક પ્રવૃત્તિધર્મ છે; પણ એમાં ક્યાંક ક્યાંક ચરિત્રલેખકોના સમયના વિકૃત નિવૃત્તિધર્મના રંગો પુરાઇ ગયા છે.

જિનસેન અને હેમચંદ્ર બંને ભરત પાસે આર્યવેદોની રચના કરાવે છે, બ્રાહ્મણ વગેરે ચાર વર્ણોની સ્થાપના કરાવે છે, અને બ્રાહ્મણનાં કુળકર્મો કરાવરાવે છે. આ પછી જિનસેન અને હેમચંદ્ર અજાયબી પમાડે એવી રીતે જુદે જુદે માર્ગે વિચરે છે. જિનસેનના કથન પ્રમાણે ભરતને બ્રાહ્મણ-વર્ણની સ્થાપના કર્યા પછી તેના ગુણ દોષ વિષે શંકા થાય છે. ને તે શંકા નિવારવા પોતાના પિતા ઋષભ તીર્થંકરને પ્રશ્ન કરે છે, ભગવાન ભરતને બ્રાહ્મણ વર્ણથી આવનાર ભાવિ દોષો વર્ણવી બતાવે છે. ને છેવટે આશ્વાસન આપતાં કહે છે કે જે થયું તે થયું એનાથી અમુક લાભ પણ થયો છે, ઇત્યાદિ. જિનસેનનો ભરતના સ્વાભાવિક જીવનને સંકુચિત નિવૃત્તિધર્મમાં ઢાળવાનો પ્રયત્ન જરાએ છુપો રહે તેવો નથી. પણ હેમચંદ્રનો પ્રયત્ન તો એથીએ ચઢી જાય તેવો નિરાળો છે.

હેમચંદ્ર જિનસેન પ્રમાણેજ ભરત પાસે બ્રાહ્મણ આદિ વર્ણની સ્થાપના, આર્ય વેદોની રચના વગેરે બધું કરાવે છે; પણ તેમણે પોતાના વર્ણનમાં જે કૌશળ દાખવ્યું છે તે બુદ્ધિ અને કલ્પનાપૂર્ણ હોવા છતાં પાછળા વિકૃત નિવૃત્તિધર્મની સાક્ષી પુરે છે. હેમચંદ્રના કથન પ્રમાણે ભરતે એક શ્રાવક વર્ગ સ્થાપ્યો, ને તેણે એ વર્ગને કહ્યું કે તમારે કામકાજ અગર ધંધો ન કરવો. ખેતીવાડી કે વ્યાપાર નોકરી અગર

[illegible]

[illegible]

ઉપર [illegible] સમાજનું મુરોપ નહિ [illegible] સમય [illegible] વર્ષ સ્થપાયો છે, અને [illegible] મહાગુપ્ત રહી [illegible] વધી ગઈ [illegible] પરંપરાથી [illegible] સાધુ સંસ્થાને જૈનોના ઉમેદવારો [illegible] નીકળતાં વાત છે. અને તે જૈન પરંપરામાં પરાપૂર્વથી ચાલતા નિવૃત્તિ-નિરતિધર્મની સૂચક માત્ર છે. [illegible]ના જૈન સમાજમાં ત્યાગી વર્ગ જે

નું લક્ષણ ધરાવે છે, જે સંસ્કાર પોષે છે, ને હિંસાને નિમિત્તે જે ...ડાઓ ઉભા કરે છે તેનાં મૂળો તો સેંકડો વર્ષ પહેલાં નંખાઇ ...લાં હતાં. હેમચંદ્રના સમયમાં પણ એ વિકૃતિઓ હતી. ફેર એટલોજ અમુક પરિસ્થિતિને કારણે તે વિકૃતિઓ ધ્યાનમાં આવી ન હતી ...ર કોઈએ તે તરફ લક્ષ આપ્યું ન હતું. જો એક વૈશ્ય છોકરાવાળો ...ખો વર્ગ કામધંધો છોડી પરાશ્રયી બની ધર્મ પાલન કરે એ ...ત્વિક હોય તો એમાં દોષ નજ આવવો જોઇએ. ખરી વાત એ છે જૈન પરંપરામાં ત્યાગી વર્ગે નિવૃત્તિધર્મની એકજ બાજુને જીવનની ...રી બાજુ માની તે વિષેનાજ વિચારો સેવ્યા અને પ્રચાર્યા. પરિણામે ...ઓ ગૃહસ્થ કે ત્યાગીના જીવનમાં અનિવાર્ય રીતે આવશ્યક એવાં કર્મો ...ને પ્રવૃત્તિનું મહત્વજ ભૂલી ગયા તેથીજ આપણે ભરતના સહજ ...વૃત્તિધર્મમાં વિકૃત નિવૃત્તિધર્મની છાપ વાંચીએ છીએ.

ભરતે રચેલ ઉપદેશમંત્રનો અર્થ એ છે કે, તમે જીતાયા છો, ...મારામાં ભય વધ્યે જાય છે, માટે તમે કોઇને ન હણો. કેવો સુંદર અને પારમાર્થિક સદા સ્મરણીય ઉપદેશ. પણ આ ઉપદેશ સાંભળવામાં અસંગતિ કેટલી! ઉપદેશનું તત્ત્વ વિચારનાર વેદપ્રણેતા ભરત પોતે. એને શબ્દમાં ઉતારનાર ભરત પોતે. પણ ભરતને પોતાનાજ વિચારનું ભાન રહેતું નહિ તેથી તે એક ભાડુતી અને અકર્મણ્ય પરાવલંબી વર્ગને મોઢે પોતાનાં રચેલ વાક્યો સાંભળવાનું પસંદ કરતો. આ બેહુદું નથી લાગતું? પણ આ વર્ણનમાં હેમચંદ્રનો લેશ પણ દોષ નથી. એ તો એક કલ્પનાસમૃદ્ધ અને પ્રતિભાસંપન્ન કવિ છે. તે પોતે જે સંસ્કારથી રંગાએલ ને જે સંસ્કારમાં પોષાયેલ છે તેનું કવિત્વમય ચિત્રણ કરે છે. આપણે એ ઉપરથી જો એટલું સમજી લઇએ કે નિવૃત્તિધર્મની એકદેશીયતાએ પ્રવૃત્તિધર્મને કેવો વિકૃત કર્યો. તો આપણે માટે બસ છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible] દષ્ટિ [illegible] માન પુરુષો નહિ તે. [illegible] નિર્ણય [illegible] કરે! જે વધારે અને ઉમ [illegible] અહિંસા [illegible] સંયમ પોતાના માર્ગે [illegible]

આ ઉપરાંત બાહુબળીના જીવનમાંથી એક ભારે મહત્વનો પદાર્થ-
ક આ પણ જૈનોને શિખવા મળે છે. તે એ કે બાહુબળીએ ભરત
પર મુઠી મારવા ઉપાડી, પણ તરતજ વિવેક જાગતાં એણે એ મુઠી
ધરથીજ પાછી વાળી. પાછી વાળીને પણ ખાલી જવા ન દેતાં એ
ઠી પોતાના મસ્તક ઉપરજ ચલાવી. તે એવી રીતે કે તે દ્વારા એણે
ાત્મઘાત ન કર્યો પણ અભિમાનઘાત કર્યો. એણે અહંકારની પ્રતિક
ની ચોટી ઉખાડી ફેંકી. આ ઘટનામાં કેટલું રહસ્ય ને કેટલો બોધ-
ાઠ! ખાસ કરી ધર્મને નામે લડતા આપણા ફિરકાઓ અને આપણા
ફરૂઓ માટે તો બાહુબલીનો આ પ્રસંગ પુરેપુરો માર્મિક છે.

બ્રાહ્મિ અને સુંદરી.

છેવટે આપણે આ બેનો વિષે થોડુંક વિચારી લઇએ. બ્રાહ્મિ અને
સુંદરી બને પાત્રો કાલ્પનિક હોય કે અર્ધકાલ્પનિક, પણ તે જીવનમાં
ભારે સ્ફુર્તિદાયક નીવડે તેવાં છે. એ પ્રાંતઃસ્મરણીય બેનોની બાબતમાં
ત્રણ મુદ્દા તરફ સૌનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું (૧) આજીવન કુમારત્વ
અને બ્રહ્મચર્ય (૨) ભાઇ ભરતની ઇચ્છાને વશ ન થતાં ઉમનપપૂર્વક
સુંદરીનો ગૃહત્યાગ (૩) બંને બેનો દ્વારા બાહુબળીને પ્રતિબોધ અને
એ પ્રતિબોધની તત્ક્ષણ તેના ઉપર અસર.

પિતા ઋષભ અને ભાઇ ભરત બાહુબળી વગેરેનાં લાંબાં
જીવન તથા તેમની આજુબાજુ સર્વત્ર પ્રવૃત્તિધર્મજ પ્રચલિત
હતો. એવા એ વાતાવરણમાં આ બને બેનોનું આજીવન
કુમારત્વ તેમજ નિવૃત્તિધર્મનું એકાન્તિક વલણ બહુ ઓછાં
બંધબેસતાં અને સ્વાભાવિક લાગે છે. તે સમયની સમગ્ર સમાજરચનામાં
તેમનું આ નિવૃત્તિમય જીવન તદન જુદી ભાત પાડે છે. જો એવું
જીવન તે વખતે શક્ય ન હોય અને ચરિત્રલેખકોના નિવૃત્તિમય
માનસિક સંસ્કારોનુંજ એ પ્રતિબિંબ માત્ર હોય તોયે, એ બેઉ બેનો
સહજ સરલતાને કારણે મહાસતી પદને યોગ્ય છેજ.

[illegible]

[illegible] છે।

[illegible] સુંદરી [illegible] સુંદરી અને [illegible]
[illegible] છે [illegible]
[illegible] પોતાને [illegible]
[illegible] સુંદરી [illegible]
[illegible] ઉઘડું છે [illegible] સુંદરી
[illegible] નથી [illegible]
નથી [illegible] કે સુંદરીનું ઉઘડું [illegible] નથી
[illegible] ઉઘડું [illegible] આંતરિક [illegible] અને [illegible]

મી-યમનો તેમજ સુંદરી-ભરતનો પ્રસંગ એ ભાઈ બેન વચ્ચેના લગ્ન
વ્યવહારની નીતિના અંતના પ્રસંગો હોય તેમ લાગે છે. પણ ઋગ્વેદના
યમીસૂક્તમાં નોંધાએલ પ્રસંગ કરતાં જૈન પરંપરામાં નોંધાએલ સુંદરી-
ભરતનો પ્રસંગ ઉભય પક્ષે સાત્વિક છે, કારણ કે પહેલા પ્રસંગમાં યમી
સાત્વિકતા ગુમાવે છે; જ્યારે બીજા પ્રસંગમાં સુંદરી અને ભરત બંને
સાત્વિકતામાં સ્નાન કરી તરબોળ થાય છે.

બાહુબળીને પ્રતિબોધ કરવાનો મુદ્દો અનેક દૃષ્ટિએ મહત્વનો છે. પહેલી વાત તો એ કે મહાન બળી તેમજ અભિમાની પુરૂષકેસરી, સાધુ-પ્રતિબોધનું લક્ષ્ય છે અને પ્રતિબોધ કરનાર બે અબળાઓ તેમજ દરજ્જામાં ઉતરતી સાધ્વીઓ છે. છતાં પ્રતિબોધનું પરિણામ અતિ આશ્ચર્યજનક આવે છે, બેનોની નમ્ર પણ નિર્ભય ટકોર ભાઈને સીધી રીતે હાડોહાડ સ્પર્શે છે. ને તે ક્ષણ માત્રમાં પોતાની ભૂલ જોઈ બીજીજ ક્ષણે તેનું સંશોધન કરી નાખે છે. શું આજ કાલના મુમુક્ષુ ધાર્મિક યુદ્ધમાં સપડાએલ ગૃહસ્થ કે સાધુ પુરૂષ વર્ગને તેમની ભૂલ સમજાવે ને સાચે સાચી આંખ ઉઘાડે એવી કોઈ વધારે નહિ તો કોઈ એકાદ બેન બ્રાહ્મિ સુંદરીનું સદા પ્રાતઃસ્મરણ કરનાર જૈન સમાજમાં છે? શું બ્રાહ્મિ-સુંદરીનું મહત્વ ગાનાર આખો અત્યારનો જૈન અબળા-સમાજ માત્રેજ સાહસ અને વિચારશૂન્ય બની ગયો છે! એમાં એક પણ એવું નારીરત્ન નથી કે જે ધર્મને નામે લડતા અભિમાની પુરૂષોની ભૂલના મર્મસ્થાનો સમજે અને તે તેમની સામે નિર્ભયપણે [illegible] એજ રીતે શું એવો એક પણ પુરૂષકેસરી સાધુરાજ નથી કે જે બાહુબળીના જેટલો અગ્રેસર હોય અને ભૂલ દર્શાવનાર પાત્ર કોણ છે એનો વિચાર કર્યા સિવાયજ, ભૂલ ને તો અને ભૂલજ છે એમ સમજી પોતાની ભૂલને કબુલે તેમજ તેનું સંશોધન કરી આધ્યાત્મિક અને સામાજિક વાતાવરણને નિરાપદ બનાવે? આપણે આજને પ્રસંગે

એવી આશા સેવીએ કે સમાજમાં બ્રાહ્મિ-સુંદરી જેવી બેનો પાં બાહુબળી જેવા પુરૂષો.

ઉપસંહાર.

લેખમાં રજુ થયેલ મુદ્દાઓ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે. ૧ ભ ઋષભ એ માત્ર જૈન પંથનાજ નહિં પણ આખી આર્ય જ ઉપાસ્ય દેવ છે. ૨. ભગવાન ઋષભે પ્રવર્તાવેલો ને આચરેલો પ્ર ધર્મજ વૈયક્તિક તેમજ સામાજિક જીવનમાં બંધબેસતો હોઇ જૈન ધર્મનું અસલી સ્વરૂપ છે. ૩ અત્યારના જૈન ધર્મની એ નિવૃત્તિની સમજ એ અધુરી હોઇ ઋષભના આદર્શે સંશોધન ! જેવી છે. ૪ આચાર્ય હેમચંદ્ર જેવાએ એવા સંશોધનની દિશા સુચવી છે અને આજના કર્મયુગમાંથી તો એ સ્પષ્ટપણે મળી શકે છે. ૫. ભરતના જીવનમાં પણ પ્રવૃત્તિધર્મનું જ સ્વાભાવિક સ્થાન પ્રસંગે પ્રસંગે જે વિકૃત ધર્મના ચિત્રો નજરે પડે છે, તે પાં વિકૃત જૈન ધર્મની અસર માત્ર છે. ૬. બાહુબલી ભરત ક ચડીયાતું પાત્ર છે તેણે નિશ્ચિત જીવને ટાંકણે પણ ત્યાગ દર્શાવી આદર્શ પૂરો પાડયો છે અને બેનોના ઉપદેશને નમ્રપણે ઝીલી એણે અનેકમુખી ભવ્યતા દાખવી છે. બ્રાહ્મિ અને સુંદરીનાં પ્રાતઃસ્મરણીય છે. તેમાંય સુંદરી એ બ્રાહ્મિ કરતાં અનેક રીતે સાત્વિકતા દાખવે છે. તેનું સૌંદર્ય વાસનાને વશ ન થવામાં છે.

ધર્મ અને સદ્ધર્મ.

(વક્તા—ધર્માનન્દ કોસંબી.)

ધર્મ શબ્દના સ્વભાવ અને કર્તવ્ય એવા બે મુખ્ય અર્થ છે. નુષ્યેતર પ્રાણીઓનાં કર્તવ્યો એ એમનો સ્વભાવજ બની ગયો હોય પક્ષીઓ માળા બાંધીને પોતાનાં બચ્ચાંનું સંગોપન આજે હજારો ર્ષોથી એકજ રીતે કરતાં આવ્યાં છે. હાથીનું ટોળું જંગલમાંથી પસાર તું હોય ત્યારે રક્ષણ માટે કેટલાક હાથીઓને ચૂંટવામાં આવે છે. આ હાથીઓમાંનો પણ કોઇ પોતાના કર્તવ્યનું બરાબર પાલન ન કરે તો બાકીના હાથીઓ તેને સારી રીતે શિક્ષા કરે છે. અને આમ કરવા તાં પણ જો તે સુધરે નહિ તો પોતાના ટોળામાંથી તેને કાઢી મૂકે છે. હાથીઓનો આ ધર્મ એ એમનો સ્વભાવજ બની ગયો છે આજે હજારો વર્ષોથી તેઓ આ પ્રમાણે કરતા આવ્યા છે. એમાં કશો ફેરફાર થયો નથી.

પરંતુ મનુષ્યના સ્વભાવમાં અને કર્તવ્યમાં સતત ફેરફાર થયાં કર્યો છે. અને તેથી જૂદે જૂદે કાળે મનુષ્યની ધર્મની કલ્પના બદલાયા કરી છે. મનુષ્ય જ્યારે એકલો વન્યાવસ્થામાં રહેતો હતો ત્યારે જેમ તેમ કરીને પોતાના કુટુંબનો નિર્વાહ કરવો એજ એનું કર્તવ્ય હોવું જોઇએ. પણ આમ કરવું જ્યારે આકરૂં પડવા માડ્યું ત્યારે મનુષ્યને સમાજ રચવો પડ્યો. પત્થર કે લાકડીની મદદથી શિકાર પકડવો એક માણસ માટે મુશ્કેલ છે. પણ જો દશ પંદર માણસો એકત્ર થાય તો એ શિકાર કરવો સહેલો થઇ પડે છે આવા સમૂહની વ્યક્તિઓ જો અંદર અંદર અવ્યવસ્થિત રીતે વર્તે તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ ન થાય અને વ્યવસ્થિત રીતે વર્તીને શિકાર મેળવે પણ જો તેની વહેંચણી વખતે અંદર અંદર

મારામારી થવા લાગે તો તેનાથી આખા સમુદને સુખ મળે નહિ આટલા માટે શિકાર કરતી વખતે અને ત્યાર પછી કેમ વર્તવું એ સંબં કેટલાક નિયમો અસ્તિત્વમાં આવ્યા અને તે તેમનો ધર્મ બન્યો

આવી કોઇ ટોળીને બીજી એવી જ કોઈ ટોળી સામે મળે તો બન્ ટોળીઓ વચ્ચે લડાઈ થાય એ સ્વાભાવિક છે આ લડાઇમાં જે ટોળીને પરાજય થાય તે ટોળીને વિજયી ટોળી તેનાં બાલબચ્ચાં સહિત બધાં મારી નાખતી. આ લોકોને જો જીવતા રાખવામાં આવે તો વિજય ટોળીએ મેળવેલ શિકાર આ લોકોને ખાવા આપવો પડે અને પોતાં ભૂખે મરવું પડે. અર્થાત્ જીત લોકોને જેતાઓએ મારી નાખવા એ ધર્મ બન્યો. કેટલીક ટોળીના લોકો તો પરાજિત ટોળીના લોકોનું માંર પણ ખાતા, અને એ પણ તેમનો ધર્મ બન્યો. તેમજ આગળ જત મનુષ્યમાંસની ગરજ ન હોવા છતાં નરમેધના સ્વરૂપે આ ધર ચાલુ રહ્યો.

આવી પરિસ્થિતિમાં જે ટોળીઓ ઘણી મોટી થઇ તે શસ્ત્રાસ્ત્ર તૈયાર કરવાની કળા શીખી શકી. પછી ધીમે ધીમે ધાન્યની શોધ થ તેમજ તેને પેદા કેમ કરવું તથા કેમ ગધવુ એ પણ સમજાવા લાગ્યું આટલું થતા અગાઉનો ધર્મ બદલાયો. બીજી ટોળીના લોકો શરણ આવે તો તેમને મારી નાખવાની જરૂર ન રહી. તેમને પકડીને નેમની પાસે મજૂરી કરાવવામા આવે તો તેથી આ સુધરેલી ટોળીન લોકોને વધારે સ્વાસ્થ્ય મળવા માડ્યુ અને તેથી દાસ્યની પ્રથ અમલમા આવી.

આ દાસોને કબજે રાખવા માટે, અને આસપાસની ટોળીઓથ રક્ષણ કરવા માટે ક્ષત્રિયોનો એક ખાસ વર્ગ ઉભો કરવો પડયો તેઓમા શિસ્ત જળવવા માટે રાજાની જરૂર હતી. તેથી રાજ ધર્મ ઉત્પન્ન થયો. બીજાઓની સાથે લડતી વખતે વિજય મેળવવા માટે દેવતાઓના આશીર્વાદ અત્યાવશ્યક છે એવી સમજણથી તેમની આરાધન

વા માટે એક પુજારી વર્ગ કે બ્રાહ્મણ વર્ગ ખાસ ઉભો કરવો પડ્યો.
। રીતે ચાતુર્વર્ણ્યની સંસ્થા ઉત્પન્ન થઇ અને એજ ધર્મ થયો.

નાના નાના દેશોમાં વારંવાર લડાઇઓ થવા લાગી, આથી વ્યવ-
સ્થામાં અડચણ ઉભી થઇ અને લોકો હેરાન થવા લાગ્યા. આ વખતે
ાર્વભૌમ રાજાની પ્રથા અમલમાં આવી. પચાસ રાજાઓ અંદર અંદર
ડ્યા કરે એ કરતાં આ બધા ઉપર એક ચક્રવર્તી રાજા હોય તો સારૂં.
ા વ્યવસ્થાથી બહુજન સમાજને સુખ શાંતિ મળ્યાં અને સાર્વભૌમ
ાજા દેવ મનાવા લાગ્યો. **ना विष्णुः पृथिवीपतिः** વગેરે વાક્યો આજ
સ્તુ બતાવે છે. પણ એક માણસના હાથમાં આટલી બધી સત્તા હોય
ે નૈખ્યમકારક છે. લોકોની સ્ત્રીઓને જે તે ઉપાડી જાય તો તેને તેમ
રતાં અટકાવવાનો કશો ઇલાજ નહોતો. આથી જનાનખાનાની પદ્ધતિ
ચલિત થઇ. બધીજ સ્ત્રીઓ અરક્ષિત રહે એ કરતાં હજાર બે હજાર
ત્રીઓને જનાનખાનામાં મોકલવી એ ધર્મ બન્યો. પણ આને પરિણામે
એક બીજી આપત્તિ આવી પડી.

આ સેંકડો કે હજારો રાણીઓને સેંકડો પુત્ર થતા અને સાર્વભૌમ
પદ માટે તેમનામાં અંદર અંદર ચડસાચડસી થતી. પરિણામે રાજ્યની
અવ્યવસ્થા થવા લાગી અને આવા ટંટો કરનારા ભાઇઓને મારીને
કોઇ એક માણસે રાજ્યપદ મેળવવું જોઇએ એવો ધર્મ અસ્તિ-
ત્વમાં આવ્યો.

ઉપરના વિવેચન ઉપરથી જણાશે કે મનુષ્યસમાજના વિકાસના
માર્ગમાં અનેક અડચણો ઉભી થઈ અને તે અડચણો દૂર કરવા માટે
સમાજે જે યુક્તિઓ કે કર્તવ્યો શોધી કાઢ્યાં તે ધર્મ મણાવા લાગ્યો.
હાલના જમાનામાં રાજાઓની અમર્યાદ સત્તા નષ્ટ કરવા માટે જે નવો
સંપ્રદાય નીકળ્યો છે તે દેશાભિમાનનો છે. આ અભિમાનને પરિણામે
યુરોપના રાજાઓની સત્તા સમૂળ નાશ પામી અને તેની જગાએ મધ્યમ

વર્ગનું વર્ચસ્વ પ્રસ્થાપિત થયું પણ તેને પરિણામે ઉલટું મહા યુદ્ધ થયું અને તેથી યુરોપની શાંતિ કેટલી જોખમાઇ છે તે કહેવાની જરૂર નથી.

કાઉન્ટ ટોલ્સ્ટોય કહે છે કે મનુષ્ય જાતિને સદ્ધર્મ શું તે બરાબર સમજાયું નથી. એ બાબત આ સર્વ વિપત્તિનું કારણ છે લગભગ ૧૯૦૦ વરસ પહેલાં ઇસુ ખ્રિસ્તે મનુષ્ય જાતિને આ સદ્ધર્મ બતાવ્યો. અગાઉનો ધર્મ એટલે 'આંખની સામે આંખ અને દાંતની સામે દાંત' એવા હિંસા ઉપર પ્રસ્થાપિત થએલ હતો. પરંતુ ખ્રિસ્તે જે જાતનો ધર્મ બતાવ્યો તે આ જાતનો:—

"હત્યા કરીશ નહિ, અને જે કોઇ હત્યા કરશે તે શિક્ષાને પાત્ર થશે એવું પ્રાચીન લોકોનું કથન તમે સાંભળ્યું છે, પણ હું તમને કહું છું કે, જે કોઈ પોતાના ભાઇ ઉપર ખીજાશે તે શિક્ષાને પાત્ર થશે... પોતાના પાડોશી ઉપર પ્રેમ કર, અને શત્રુનો દ્વેષ કર એ કથન તમે જાણો છો પણ હું તમને કહું છું કે, તમે તમારા શત્રુ ઉપર પ્રીતિ કરો અને જે તમને હેરાન કરે છે તેમને માટે પ્રાર્થના કરો."

ખ્રિસ્તે બતાવેલા આ માર્ગને ટોલ્સ્ટોય ખરો ધર્મ કે સદ્ધર્મ કહે છે. પરંતુ આ સદ્ધર્મ કંઇ ખ્રિસ્તેજ પ્રથમ સ્થાપિત કર્યો એવું નથી. હિંદુસ્થાનમાં વેદકાળની પહેલાં પણ અહિંસામાં માનનારા ઘણા ઋષિ-મુનિઓ હતા આ લોકો સમાજના ન રહેતા જંગલમાં રહેતા અને મોટે ભાગે ફળમૂળ ઉપર ગુજરો કરતા અહિંસા એ તેમની તપશ્ચર્યાનું મુખ્ય અંગ હતું તેમની આ અહિંસામાંથીજ જૈન અને બૌદ્ધ ધર્મ નીકળ્યા પ્રથમ પાર્શ્વ મુનિએ આ અહિંસાની સાથે સત્ય, અસ્તેય અને અપરિગ્રહ એ ત્રણ યામો જોડયા અને અહિંસાને વ્યવહાર બનાવી બહુજનસમાજમાં તે પ્રસાર કર્યો.

બુધ્ધે તો આ ધર્મનો એથી પણ વધારે વિકાસ કર્યો

> अक्कोधेन जिने कोधं असाधुं साधुना जिने ।
> जिने कदरियं दानेन सच्चेनालिकवादिनं ॥

ાથી ક્રોધને જીતવો, સાધુત્વથી ખલને જીતવો, કૃપણને દાનથી અને સત્યથી લુચ્ચાને જીતવો.) આ ઉપદેશનું સ્પષ્ટીકરણ બૌદ્ધ ાયમાં અનેક જગાએ આવે છે. તે બધાનો ઉલ્લેખ આ વ્યાખ્યાનમાં શકય નથી. તો પણ આ સંબંધમાં જાતકની એક નાની કહેવી યોગ્ય લાગે છે.

કાસલ દેશનો રાજા મલ્લિક બહુ ગુણી હતો બધા લોકો તેનાં ગુ કરતા. પોતાના રાજ્યના સામાન્ય લોકો પણ પોતાનાં વખાણ છે કે કેમ એ જાણવાના ઇરાદાથી વેશ બદલીને રથમાં બેસી તે ના રાજ્યમાં ફરવા નીકળ્યો. કાશી દેશનો બ્રહ્મદત્ત રાજા પણ જ ગુણી હતો. અને તે પણ પોતાની પ્રજાની માન્યતા સાંભળવા માટે બદલીને રથમાં બેસીને ફરતો હતો. આ બન્ને રાજાઓ સરહદ : એક સુકાઇ ગએલા વહેળાને કાંઠે સામસામા આવ્યા. બન્ને રથો ા સાથે જઇ શકે એટલો પહોળો રસ્તો ન હતો. એટલે મલ્લિક ાના સારથિએ બ્રહ્મદત્ત રાજાના સારથિને રથ બાજુએ લેવા માટે . પરંતુ બન્ને રથોમાં સમાનવયસ્ક રાજાઓ હોવાથી કોણ કોને ેા આપે એ પ્રશ્ન ઉભો થયો. આ પ્રશ્નનો નિકાલ શીલ ઉપરથી વો એમ ઠર્યું.

મલ્લિક રાજાના સારથિએ કહ્યું:—

> दळ्हं दळ्हस्स खिपति मल्लिको मुदुना मुदुं ।
> साधुंपि साधुना जेति असाधुंपि असाधुना ।
> एतादिसो अयं राजा मग्गा उय्याहि सारथि ॥

મલ્લિક રાજા દાંડ ઉપર દાંડાઇ કરે છે, મૃદુને મૃદુત્વથી, સાધુને સાધુત્વથી, ખલને ખલત્વથી જીતે છે. આવો અમારો આ રાજા (ગુણવાન) છે. માટે હે સારથિ, માર્ગમાંથી દૂર થા.

તેના ઉપર બ્રહ્મદત્ત રાજાના સારથિએ કહ્યું:—

अक्कोधेन जिने कोधं असाधुं साधुना जिने ।
जिने कदरियं दानेन सच्चेनालिकवादिनं ।
एतादिसो अयं राजा मग्गा उय्याहि सारथि ॥

(આ ગાથાનો અર્થ અગાઉ આવી ગયો છે.) આ સાંભળીને મ[illegible] રાજા રથમાંથી નીચે ઉતર્યો અને બ્રહ્મદત્ત રાજાને વંદન કરીને બો[illegible] "આજ સુધી હું મને પોતાને ધાર્મિક સમજતો હતો પણ ખરો [illegible] શું તે હવે મને સમજાયું. તમે મારા ગુરુ છો."

સદ્ધર્મનું સ્પષ્ટીકરણ કરનારી આ એક કથા છે. તે ઐતિહા[illegible] નથી. પરંતુ અશોક રાજાએ સદ્ધર્મ તરફ સતત દૃષ્ટિ રાખીને રા[illegible] શકટ કેમ ચલાવી શકાય તે પોતાના ઉદાહરણથી બહુ વિશદ[illegible] બતાવ્યું છે. "મારા રાજ્યમાં જે જંગલી લોકો છે તેમના ઉપર પ્રેમ કરું છું. તેમને પશ્ચાત્તાપ થાય એવી મારી ઇચ્છા છે. હું કહું કે, તેઓ પોતાનાં અકૃત્યો માટે શરમાય, અને (મારા રક્ષકો તરફ[illegible] શિક્ષાને પામે નહિ. કારણ હું બધા પ્રાણીઓનું સંરક્ષણ, સં[illegible] સમત્વ અને માર્દવ ઇચ્છું છું. આ જે ધર્મવિજય તેજ મુખ્ય વિ[illegible] એમ હું સમજું છું."

અશોકની આ પરંપરા આપણા દેશમાં ટકી નહિ. ફરી મારામાર[illegible] ધર્મે માથું ઉંચું કર્યું અને ગુપ્ત રાજાઓના સમ[illegible] "धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते" -યુદ્ધ કરવું એ[illegible] સદ્ધર્મ બન્યો. પરમેશ્વરના અવતાર પણ કોઇકનો સંહાર કરવા [illegible] થવા લાગ્યા! આવા ધર્મમાંથી લડાઈઓ અને લૂંટફાટ શરૂ થાય તો [illegible] શું આશ્ચર્ય? આ રીતે વીંખાઇ ગએલ સમાજની મુસલમાનો સામે સ્થિતિ થઇ એ ઇતિહાસ બતાવેજ છે.

ધર્મ તાત્કાલિક છે. અને સદ્ધર્મ તરફ દષ્ટિ રાખ્યા વગર જો તેનું
રણ કરવામાં આવે તો તુરત તેનું પરિણામ અધર્મમાં થાય છે.
સ. ૧૯૧૦-૧૧ માં હું અમેરિકા હતો તે વખતે ચોરીઓ અને
ઓનું કદી સાંભળ્યું નહોતું. ૧૯૧૭ માં અમેરિકાએ સામ્રાજ્ય-
ના રક્ષણ માટે લડાઇમાં પ્રવેશ કર્યો. લાખો માણસોને ફ્રાંસમાં
લવામાં આવ્યા. યુદ્ધ શાંત થયું પણ અમેરિકા ઉપર તો તેની અસર
જબર થઇ. આજે અમેરિકામાં ધોળે દિવસે ધાડો પાડવામાં આવે
મોટા ભાગનાં શહેરોમાં રાત્રે બહાર ફરવું લગભગ અશક્ય થઇ
ું છે. અને વિચારી લોકોને એમ લાગે છે કે યુરોપના યુદ્ધમાં
રિકા ઉતર્યું તે ઠીક નથી થયું. છતાં મુત્સદ્દી લોકો શસ્ત્રાશસ્ત્રના
ઉપર જ ભાવિ પ્રશ્નોનો નિકાલ લાવવા માગે છે!

આપણા હાથમાં શસ્ત્રો હોત તો આપણે પણ આજ ધોરી માર્ગ
કારી લીધો હોત. પરંતુ સુદૈવે આપણે શસ્ત્રસન્યાસ કરી ચૂક્યા
એ અને તેથી આપણે મહાત્મા ગાંધીજીનો અહિંસાત્મક માર્ગ સ્વી-
રવો પડ્યો. પરંતુ તેમાં પણ ખરી શ્રદ્ધા કેટલા લોકોમાં હતી!
ટલી આપણી શ્રદ્ધા હતી તેટલા પ્રમાણમાંજ આપણને યશ મળ્યો.

(The nation succeeded to the exact extent of
s success in the programme of action laid down
1920.–Harijan, September 4, 1937.)

આપણી સ્ત્રીઓ ઉપર જો કોઈ બદમાશ હલ્લો કરે તો તેનો
નિકાર કરવો એ આપણો ધર્મ છે. પણ તે સદ્ધર્મ નથી. હિંદુ-મુસ-
લમાનનું હુલ્લડ થાય તો તત્કાળ તેને શાંત કરવું એ સરકારનો ધર્મ
છે. પણ તે ધર્મ કાયમ રાખવા માટે અને સરકારનું અસ્તિત્વ જાહેર
કરવા માટે જો આવાં હુલ્લડો ચાલુ રાખવામાં આવે તો ધર્મમાંથીજ
અધર્મ ઉત્પન્ન થવાનો. અહીંકે અંગીકારેલો સદ્ધર્મ જો આપણી આધુ-

નિઃસ્વાર્થ નજર સમક્ષ રાખશે તો થોડા સમયમાં તેમને શસ્ત્રાસ્ત્રોનો ઘણો ઓછો ઉપયોગ કરવો પડશે આજના જગતના મોટા દેશો ખ્રિસ્તનો અને બુદ્ધનો ધર્મ માનનારા વધારે દેશો છે. આમ છતાં જુઓ કે, બૌદ્ધ અને ખ્રિસ્તી રાષ્ટ્રોમાં કેવાં યુદ્ધો થાય છે? આ બધાનું મૌલિક કારણ લોકોને અને ખાસ કરીને મુત્સદ્દીઓને સદ્ધર્મનું સાચું ભાન નથી. કેવળ તાત્કાલીન ધર્મથી તેઓ આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો નિકાલ લાવવા માગે છે. અને તેનું પરિણામ અંતમાં મરણમાં થાય છે.

નિરપાગે પણ આપણામાં સદ્ધર્મનું ભાન ઉત્પન્ન થયું છે અને તેનો વિકાસ કરવો એ આપણું કર્તવ્ય છે આપણા કોંગ્રેસના નેતાઓએ તેને ગતિ આપવી જોઈએ, અને બીજાઓએ તે માર્ગે જઈને તેની ઉન્નતિ કરવી જોઈએ કંઈ નહિ તો જૈનો અને બૌદ્ધોએ તો પોતાનું આ પ્રમુખ કર્તવ્ય ભૂલવું જોઈએ નહિ.

જીવન અનેકાંત.

(વકતા—શ્રી. દરબારીલાલજી સત્યભક્ત.)

મારા ભાષણનો વિષય સાંભળી આપને આશ્ચર્ય થશે 'મનુષ્ય અને પ્રાણિનાં જીવન મરણ તો સંભવે પણ શું સિદ્ધાંત પણ જીવી મરી શકતો હશે ?' જેમ આત્મા અમર મનાય છે, તેમ બેશક સિધ્ધાંત પણ અમર છે આપણે આત્મા છીએ માટેજ અમર છીએ. પરંતુ આત્મા આત્મરૂપે અમર છતાં જ્યારે આપણે માનવી હોઇએ ત્યારે જીવીએ મરીએ છીએ. અનેકાંતમાં પણ એમજ છે, સિદ્ધાંત સ્વરૂપે અનેકાંત અમરજ છે. પરંતુ જ્યારે એ વ્યવહારમાં પલટાય છે ત્યારે એનાંય જન્મ મરણ નિપજે છે એટલુંજ નહિ પણ આપણી માફક રોગો પણ એને થઇ આવે છે. ક્યારેક એને તાવ આવે છે. તાવ બે રીતે જણાય છેઃ એક તો ગરમી વધે છે, બીજું મ્હોં કડવું થઇ રહે છે. અનેકાંતને તાવ આવે છે ત્યારે આ બે લક્ષણો જણાય છે. જે અનેકાંતના સ્પર્શે શાંત થવાનું અને કલહ બુઝનો એજ અનેકાંત તાવ આવતાં તપવા લાગે છે. એનો તાપ ત્યારે અસહ્ય બને છે અને તાવના સિધ્ધાંતાનુસાર એ તાવવાળા અનેકાંતને દુધ જેવા સ્વાદિષ્ટ સિધ્ધાંત પણ કડવા જણાય છે. એ સ્થીતિમાં એ કોઇ વાત સારી નથી ગણતો. આનાં દૃષ્ટાંતો જૈન નાયકોના ગ્રંથોમાં આપને ડગલે ડગલે જણાશે તમામને કડવાં ગણી 'થુથુ' કરવામાંજ એમણે જૈનત્વનું ગૌરવ માન્યું છે.

ક્યારેક અનેકાંતને સન્નિપાત પણ થાય છે. એ વેળા એનામાં ઉન્માદ પ્રવેશે છે. ઉન્માદાવસ્થામાં દિવાનો જેને જુએ તેને ગાળો દે છે, એમ સન્નિપાતિ અનેકાંત હાથ લાગે તેનું ખંડન કરે છે ત્યારે સત્યાસત્યનો વિવેક એનાથી જળવાતો નથી

ક્યારેક અનેકાંતને મંદાગ્નિ લાગુ થાય છે. મંદાગ્નિમાં અનાજ પચે નહી અને દસ્ત થયાજ કરે. અનેકાંતને મંદાગ્નિ થાય છે ત્યારે કોઈ નવો સિદ્ધાંત કે નવો વિચાર એને પચતો નથી જે અનેકાંત ગ્રહણ એકેક મતોના સમન્વયને પોતાનું ધ્યેય ગણાવે. એ સમન્વયનેજ એનો પ્રાણ ગણી શકાય—એ અનેકાંત ન્હાનુંશું પરિવર્તન ન પચાવી શકે ત્યારે સમજવુંજ રહ્યું કે એને મંદાગ્નિ થઈ છે

ક્યારેક અનેકાંતને બાદી પણ થાય છે બાદીમાં શરીર ફુલે—ચર્બી વધે પણ તાકાત ન આવે. પોતાનું વજન ઉંચકવુંજ મુશ્કેલ પડે, ત્યાં બીજું કામ શું થાય અને બીજાનો ભાર પણ શી રીતે ઉંચકાય ! જ્યારે આપણા જીવનમાં ક્રિયાકાંડનો બોજો વધી જાય, આપણા વર્તનમાં ક્રિયાકાંડના કારણે એક પ્રકારનો સોજો ચઢે ત્યારે આપણે પોતાની જાતને અને બીજાને ભારરૂપ બનીએ છીએ અને એમાં ચેતન નથી જણાતું.

ક્યારેક અનેકાંતને 'ભસ્મક' રોગ થાય છે. ભસ્મકમાં માનવી જે ખાય તેને ખાવા લાગી જાય છે, પણ એથી એના શરિરને એકાદ રસકણ પણ સાંપડતુ નથી અનેકાંતને એ રોગ લાગુ પડે છે ત્યારે એ મિથ્યાત્વ બને છે, વિવેકહિન બને છે; બધુ સગ્રહે પણ કંઈ પચાવે નહિ, એને લાગે કે અનેકાંતના ધ્યેયની સિમા આવી, પણ વાત એથી ઉલ્ટી હોય છે, નિરોગ અનેકાંતને વિવેકની સિમા છે જ્યારે આ રોગીષ્ટ અનેકાંત અવિવેકની સિમા છે. ભલા લોક આનો ભેદ સમજતાં નથી.

આપણી માફક જીવનાન્તે અનેકાંત પણ વૃદ્ધ બને છે. વૃદ્ધાવસ્થામાં અનુભવ વિશાળ હોય, વાતો પણ ખૂબ થાય, માથુંય ઘણું હલાવાય પણ થઈ કંઈ ન શકે. એટલુંજ નહિ પણ વૃદ્ધાવસ્થા બીજાને પણ કંઈ કરવા દેવા નથી માગતી—જાણ્યે અજાણ્યે એ બીજાને ઘરડાં બનાવી મૂકે છે વૃદ્ધ અનેકાંત પણ પ્રગતિ વિરોધક હોય છે. એમાં પંડિત્ય હોય છે પણ અમલી યૌવન જણાતું નથી. જીવનના ઉલ્લાસના સ્થાને

યુની છાયા એના પર અંકિત થઇ હોય છે. વૃદ્ધાવસ્થા પછી અને-
તનું મૃત્યુ થાય છે—ત્યારે એનાં ગુણગાન થાય છે, એની પૂજા કરાય
પણ કોઈ એને સમજતું કે પાળતું નથી મૃત્યુ પામેલાં માનવીઓ
દે આપણે એમ જ કરીએ છીએ ને એમને યાદ કરીયે છીએ, એમને
ખણીએ છીએ પણ એમનો ઉપયોગ નથી કરી શકતા અને એ ભૂત-
ળના હોવાના કારણે બરાબર સમજાતાં પણ નથી. કેવળ એ અંધ
ણગાનના વિષય રૂપજ રહે છે. આમ આપ વિચારતા જશો તો અને-
ાંતમાં આવી અનેક બીમારીઓ જોઇ શકશો. મારે તો એ બતાવવું
ે કે જીવંત અનેકાંત હોય તો કેવો હોય! એનું શું પરિણામ આપણા
વન પર હોય!

અનેકાંતમાંથી સાંપડતી પ્હેલી વાત સર્વધર્મ સમભાવ કે સમન્વયની
છે. અનેક ધર્મો જીતાસુ વૃત્તિ અને અવિરોધ રૂપે જ્યાં એકત્ર બને ત્યાં
અનેકાંત હોય છે. જૈન ધર્મ માને છે કે જગતના તમામ ધર્મો કોઈને
કોઇ દષ્ટિબિંદુ લઇને ઉદ્દભવ્યા છે કોઇ ધર્મમાં કાંઇ ખોટું હોય તો
એટલુંજ છે કે એ બીજા ધર્મોના દષ્ટિબિંદુનો સમન્વય કરવાની કોશિષ
નથી કરતાં. મારે દુઃખથી કહેવું પડે છે કે અનેકાંતને મૂળ ધ્યેય
બનાવીને ઉત્પન્ન થએલો જૈન ધર્મ અનેકાંત દષ્ટિને સૌથી વધારે
ખંડીત કરે છે. આજના સંકુચિત બનેલા જૈન ધર્મમાં બીજા ધર્મોના
પ્રમાણમાં સર્વ ધર્મ સમભાવને માટે સૌથી ઓછી જગ્યા છે. અનેકાંત
જીવંત હોત તો આજ જૈન ધર્મે બીજાં ધર્મો વચ્ચે સંધિ કરી હોત
દૂરદૂર પડેલા અન્ય ધર્મો વચ્ચે પૂલ બની શકયો હોત. આજે તો સર્વ
ધર્મ સમભાવની વાતને આપણે ધૃણાથી જોઇએ છીએ. એમાં આપણા
મિથ્યાત્વની રક્ષા કલ્પીયે છીએ. સર્વધર્મ સમભાવની વાત બાજુએ

મુકીએ અને જોઇએ કે આપણા શ્વેતાંબર દિગંબર જેવા ઉપસંપ્રદાયોને સમન્વય કરવાની તાકાત પણ આપણામાં ક્યાં નથી છે? અનેકાંત જ્યાં હોય તો શું દિગંબર શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાય જન્માવ્યા! કે સંપ્રદાયોની વિશેષતાઓ તો જરૂર હોય પણ એના ઉપર સંપ્રદાયો ન બન્યાં હોય, પ્રભુ મહાવીર નગ્ન રહેતા અને કેટલીની કોટીના એમના શિષ્ય વસ્ત્ર પરિધાન કરતા. આમ દિગંબર શ્વેતાંબર તો ત્યારેય હતા પણ એમનો સંપ્રદાય જુદો ન હતો. એ વ્યક્તિગત રૂચાનો પ્રશ્ન હતો. જેને દિગંબર રહેવું ગમે તે દિગંબર રહે. જેને વસ્ત્રપરિધાન કરવાં હોય તે વસ્ત્ર પરિધાન કરે

એ વેળા મૂર્તિપૂજાનો પ્રશ્ન પણ નહતો. ત્યારે મહાવીર સ્વામિએ જૈન ધર્મની સ્થાપના કરેલી એટલે એમની મૂર્તિઓ તો એ વેળા ક્યાંથી કેમ શકે? આજ આપ ભલે એમની સોના ચાંદીની મૂર્તિઓ ઘડાવો, એ મૂર્તિને સારૂ રત્નજડીત સિંહાસન બનાવો, પરંતુ એ વેળા તો એમને માટે ઓટલો પણ મુશ્કેલ હતો. તમામ ક્રાંતિકારી સુધારકોની જેમ એમનો માર્ગ પણ કાંટાળો હતો. એવે વખતે મૂર્તિપૂજાનો પ્રશ્ન જ કેમ થઇ શકે? છતાં એ વેળા સ્થાનકવાસી સંપ્રદાય ન્હોતો. દ્રવ્યક્ષેત્ર કાળભાવ અનુસાર મૂર્તિપૂજાની આવશ્યકતા હતી, ત્યારે એ દાખલ થઇ. પણ આવી માન્યતાઓને સાંપ્રદાયીક સ્વરૂપ શા સારૂં આપવું? જીવંત અનેકાંત દ્રવ્યક્ષેત્ર કાળ ભાવને નજર ભૂલાવે. એ તો બે.જના સમજીને નિર્ણય આપે, પછી ભલે કોઇ મુર્તિ પૂજે ન પૂજે, વસ્ત્ર પ્હેરે ન પ્હેરે, સામયિક કરે કે સંગીત ગાય એનો સંપ્રદાયથી કાઇ સંબંધ નથી, એક ઘરના બે માણસની રૂચી જુદી હોઇ શકે. એમની રૂચી અનુસાર બન્ને કામ કરે, છતાં એમાં વિરોધ

થાય: સંપ્રદાય ભેદ નહિ હોય, જીવંત અનેકાંતનો એ પ્રભાવ છે. પણ
હો ત્યાં આજે શું ચાલી રહ્યું છે ? બુધવારે કે ગુરૂવારે સંવત્સરી ઉજ-
ના મતભેદ પર એક બીજાનાં માથાં ફોડી શકાય છે અને અભિમાન અને
ત્વની એમાંથી સામગ્રી શોધીએ છીએ. ધર્મના નામે અધર્મ આચરી
એ છીએ. આપને આમાંથી જીવંત અનેકાંત તો શું પણ એનું મુર્દું
નહિ જડે

જીવંત અનેકાંતનો બીજો ગુણ છે એની વૈજ્ઞાનિકતા. સર્વજ્ઞતાના
દમને ડારવાનું દિવ્ય ઔષધ અનેકાંતવાદમાં છે. થોડાક સત્યને મેળવીને
ારે માનવી સર્વજ્ઞતાનો ડોળ કરે છે અને કાંતો પોતાના પૂર્વજોમાં અપૂ-
તા માની બેસે છે ત્યારે અનેકાંત એના ભ્રમના ભૂકકા કરે છે. કોઇ પ્રશ્ન
રે શું સત્ય આટલુંજ છે? તો મક્કમતાથી અનેકાંત જવાબ દે છે 'નેતિ
તિ!' પછી સર્વજ્ઞતા કે સંપુર્ણતાનો ઘમંડ કેમ ટકી શકે ? પછી
ક્ષપાત કે અંધ શ્રધ્ધાને સ્થાન ક્યાં ? આવે વખતે માનવી સાચો
જ્ઞાસુ અને નિષ્પક્ષ વિચારક બને છે વિજ્ઞાનનું આ મૂળ છે. ઘણા
ધુઓ ધર્મના નામે પોતાનો અહંકાર સંતોષવા મારી કુટીને વૈજ્ઞાનિક
ોધોના આધારે પોતાના ધર્મના સિદ્ધાંતોને સિધ્ધ કરવા પ્રયાસ કરે
છે. કહે છે 'વિજ્ઞાન અમારા ધર્મનું અનુકરણ કરી રહ્યું છે.' આવી
વાતોથી આત્મવંચના થાય છે અને રૂઢીપ્રેમી પ્રજા ખુશ રહે છે—નાખુશ
બને છે ભગવાન સત્ય, દરેક ધર્મ એના સમયમાં વૈજ્ઞાનિક ધર્મ હોય છે
તેમ જૈન ધર્મ એ સમયનો વૈજ્ઞાનિક ધર્મ છે ધર્મ સંસ્થા એ સામા-
જિક ક્રાન્તિ છે. ક્રાન્તિ કરવા જે વિચાર પરિવર્તન જરૂરી હોય છે તે
બુધ્ધિવાદ વિના અસંભવ છે અને એજ એની વૈજ્ઞાનિકતાનો આધાર

છે. એટલે જ જૈન ધર્મ વૈજ્ઞાનિક છે. છેલ્લાં અઢી હજાર વર્ષમાં મને ઘણું મેળવ્યું છે જેથી અનેક જુની માન્યતાઓ નિર્મૂલ બની ગઈ વિકસી છે, ત્યારે આપણી ફર્જ છે કે એને એ પ્રમાણે સુધારો કરવો, પ્રાચિનતા પર ચોંટી રહેવું બીનજરૂરી આપણો અનેકાન્ત જીવંત હોત તો આપણે વિજ્ઞાનનું સ્વાગત હોત. જ્યારે આઇન્સ્ટાઇને એનો આપેક્ષવાદ જાહેર કર્યો ત્યારે જૈનોનો અનેકાનવાદ માનીને ઘણા જૈનો વગર સમજ્યે કૂદવા લાગ્યા હોતા, અને જ્યારે વિજ્ઞાનથી જૂની માન્યતાઓ તુટવા લાગી વિજ્ઞાનને ગાળો દેવા લાગ્યા. જીવંત અનેકાંત આટલો બીરુ, અ પક્ષપાત નથી. નિર્ભય રહી એ વિચારે છે, નવિન હોય છતાં એ સ્વીકારે છે અને જૂના હોય છતા અસત્ય કે અકલ્યાણકારી તેને છોડે છે.

મારૂં કહેવુ એમ નથી કે દરેક નવા વિચારને વિજ્ઞાન છે સ્વીકારી લેવા વિચારીને વિવેકથી તપાસીને પરીક્ષા કરીને સાચું તેજ સ્વિકારવું. આપની ચોક્કસ માન્યતાઓને જ વળગી ન શાસ્ત્રના નામે કોઇ યોગ્ય વિચારનો વિરોધ ન કરો આટલું પ આપની સંપ્રદાય વૃત્તિને સ્થાને સત્યભક્તિ પેદા કરશે.

આ સત્યભક્તિ આપનામાં પેદા થશે પછી ગાડરીઆ વૃત્તિને નહિ પણ કલ્યાણકારી ધર્મ સમજાશે, જે આચાર વિચાર સજોગોને પ્રતિકુળ હશે તે આપ બદલી શકશો. અનેકાન્ત જીવતો તો આપની બુદ્ધિ દામન્ત નહિ સ્વિકારે અને ઘડી ઘડી સાધુઓન સ્હામે આપને તાકવાનું નહિ રહે, અને વેશધારીને સાધુ આ

નો. આજના સાધુઓ તેમના અહંકારને પોષવા આપનો સૈનિકો કે ઉપયોગ કરે છે–અને સૈનિકની માફક આપ એ આજ્ઞા ઉઠાવો છો. પ આજ્ઞા ઉઠાવો છો તે રૂઢી અને અંધશ્રદ્ધાની દૃષ્ટિએ બરાબર હશે શુ આત્મશુદ્ધિમાં કંઇ ઉપયોગી નથી, કારણ કે ખુદ સાધુ કહેવડાવ-રાઓમાં પણ આત્મશુદ્ધિનો અભાવ છે.

હું સાધુઓને ન સાંભળવાની આપને ભલામણ કરતો નથી. સહુને ાંભળો અને નિષ્પક્ષતાથી, દેશકાળનો ખ્યાલ રાખીને આપ વિચારો મેમ માગું છું. પ્રવાહમાં ન તણાતાં લાભાલાભનો જરૂર વિચાર કરજો.

આ વિવેકબુદ્ધિ પરિવર્તનની જરૂરીઆત આપને સમજાવશે. મૂળ ત્વો તો તોય રહેશે પણ એનું રૂપ સાચું, મોટું, સુંદર બની જશે. સાધુ શ્રાવક તો તોય રહેશે, પણ વેશપરિધાનમાંજ સાધુતાનું મહત્વ નહિ મનાય, પણ મ્હેં અગાઉ કહ્યું હતું તેમ ઓછામાં ઓછું સમાજ પાસેથી લઇને વધારેમાં વધારે આપનાર સાધુ ગણાશે–પછી ભલેને એ કોટ કે પ્હેરણ પ્હેરતો હોય, મુહપત્તિ બાંધે કે ન બાંધતો હોય, ભીક્ષા માંગે કે મજુરી કરતો હોય, ઘરમાં રહે કે બહાર રહેતો હોય. આજે તો આપણે સુધારક હોઇએ છતાં પ્હેરણ ટોપી પ્હેરનારને અસાધુ અને ઓઘો મુહપત્તિ રાખનારને સાધુ કહી દઇએ છીએ, વિવેક બુધ્ધિ સજીવન થશે તો એમ નહિ બને, ત્યારે જીવંત અનેકાંતનાં આપણે દર્શન કરશું.

એ વખતે આપણે સમજીશું કે સાધુ તો શું પણ અર્હંત કે કેવળી પણ ઘેરઘેર હોઇ શકે છે અને જગત્ સુવ્યવસ્થિત ચાલી શકે છે. આજે તો આપણે સાધુતાની એક એવી એકાંત વ્યાખ્યા પકડી છે કે જેને સૌ

એ મુજબ વર્તે તો દુનિયા વીસ પચ્ચીસ વર્ષમાં ખતમ થાય. પ
અનેકાંત દ્રષ્ટિ સ્વીકારીને સાધુત્વ એક રૂપમાંજ ન રહે અને વેશ, કે
ત્યાગ એજ એનાં લક્ષણો છે એ માન્યતા આપણે નહિ સ્વીક
ત્યારે ઘરઘરમાં કુર્માપુત્ર સરખા કેવળી આપણે જોઇ શકશું. જે
ઘરમાં રહીને, ઘરકામ કરીને, વ્યાપાર ધંધા મજુરી કરીને પણ વીત
જીવન એટલે કે નિસ્વાર્થ જીવન વિતાવતા હશે. આવા કરોડો કે
છતાં જગતની ગતિ અટકશે નહિ અને શુન્યતા છાશે નહિ પણ સ
શાન્તિ પ્રસરશે. એવા શાન્ત સંસારની સમક્ષ સ્વર્ગની કલ્પનાઓ
લાગશે. ત્યારે ધર્મ શુષ્ક નહિ હોય, કાગ ગરો નહિ હોય, અર્થ
ગિક નહિ હોય-ત્રણેનો સુંદર સમન્વય થયો હશે અને એનું જ ન
મોક્ષ હશે આ સંભવીત ત્યારે જ છે કે જ્યારે અનેકાંત સંપૂર્ણ જીવંત

આપને વિનંતી કરૂં છું કે આપણે લડવું હશે તો કારણો
જડશે. પણ ધર્મને તો આપણે એનું નિમિત્ત ન જ બનાવીએ. સંસા
દુ:ખ ઓછા નથી-એ દૂર કરવામાં ધર્મનો ઉપયોગ કરો. જે કો
વ્યક્તિને જ સ્પર્શે છે, બીજાના અધિકારોને જેથી હાનિ નથી એ
વિષયમાં એને સ્વતંત્ર રહેવા દો અને એનાજ દષ્ટિબિંદુથી એને વિચ
રવા દો. આપને રૂચે તે બધાને રૂચવું જ જોઇએ અને ન રૂચે તો
મિથ્યાત્વી છે એ ભ્રમમાં ન રહેશો.

ફક્ત આપણે હિંસા, જૂઠ, ચોરી વિગેરે અનાચારોનો સામનો કર
જોઇએ. દર્શન, ઇતિહાસ, ભૂગળ વિગેરેમાં સ્વતંત્ર વિચાર કરવા જોઇએ
એવા વિચારકોને વધામણાં દેવાં જોઇએ, માદમ કરીને કોઇ વિકા

ાપની સમક્ષ સ્વતંત્ર વિચારણા રજુ કરે તો એ રૂઢીગત નથી માટે
નો અહિષ્કાર કરવાને બદલે ગંભીર રીતે એની વાત વિચારવી જોઇએ.
મ નહિ કરો તો કોઈ વિદ્વાન આપણામાં પાકશે નહિ અને પાકશે તો
ાપણામાં રહેશે નહિ, અનેકાંતનાં ગાન ગાવાથી કે એને પૂજવાથી એ
જીવંત નહિ થાય જીવનમાં ઉતારશો તો એ જીવશે બસ આપ એજ
રો-ખૂબ ઉદાર બનો, વિચારક બનો, નિષ્પક્ષ ને સમભાવી બનો,
ામ નહિં, ગુણની પૂજા કરો અને આપનો અનેકાંત જીવતો થશે. આપ
અનેકાંતને જીવતો કરો એ આપને જીવતા કરશે.

જૈનો અને અહિંસાતત્ત્વ.

(વક્તા—શ્રી. રમણિકલાલ મગનલાલ મોદી.)

જૈન યુવક સંઘ તરફથી પર્યુષણપર્વ નિમિત્તે વ્યાખ્યાનમાળાનો જે ઉપક્રમ થયો છે તે જનસમુદાયને અનેક રીતે લાભદાયી છે. આ દિવસો જૈન-પરંપરામાં પવિત્ર, સંયમની વૃદ્ધિમાં મદદ કરનારા અને મંગળ ચિંતન પ્રેરે એવા મનાયા છે. જેમ શ્રાવણ માસમાં ભાગવત, રામાયણ કે મહાભારત વંચાય છે તેમ આ દિવસોમાં ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર માધુઓ વાંચે અને શ્રાવકો સાંભળે એવી રૂઢિ છે. કલ્પસૂત્રનો પાઠ વંચાય છે. દાન, તપશ્ચર્યા-ઉપવાસ અને સાંવત્સરિક પ્રતિક્રમણ થાય છે. એ રૂઢિથી આ યોજના જુની ઢબની છે, પણ આમાં વિચાર, ચિંતન અને તેના પરિણામે ઉત્પન્ન થતો આચાર યોજવાનો ઉદ્દેશ છે—પ્રાચીન વારસાને ઉજ્વલ કરવાનો, તેજસ્વી બનાવવાનો હેતુ જણાય છે. આજના સમયને અનુકૂળ આવે એવી રીતે ધર્મનો વ્યાપક રીતે વિચાર કરવા અને જીવનના પ્રશ્નોને કેવી રીતે સમજવામાં આવે તો જીવન મંગળ સુખપ્રદ થાય એનો વિચાર કરવાની આમાં યોજના છે. યુવકસંઘે વિષયસૂચિ તૈયાર કરેલી છે તે પરથી સંતચરિત્રોનું અભ્યાસપૂર્વક ગુણ ચિંતન, જૈન તત્ત્વજ્ઞાન અને બીજા દર્શનોનો તુલનાત્મક અભ્યાસ, અને એના પરિણામે આજના જે પ્રશ્નો સમાજ પાસે ઉકેલ માગે છે એ પર સ્પષ્ટ વિચાર કરી કેવું વલણ લેવામાં આવે તો વ્યક્તિ અને સમાજ મંગલ, સંતોષી, ઉત્સાહી, ધૈર્યયુક્ત અને નિર્ભય જીવન ગાળી શકે એ વલણ-એટલું આ પવિત્ર દિવસોમાં આપણે બધાએ કરવાનું છે. **મિત્તી મે સવ્વભૂએસુ** એવી મૈત્રીયુક્ત ભાવનાને પરિણામે નવા વર્ષ માટે જીવન વિચારમય અને વિવેકયુક્ત બને એવો નિર્ધાર આ યોજના પાછળ હોય એમ સમજાય છે.

જૈનો અહિંસાતત્વને એક પ્રધાન અંગ માને છે. જે મહાપુરૂષે આ હિંસામય જગતમાં અહિંસા જોઈ જીવનમાં પ્રગટાવી તેમને હજારો વંદન. વિજ્ઞાનની એરોપ્લેન, રેડિયો આદિની મોટી શોધો કરતાં આ શોધ જરાયે ઉતરતી નથી, પણ ચઢિયાતી છે. તેથી-અહિંસાનું સ્વરૂપ સમજવાની, તેની શક્તિ શોધવાની અને પ્રગટાવવાની જરૂર છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ પ્રકારના જીવોને પોતે હણવા નહિ, બીજા પાસે હણાવવાં નહિ અને હણતાને અનુમોદવું નહિ એવું સૂત્ર છે. આખા વિશ્વ સાથે મૈત્રી કરવાનો–પ્રેમ કરવાનો આ ધર્મ છે. પણ એ મૈત્રી કેમ સધાય, એની શરૂઆત ક્યાંથી કરવી, કેમ કરવી, હમેશાં વિશેષ સંબંધો કોની કોની સાથે આવે છે એ ન સમજ્યાથી અહિંસાનું સ્વરૂપ વિસારે પડી ગયું છે અને વિકૃત પણ થયું છે. નાના જીવોને બચાવવા અને મોટા જીવોને મારવા એવું જૈનો વિષે બીજી સમાજોમાં સાંભળવામાં આવે છે. મચ્છર માંકડ, કરોળિયા ઇયળ કીડી મંકોડા વગેરે જંતુઓની રક્ષા કરવી; કંદમુળ ન ખાવાં, રાત્રી ભોજન ન કરવું એમાં જૈન અજૈનનો ભેદ સમજવામાં આવે છે. આ અહિંસાના વિચારનો વિપર્યાસ છે. અહિંસા એ હૃદયનો ગુણ છે. પ્રેમ–મૈત્રી–કરૂણા–નિર્ભયતા એ ગુણોના વિકાસ સાથે થતો આચાર એ અહિંસાનું પાલન

અહિંસા એવો નિષેધાત્મક શબ્દ વિચારપૂર્વક યોજાયો છે. એક જીવ બીજા જીવનું ભક્ષણ કરીને જીવે છે. નાના જંતુઓ એક બીજાનો આહાર કરે છે. ધરોળી જીવડાનો શિકાર રોજ કરે છે. વરૂ બીજા જીવોને મારી ખાય છે. બિલાડી ઉંદર વગેરે બીજા જીવોને મારે છે. આ પ્રાણી જગતનો નિયમ સંભારીએ તો મનુષ્ય જગતમાંયે 'બળિયાના બે ભાગ,' 'શેર માથે સવા શેર' ની કહેવત સામાન્ય થઇ પડી છે. Survival of the fittest (યોગ્યતમનો ટકાવ) એ વૈજ્ઞાનિક સૂત્રને આધારે સામાજીક શાસ્ત્ર, નીતિ શાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના નિયમો ઘડાના

ચાલ્યા છે. બલિષ્ઠ રાજ્યો નાના રાજ્યોને હડપ લઇને ગળી જા
સબળ જાતિઓ નિર્બળ જાતિઓને કચડે છે, દાબે છે અને તિ
છે. આજના જમાનામાં મુડીવાદ અને સામ્રાજ્યશાહીની રચના
આધારે થઇ છે. એ રચના ટકાવવા માટે કરોડો રૂપિઆના હિં
સાધનો શોધાયાં છે. આમ મનુષ્ય સમાજમાંયે આજુબાજુ હિ
હોળીના ભડકા સળગી રહ્યા છે. હિંસાના આ દાવાનલમાંથી અહિ
મહામુલો મંત્ર મનુષ્યસમાજે ઝીલવાનો છે. વિચાર કરતાં જણા
પશુ અને પ્રાણી જગતનો કાયદો મનુષ્યસમાજ માટે ન હોય. માણ
મહાપુરુષાર્થ કરીને પોતામાં રહેલી પશુના જાતીને હૃદયનો વિકાસ
વાનો છે. જે પુરૂષોએ આ અહિંસાનો મંત્ર જોયો તેમણે પોતાના
વૈરાગ્ય અને પ્રેમ સાધીને, સતત ઉદ્યોગી રહીને આ માનવ ક
વિકાસ કર્યો છે અને પોતાની શ્રદ્ધા જગત પાસે મૂકી છે. માનવ
એ શ્રદ્ધા પ્રમાણે જીવન ગુજારે તો જગતમાંથી ઝેર વેર, કજીઆ, લો
ઓછાં થઇ જાય. પણ એ પંથ લાંબો છે અને બલિદાન માગે છે

મચ્છર માંકડ કરોળિયા વગેરે નાના જીવોની ઉત્પત્તિ થાય
રહેણીકરણી રાખવી એ પાપ છે. જ્યાં વ્યક્તિગત અને સામુ
સ્વચ્છતા હોય ત્યાં એ જીવોની ઉત્પત્તિ નહિ હોય. આપણે ઘરે
સાફ રાખીએ છીએ, પણ ઘરનો કચરો આંગણામાં કે પડોશીને
નાખીએ છીએ. શેરીઓ કે પોળોમાં ગમે ત્યાં એઠવાડ પડેલો હો
મંદિરો, તીર્થસ્થાનો, ધર્મશાળા કે ઉપાશ્રયો જેવા ધાર્મિક સ્થા
નજીક પેશાબ શૌચ સાધારણ હોય છે. અંદર સ્વચ્છતા પણ આજુ
ગંદકી. સામુદાયિક સ્વચ્છતાનો આપણને સંસ્કાર પડવો જોઇએ–ગ
પ્રત્યે સુગ આવવી જોઇએ. ગંદકી ન હોય ત્યાં નાના જંતુઓની ઉ
ન હોય. માકડ મચ્છર વગેરે તો એક રીતે કહે છે કે ગંદકી ન ર
નહી રહેશો તો મરકી, કોલેરા જેવા રોગોને નોતરશો. આ ઉ
જંતુઓ કે જીવો ઉત્પન્ન ન થાય–ઘર આંગણાં પોળો સ્વચ્છ રહે

હિંસાની નીશાની છે. પણ જે જે સમાજ ખરેખર નાના જંતુઓ
દયા રાખવાનું કહે છે તે મનુષ્યની હિંસા તો નહિ જ કરે-એને
ાવશે નહિ, એનો તિરસ્કાર નહિ કરે. પણ આ સ્થિતિ આપણે જોતા
ી. અહિંસામાં માનનાર સમાજ આ વાત ભૂલ્યો છે અને માનવપ્રાણ
પે એ બેદરકાર બન્યો છે. અહિંસાનો ઉગમ જ્યાંથી થવો જોઇએ
ાથી ન થતાં વનસ્પતી અને પ્રાણી જગતના જીવની રક્ષામાં જ સમાઇ
ો છે. અત્યારે મનુષ્યનો વધતો જતો સંહાર અટકવો જોઇએ. સબળ
ાતિઓ દુર્બળોને કચડે છે એ અટકવું જોઇએ. દરેક પ્રજા કરોડો
પૈયા લશ્કર અને યુદ્ધનો સામાન તૈયાર કરવા પાછળ ખર્ચે છે તે
ાટકવું જોઇએ. ખ્રીસ્તી ધર્મગુરૂઓ દેવળમાં પ્રાર્થના કરે છે કે શત્રુનો
રાજ્ય થાઓ. ભૂતકાળમાં જૈન રાજાઓ અને પ્રધાનોએ મોટા સંહારો
ર્યા છે. પણ એ સંસ્કાર હવે પ્રજામાંથી ભુંસાવો જોઇએ. મનુષ્યનો
ધ ન થઈ શકે એ સંસ્કાર પ્રજામાં પોષાવો જોઇએ.

કંદમૂળ વિષે વિચાર કરીએ. જેથી આરોગ્ય સચવાય એવો વન-
પતિ આહાર લેવો ઘટે. સ્વાદલોલુપતા ખાતર ભાવતા ભોજનનો ત્યાગ
ોઇએ. ખોરાકમાં સંયમની આવશ્યકતા છે. એ બાબત જેને જેટલો
યાગ કરવો હોય તે ઇષ્ટ ગણાવો જોઇએ; પણ એમાં બધું જ આવી
જાય છે એમ માનવું એ ભૂલ ભરેલું છે કંદમૂળ ખાનારનો તિરસ્કાર
રવો એ અયોગ્ય છે. કરોડો મહેનત મજુરી કરનાર માણસો જે થોડી
વસ્તુઓ પર જીવન નિર્વાહ કરે છે એમને ધર્મને રસ્તે તો નજ દોરી
શકાય ને ! પણ ખાવાના પદાર્થોની ભિન્નતામાં અહિંસા ભૂલ્ય છે.
તિરસ્કાર એ હિંસા છે જે માણસ પડોશી પ્રત્યે પ્રેમ નથી રાખતો,
પોતાના ધંધાઓમાં ઉતરપીંડી કરે છે, નોકરો પાસે હદ ઉપરાંત કામ
લે પણ પેટ પૂરતો પગાર ન આપે તે ખાવા પીવામાં ગમે તેટલા નિયમો
પાળે તો પણ તે નિયમોની તેના જીવન પર કશી અસર પડતી નથી
એ કેવળ આડંબર થશે.

ખેતી કરવામાં કરોડો સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે એમ જૈ
માને છે અને તેથી ખેતીનો ધંધો જૈનો કરે એ દોષ ગણાય છે. ખે
કરવામાં હિંસા રહેલી હોય તો ખેડુને ઉત્પન્ન કરેલ અનાજ ખાતા
એટલી જ હિંસા રહેલી છે. હું પાપ ન કરું, પણ બીજા પાસે કરા
એમાં હિંસા છે જ અને તેનો ભાગીદાર હું છું. જે દેહ માટીમાંથી
થયો છે તે માટીના આધારે જીવે છે. ખેતી ન કરનારો નાનકડો વ
પોતાને ધર્મમય જીવન ગાળનાર માને અને કૃષી કરનાર વર્ગ હિં
જીવન ગાળે છે એમ તે માને એ કેટલું બેહુદુ ? આ વિચાર ધ
ધર્મમાં શોભે નહિ, જીવનના આધારભૂત ખેતીનો ઉદ્યોગ ન કરન
લોકો ખેડુતોને ધર્મને રસ્તે લઈ જવાને શક્તિમાન ન જ થાય. ખેતી
સૂક્ષ્મ જીવોની હિંસા છે એ જેમ સાચું છે, તેમ બીજું એ
સાચું છે કે શરીરનો નિર્વાહ કરવામાં યે સૂક્ષ્મ જીવોની હિંસા
પણ તેથી આપણે આપઘાત તો નથી કરતા. યોગ્ય આરોગ્ય
ખોરાક લઈને સેવામય જીવન ગુજારતા રહીએ તો શરીર કલ્
સાધન બને. શરીર દ્વારા ભોગો ભોગવવાનો આદર્શ ન સ્વીકારતાં દે
પોષણ આપનાર ખોરાક લઈને માનવી ગુણો વધારવા પુરુષાર્થી જી
ગાળીએ. આજે હિંદુસ્તાનનો ખેડુત બેધનગીએ બેઠો છે તે નિરા
જીવન ગાળે છે. ખેતીમાં જે અડચણો પડે છે તે દૂર કરવા આપ
ખેડુતોને મદદ કરવી જોઈએ. મધ્યમ વર્ગના બુદ્ધિશાળી માણસોએ
ધંધાને પોતાનો કરી પોતાની બુદ્ધિનો ઉપયોગ ખેડુતોને આપવો જોઈએ.
કેળવણીની ઉલટી દિશા ન હોત તો ગામડાના અનેક યુવકો ગામડામાં
પોતાને સ્થાને રહી ખેતીને શોભાવતા હોત.

જૈનો માને છે કે અહિંસા નિવૃત્તિપર છે. એમની દૃષ્ટિમાં દરેક વસ્તુ
માંથી છૂટા જવાનું છે. જગતના કોઈ પણ સંબંધો સાથે શી લેવા
દેવા ! જગતને અને મારે શું ! હું મારા આત્માનું કલ્યાણ કરું એટ
બસ ' આવી વૃત્તિ તરફ આ વિચાર લઈ જાય છે. પણ વિચાર કરતાં

માશે કે આ વિચારસરણી યોગ્ય નથી દેહને ટકાવવો એ પ્રવૃત્તિ છે, સોશ્વાસ લેવા એ પ્રવૃત્તિ છે. મન સંકલ્પવિકલ્પ કર્યા કરે છે એ પ્રવૃત્તિ છે. ામ એક ક્ષણવાર પ્રવૃત્તિ વગર રહી શકાતું નથી. દેહનું પોષણ કરવું એ ્ત્તિ છે, તેથી એ સાથે સંકળાયેલા આર્થિક, સામાજીક કૌટુંબિક ારે પ્રશ્નોનો વિચાર સમજુ મનુષ્યોએ કરવો જોઇએ, અને એ એનો ્મ ધર્મો છે. નિવૃત્તિનો અર્થ અયોગ્ય વિચાર અને અયોગ્ય પ્રવૃત્તિ- ાંથી હટીને મન વચન શરીરને સતત શુભ કર્મોમાં પરોવવાં, એવો થવો ાઇએ. ચિત્તના અશુભ વિકારોમાંથી દૂર રહેવાનો પ્રયત્ન કરતો છતો ા પ્રવૃત્તિ કરે. એ પ્રવૃત્તિ એને પોતાને અને સમાજને ઉપયોગી હોય- ાને હંમેશા ઉત્સાહિત અને પુરુષાર્થી રાખે. માતપિતાની સેવા કે ાળકો અને પત્નીનું પોષણ એ નિવૃત્તિને બાધક ન હોવું જોઇએ. ર્તવ્ય સમજીને એમની સેવા કરવી એ નિવૃત્તિ હોઇ શકે. માણસ ણી વાર પોતાના સુખને અર્થે કુટુંબનો ઉપભોગ કરે છે અને વિશાળ ામાજ પ્રત્યેની ફરજોનું યે પાલન કરતો નથી; પણ વિવેકપૂર્વકની ટુંબની સેવા એ વિશાળ સમાજની સેવા સાથે સંગત છે.

શું મહાવીર પ્રભુ નિવૃત્તિ હતા? સાડાબાર વર્ષની તપશ્ચર્યાને અંતે ્યારે તેઓ શાંત થયા-સમાધાન પામ્યા ત્યારે તેમણે તેમના સમયની ારિસ્થિતિ પ્રમાણે વ્યક્તિગત અને સામાજીક પ્રશ્નો પર વિચાર કર્યો ્ને ચતુર્વિધ સંઘની સ્થાપના દ્વારા કોમોની યોજના કરી. લોકભાષામાં ઉપદેશ, પશુ યજ્ઞોનો પ્રચંડ વિરોધ, સ્ત્રી સમાનતા, ઉંચ નીચના ભેદોનો ાશ, સંયમદ્વારા વિલાસિતાનો અટકાવ વગેરે કર્મો પ્રવૃત્તિના હતા. તેઓ પોતે હૃદયમાં પ્રસન્ન હતા, શાંત હતા, બહારના સુખદુઃખના પ્રસંગોમાં ધૈર્યવાન હતા એજ નિવૃત્તિ હતી. जिणाणं जावयाणं, तिन्न णं तारयाणं, बुध्धाणं बोहयाण, मुत्ताणं मोअगाणं—પોતે રાગદ્વેષને જીતનારા અન્યોને રાગદ્વેષનો જય કરાવનારા, પોતે તરી ગએલા બીજાને તાર- નારા, પોતે બુદ્ધ થએલા બીજાઓને બોધ પમાડનારા, પોતે બંધનથી

છૂટેલા અને બીજાઓને બંધનથી છોડાવનારા—એ અન્ય સૂત્રમાં જે વિચાર છે એ એવીજ ભાવના છે.

હિંસા કોને કહેવાય એ બાબત તત્વવિવેચક અને સમર્થ જૈનાચાર્ય ઉમાસ્વાતિ મહારાજનું प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा એવું સૂત્ર છે. શ્રી. હરિભદ્રસૂરિએ દશવૈકાલિક સૂત્રની પોતાની ટીકામાં આ વિષય પર ચર્ચા કરેલી છે તેનો સાર ઉપર્યુક્ત છે. "હિંસાનું સ્વરૂપ પ્રમત્ત યોગ સાથેનું પ્રાણવ્યપરોપણ છે. જે પ્રાણવ્યપરોપણ પ્રમાદ વિષય અને કષાયપૂર્વકનું હોય તેનુંજ નામ હિંસા છે. સાધારણ રીતે હિંસાના મુખ્ય બે ભેદ છે. દ્રવ્યહિંસા અને ભાવહિંસા. દ્રવ્યહિંસા એટલે માત્ર પ્રાણોનું વ્યપરોપણ અને ભાવહિંસા એટલે અશુભ પરિણામ. પાત્ર ભેદને લઇને હિંસાના ચાર પ્રકાર થઇ શકે છે. (૧) કોઇ પાત્રમાં દ્રવ્ય હિંસા અને ભાવહિંસા સાથે હોય છે. (૨) કોઈમાં માત્ર દ્રવ્યહિંસા હોય છે પણ ભાવહિંસા હોતી નથી . (૩) કોઇમાં માત્ર ભાવહિંસા હોય છે પણ દ્રવ્યહિંસા હોતી નથી. (૪) એવું એક પણ શરીરધારી પાત્ર હોતું નથી જેમાં દ્રવ્યહિંસા પણ ન હોય અને ભાવહિંસા પણ ન હોય. આ ચારેના ઉદાહરણો:—(૧) દ્રવ્યહિંસા અને ભાવહિંસાનો સહયોગ, એક શિકારી મૃગને મારે છે અને તેની વૃત્તિ પણ તેને મારવાની છે. (૨) માત્ર દ્રવ્યહિંસા—હાલતા ચાલતા, ખાતા પીતાં અને સૂતાં બેસતાં તથા એવી બીજી ક્રિયાઓ કરતા સતપુરુષો દ્વારા જે અન્ય પ્રાણીનો ઘાત થાય તે. આમા માત્ર દ્રવ્યહિંસા છે પણ વૃત્તિ તો શુભ છે આ વિષે અન્ય ગ્રંથોમા કહેલું છે કે સાવધાન સંતપુરુષની ચાલવાદિ ક્રિયાથી કોઇ જીવજન્તુ મરી જાય તો પણ તેને લીધે તે સંતને સૂક્ષ્મ પણ બંધ થતો નથી કારણ કે એ સંત અપ્રમાદી છે. બંધ વા હિંસા તો પ્રમાદીનેજ લાગે છે (૩) ભાવહિંસા કોઇ માણસને આછા અંધારામા પડેલા વાંકા દોરડાને જોઇને સર્પની ભ્રાન્તિ થઇ અને એમ થતાજ એ સર્પને મારવાની વૃત્તિ તો થઇ અને તે દોરડાના કટકે કટકા તેને કરી

નાખ્યા. આમાં કોઇ બહારના પ્રાણોનો ઘાત નથી, માત્ર અશુભ વૃત્તિનીજ તીવ્રતા છે. માટે એકલી ભાવહિંસા છે. (૪) દ્રવ્યથી પણ હિંસા નહિ અને ભાવથી પણ હિંસા નહિ એવી સ્થિતિ શરીરધારી પ્રાણીઓ માટે ખરી રીતે અશક્ય છે" (दशवैकालिक सूत्र टीका–બાબુવાળી (પૃ. ૨૫–૨૬). શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ અને શ્રી. હેમચંદ્રાચાર્યનો યે આવોજ અભિપ્રાય છે. શ્રી. યશોવિજયજી મહારાજે ધર્મપરીક્ષા નામના ગ્રંથમાં વિશેષ સ્પષ્ટતાથી જણાવ્યું છે. "જે મનુષ્ય વિરત છે એટલે સંયમશીલ છે, તે 'આ પ્રવૃત્તિ સદોષ છે' એમ જાણતો છતાંય તેવી સદોષ પ્રવૃત્તિને આચરે, છતાંય તેને નિર્જરા હોય છે પણ બંધ નથી હોતો. વળી જે મનુષ્ય અપ્રમાદી છે એટલે જેની વૃત્તિ પ્રમાદ વિષય કષાય અને વિકથા તરફ નથી હોતી તેવો પુરુષ યતનાશીલ છતાંય વગર જાણ્યે, અજાણતાં, કોઇ જીવનો પ્રાણવધ કરે તો તેને નિર્જરા હોય છે, પણ બંધ નથી હોતો. સત્શાસ્ત્રાનુસાર, આચરણ કરતાં, અધ્યાત્મ શુદ્ધિયુક્ત, યતનાશીલ પુરુષદ્વારા થતી વિરાધના–હિંસા પણ તેને નિર્જરા પરિણામને નીપજાવે છે." એમણે એજ ગ્રંથમાં એક બીજે ઠેકાણે લખ્યું છે–"કેટલાકો એમ કહે છે કે જે કેવળીના યોગ–ક્રિયા–વ્યાપારને લીધે ક્યારે પણ જીવવધ થાય તેને અંગે કેવળી ન માનીએ. આના ઉત્તરમાં તેઓ કહે છે કે એમ કહેનારો તદ્દન અસત્યભાષી છે, કારણ કે યોગવાળા માણસને હિંસાનો સંભવ અનિવાર્ય છે અને એવી હિંસા અશક્યપરિહારની કોટીની છે. સર્વથા હિંસાનો ત્યાગ તો તેજ કરી શકે કે જેણે પોતાનાં મન વચન અને કાયાના તમામ વ્યાપારોને અટકાવી રાખ્યા છે અને આવો મનુષ્ય તો શરીરધારીની દશામાં હોઇ શકે જ નહિ. એટલે પેલાઓના કહેવા પ્રમાણે સંસારમાં જીવના પવિત્રમાં પવિત્ર શરીરધારી માટે પણ 'અહિંસક' એવો શબ્દ જ નહિ બોલી શકાય તેરમા ગુણસ્થાન સુધી યોગોની સત્તાની હોવાને લીધે પૂર્વપક્ષના મત પ્રમાણે હિંસાની પણ સત્તાની રહે.

વાની: પણ આ મત બરાબર નથી, કારણ કે હિંસાના વિચારમાં પ્ર
વ્યપરોપણ કરતાં પ્રમત્તયોગ–અશુભવૃત્તિ, અશુદ્ધ વિચારને જ ‌િ
સ્થાન છે. એટલે પ્રમત્તયોગપૂર્વકનો જે જીવવધ તેનું જ નામ ખરે
હિંસા છે. પવિત્ર વિચારધારી મનુષ્ય માત્ર અહિંસા ધર્મના પાલક
ધારક હોઇ શકે એ બરાબર યોગ્ય છે અને જ્ઞાનીઓને સંમત
છે." આ લાંબો ઉતારો વિચારપૂર્વક આપ્યો છે. હિંસામાં પ્રમાદ
મુખ્ય છે. ક્રોધ એ હિંસા છે, ઇર્ષ્યા એ હિંસા છે, મત્તા એ હિંસા
તિરસ્કાર એ હિંસા છે, વેર એ હિંસા છે આમ હિંસા એ માન
અશુદ્ધ વૃત્તિ અને તેને પરિણામે થતું આચરણ.

અહિંસાનું ઉપર જેમ નિષેધાત્મક રૂપ જણાવ્યું તેમ તેનું વિ
ત્મક રૂપ પણ છે. એ સક્રિય છે. આ અહિંસા એટલે પ્રેમમગ
ઉદારતા. આ તરફ બધાનું ધ્યાન જવું જોઇએ. જેની સાથે આપ
પ્રેમ હોય ને સ્વજન અને બીજા પરજન એવો ભાવ આપણને હો
સામાન્ય રીતે પરજન પ્રત્યે દ્વેષભાવ રહેલો હોય છે. પણ પ્રેમ હો
ત્યાં ભય હોતો નથી, ત્યાં હૃદયની મોકળાશ–એકતા હોય છે. કોઇ
વ્યક્તિ એવી નહિ મળે જેને પોતા પર અને પોતાના કુટુંબીજનો
પ્રેમ ન હોય. પોતા પરના પ્રેમમાથી કુટુંબી પરનો પ્રેમ જન્મે
સ્વનું ક્ષેત્ર એનું કુટુંબ પુરતુ લબાવ્યુ છે. જેટલું જેટલું એ સ્વનું
વિસ્તારી શકે ત્યાં ત્યા એ પ્રેમ ક્રમે–એકતા સાધશે. નાનીલા. ગામવ
નગરવાસી, પોતાના જ ધર્મને માનનાર લોકો, એમ રાષ્ટ્રવાસી એ પ્રા
સ્વનો વિસ્તાર વધતો જાય એમ કરતાં કરતા મનુષ્યસમાજને પો
સ્વનું ક્ષેત્ર વિસ્તારવા માટે જ્ઞાન, ન્યાયવૃત્તિ, નિર્લોભતા, મૈત્રી વ
ગુણોનો વિકાસ થવો જોઇએ જેટલે અંશે સ્વજન પરજનનો ભેદ
ઘટે તેટલું પ્રેમમગ વધે, નિઃસ્વાર્થતા વધે. એનું આચરણ વિવેકપૂર્વ
કરી આમાં મનુષ્ય આજીવિકા પ્રેમ કરવાના ધંધાઓને પે શુદ્ધ ક
જોઇ એને દરજી જ્યાં કે મેં પ્રત્યે તિરસ્કાર નહિ હોય. વળી અન

રનાર કે જૂલમ કરનાર પ્રત્યે યે એને પ્રેમ હશે. પણ એના જુલમ કે અન્યાયને તાબે થવાપણું નહિ હોય, ન્યાયવૃત્તિનો આધાર લઈ વિવેકપૂર્વક જૂલમનો તો સામનો કરવાપણું હશે. જૂલમીથી કે અન્યાય કરનારથી એ બીશે નહિ, પણ એના જૂલમ કે અન્યાય સામે અડગપણે ઉભો રહી–દુઃખ સહન કરી તેનું હૃદય ફેરવશે અને ન્યાય મેળવશે. જૂલમ કે અન્યાયને કેવળ સહન જ કર્યા કરે તો એમાંથી કાયરતા, બીકણપણું જન્મે. અન્યાયનો સામનો ન કરે, પોતાના ન્યાયી હક્ક પર ન રહે તો તેનામાં તેજસ્વીતા નહિ રહે. એવી કાયરતા કરતાં હિંસાથી જૂલમનો સામનો કરવો યોગ્ય થઇ પડે. ડરપોક બાહ્યતઃ અહિંસાનું આચરણ કરતો લાગશે, પણ એ હમેશાં બીતો હોય છે. બીક એ તો હિંસા છે એટલે અહિંસામાં નિર્ભયતા છે. અહિંસક તો અન્યાયીનું હૃદય પીગળાવે એવા દુઃખો સહન કરીને યે જૂલમ કે અન્યાયને દૂર કરાવે. આ સક્રિય શક્તિ એ અહિંસાબળ-પ્રેમબળ. એમાં સમાજમાં પ્રવર્તતા ચાલુ દુઃખોનું દર્શન હોય અને એ દુઃખો દૂર કરવાના ઉપાયોનું જ્ઞાન અને બળ હશે. આ પ્રમાણે અહિંસાના વિચારમાં જેમ દ્વેષ, વેર, ઇર્ષ્યાને સ્થાન નથી તેમ જૂલમ કે અન્યાયને તાબે થવાનું યે નથી. અહિંસક જેમ પોતાથી ઉતરતી મનાતી વ્યક્તિઓ ને કોમોને હલકા ગણતો નથી, દૂર રાખતો નથી તેમ બલિષ્ઠ જાતિઓના જૂલમને યે સહન કરતો નથી. જે જાલીમને તાબે ન થાય તે પોતે યે અન્યાય કે જૂલમ ન કરે. ન્યાયવૃત્તિ, નિર્ભયતા, અને પ્રેમને અહિંસામાં બહુ મોટું સ્થાન છે.

મનુષ્યસમાજમાં ચાલતા વેરઝેર, ઇર્ષ્યા, મદ, ચૂસણ, જૂલમ એ બધુ અહિંસા દ્વારા દૂર થાય એવી સ્થિતિ પ્રાપ્ત થાય તો આપણે ઘણો લાંબો પંથ કાપ્યો હશે અને તે દરમ્યાન પ્રાણી જગત સાથેના વ્યવહારનો નિયમ મનુષ્યે ઘણે અંશે શોધ્યો હશે, એણે બીજાને બદલે સેવાને પોતાનું લક્ષ્ય માન્યુ હશે. એની શ્રદ્ધા એવી હશે કે વાઘ વરુ સર્પ આદિ પ્રાણિઓનો હાલનમાં જેમ ઉપયોગ કર્યો છે, એ તે બળનો હવે

અને પ્રેમબળથી એ પ્રાણીઓ તરફનું કર્તવ્ય બજાવવા માટેની શક્તિ એનામાં હશે. પણ આજે એના ચકરાવામાં પડી જઇ દરરોજના સહુ વ્યવહારમાં એ જ પ્રશ્નોને આગળ કરી માનવ ગુણો વિકસાવવાનું આપણે ન ભૂલીએ, આડોશી પાડોશી પ્રત્યેના ધર્મો બજાવવાનું વિસારે ન પાડીએ. જો આપણે તેમ કરીએ તો નક્કી ઉંધે રસ્તે ચડી જઇશું. સર્પાદિના પ્રસંગ કંઇ રોજ આવતા નથી. એને ન મારવા પૂરતી હિંમત કે પ્રેમ તો આપણામાં નથી. એનાથી આપણું કે આપણા આશ્રિતોનું રક્ષણ કરવાની તાકાત પણ નથી. ક્રોધ ઇર્ષ્યા વિગેરેને છોડાયે નથી. આવી સ્થિતિ હોય ત્યાં હિંસા-અહિંસાના ગોટાળામાં પડી નજીકનો ધર્મ આપણે ન વિસારે પાડીએ.

આવી અહિંસાની કેળવણી કઇ? એનો ઉગમ ક્યાંથી? આપણે જોયું કે અહિંસા માનસિક ગુણ છે. મનુષ્યનો પ્રથમ સંબંધ તેના કુટુંબ સાથે આવે છે તેથી બધા ગુણોનુ ઉગમસ્થાન એ સંસ્થા છે. આ ગુણની ખીલવણીને અંગે માતા-પિતા બંધુ મિત્ર સગા વહાલાં ઘરના નોકર પાળેલા જાનવર, આ બધા પ્રત્યે સ્નેહ-ઘસાવાની વૃત્તિ, કુટુંબ ઉપરાંત જે વિશાળ સમાજ છે તેના પ્રત્યે કર્તવ્ય બજાવવાનો પુરૂષાર્થ, આજીવિકા અર્થે એવા ધંધાની પસંદગી કે જેમાં મહેનત મજુરી, ઉદ્યોગી ટેવ હલકી ગણાતી ન હોય, અને આમ વર્ગનુ શોષણ ન હોય, પોતાને સત્ય અને ન્યાય સમજાય એ માટે આકાંક્ષા, નિર્ભયતા, હિંમતવૃત્તિ હોય તે નિર્બળ પ્રત્યે નહિ પણ સબળ પ્રત્યે અને તે પણ સ્પષ્ટપણે જણાવીને વાપરવાની વૃત્તિ અને ધીરે ધીરે તે વૃત્તિનુ યે પ્રેમવૃત્તિમા પરિવર્તન, તે તેઓ પ્રત્યે આદર, આ ગુણો અહિંસા માટે જરૂરી છે. કેવળ ચર્ચાથી આ ગુણ ખીલતો નથી. એ માટે માણસાઇની ભાવના, ઉત્સાહ અને પુરૂષાર્થ જોઇએ. ચર્ચા જેટલે અંશે ભાવના-વિચારમાં ફરક પાડી શકે તેટલે અંશે ઉપયોગી થઇ પડે.

મને લાગે છે કે અહિંસા વિષેની સાચી દૃષ્ટિ આ જ છે. એમ હોય તો એને આધ્યાત્મિક કે મનુષ્યેતર રૂપ ન આપતા અને વિસ્તારવા મહેનત

। જોઇએ. આપણી પોતાની જૈન સમાજના સામાજીક અને ધાર્મિક
ોનો વિચાર આ દષ્ટિએ કરવો જોઇએ. હિંદી રાષ્ટ્રની આર્થિક અને
નૈતિક સમસ્યાઓનો પે ઉકેલ આથી આવી શકે, એમ વિચારી
પણે દેશવ્યાપી હિલચાલમાં ફાળો આપવો જોઇએ. એમ કરીએ તો
કાળનો આપણને મળેલો વારસો શોભાવી શકીએ. અડગ શ્રદ્ધા રાખી
। ક્ષેત્રોમાં પ્રયોગ કરતા રહીએ તો વ્યક્તિગત અને સામાજીક રૂપે
હિંસાની શક્તિનો ખ્યાલ આપણને મળે અને જૈન સમાજનું સંકુચિત
પ છે તે બદલાઇ જાય. કેટલાક ઉદાહરણો લઇને આ સમજાવીશ.
૧) ધાર્મિક ક્ષેત્રનો જ વિચાર કરો-જૈનો ત્રણ ફિરકાઓમાં વહેંચા-
ા છે, શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી. એના અવાંતર ગચ્છ, પંથ છે
। તો જુદા. બધા ભગવાન મહાવીરની ઉપાસના કરે છે છતાં એકતા
ી. એ એકતા ઉપજાવવા આપણે પ્રયત્ન કરવો જોઇએ. તીર્થોને અંગે
ગંબર અને શ્વેતાંબરના ઝઘડા સાંભળવામાં આવે છે. એ માટે
ાર્ટોમાં લાખો રૂપિઆ ખરચીએ છીએ. પાઈ પૈસો બદામ ચોખા એ
ે આમ-જનતામાંથી મળેલી સંપત્તિથી કોર્ટમાં ખર્ચ કરવો એમાં
ા અહિંસા હશે? ભગવાન મહાવીર આ જમાનામાં હોય અને તેઓ
ા બધું જુએ તો એ પોતાના ઉપાસકોને શું કહે? ઝઘડા પતાવવાની
લવાદની પદ્ધતિનો સ્વીકાર કરવો જોઇએ. ઝગડા ન થાય એ માટે કોઇ
એક યોજના-ત્રણે ફિરકાઓના મુખ્ય ધાર્મિક ગ્રંથોનું વાંચન મનન,
એક બીજા સંપ્રદાયના અગ્રેસરોનું પ્રેમભાવે મિલન, તહેવારો અને
પર્વોના પ્રસંગે ત્રણે ફિરકાના ભાઇઓનો પરસ્પર સહવાસ, માન્યતાઓનો
ઐતિહાસિક અભ્યાસ, સાંપ્રદાયિક અભિનિવેશનો ત્યાગ-વિચારાવાં જોઇએ.
તેજ પ્રમાણે હિંદના મહાન ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે
તો પણ અભિનિવેશ દૂર થશે, બધી કોમોનો સત્કાર અને પ્રેમભાવ
વધશે, દરેક ધર્મના સદ્અંગો જાણવાનો લાભ મળશે, ઘણા સાધુસંતોના
ચરિત્રો સમજવાની તક મળશે અને એ રીતે ત્યાગ, તપસ્યા અને

બલિદાનની સાંકળથી સંકળાયેલી સંસ્કૃતિથી આપણે બધા માનવી જોડાયેલા છીએ, એવી પ્રતીતિ થશે; સામાજિક ઉત્સાહ અને એક વધશે, અને ભાડાવૃત્તિ દૂર થશે. શ્રી. આનંદઘનજી મહારાજનું પદ 'રામ કહો રહેમાન કહો કોઈ, કાન કહો મહાદેવરી, પારસનાથ કહો કોઈ બ્રહ્મા સકલ બ્રહ્મ સ્વયમેવરી"—એ બધાએ ધ્યાનમાં રાખવા જેવું છે. જો ધર્માન્તરની પ્રવૃત્તિમાં પડીએ તો હિંસા-દૃષ્ટિ કેળવાશે. અલબત દરેક ધર્મમાં દોષો પેસી ગયા છે, પણ તે કાઢવા માટે આપણે ધર્માચરણી થવું જોઈએ, ધર્મના શુદ્ધ ઝરામાંથી પાન કરવું જોઈએ. આજે યુવક વર્ગનું એવું માનસ જોવામાં આવે છે કે ધર્મને જ નાશ કરવો. શુદ્ધ પ્રાણદાયી ધર્મની આજુબાજુ લાગેલા ડાળાડાંખળા, એ પડેલો સડો–કહેવાતા સાધુઓમાં થતા ઝઘડા, સમાજના ભયને ઈ સત્ય સમજવાની ઉણપ, ખોટી માન્યતાઓનો ફેલાવો, સંકુચિત વા વૃત્તિ, બુદ્ધિનો વિકાસ કર્યા વગર અંધશ્રદ્ધા પર જનતાને ટકાવી રાખવા વૃત્તિ, મંદિરો પાછળ થતો અઢળક ખર્ચ–જોઈને તેમને ઉકળાટ થા છે. પોતાના અને જગતના સ્વરૂપને જાણવાની ઉંડી અને ગમે વૃત્તિમાંથી તો ધર્મની ઉત્પત્તિ છે, અને જેમ જેમ શુદ્ધ ધર્મનો ફેલાવો થશે તેમ તેમ એ કચરો સાફ થશે. ઉપર જણાવેલી અહિંસાદૃષ્ટિ ધર્મનો વિચાર કરવામાં આવશે તો કલ્યાણજ છે

(૨) અસ્પૃશ્ય ગણાતી કોમો વિષે જૈનોની દૃષ્ટિ શુદ્ધ થવી જોઈએ. હિંદુઓની જેમ અમુક વર્ગોને અસ્પૃશ્ય માનવાનો જૈનોને સંસ્કાર પડ્યો છે. સમાજના કોઈ પણ વર્ગને એના જન્મનેજ કારણે હલકો ગણી નિરસ્કારવો, એને દૂર રાખવો અને પોતે બીજા સમાજને સાથે જોડી બેઠા છીએ તેટલાએ તેની સાથે બેઠાએ નહિ તો તેમાં હિંસા રહેલી છે. ભગવાન મહાવીરના જમાનાના બે હરિજન સાધુઓ [illegible] મુનિ, હરિકેશબળ અને મેતારજ મુનિના જે દૃષ્ટાન્તો મળે છે, [illegible] સમાનતાના સૂચક છે મેતારજ તો પ્રેમની મૂર્તિ છે. એમની [illegible]

માં આપણે રસ લઇએ છીએ, પણ એમના વંશજો સાથે મળવામાં
ણે પાછા પડીએ છીએ. એ જમાનામાં ઊંચ નીચના ભેદો કાઢી
વા ભગવાન મહાવીર અને બુદ્ધે ભારે મહેનત કરી હતી હિંદુ
માં અસ્પૃશ્યતા એ કલંક છે, આભડછેટ અદકેરું અંગ છે એ
યતા હવે પ્રચલિત થઇ છે. હરિજનોનો સાર્વજનિક વિકાસ જોવા
સ્તાનમાં જે હિલચાલ ચાલી રહી છે તેમાં જૈનોનો સાથ હોવો એ
હંસાની દૃષ્ટિએ યોગ્યજ ગણાય. એમને જૈન બનાવ્યા પછી અભેદ-
દૂર કરવાનો વિચાર કરવો એ અધર્મ ગણાય જેવા છે તેવા
જનો હિંદુ સમાજનું અંગ છે એમ સમજીને આપણા ચિત્તમં
નના વિષેનો વસેલો રોષ દૂર કરવો એ આપણું કર્તવ્ય છે.

(૩) સ્ત્રીઓ અને પુરુષો સમાન છે એમ જૈનો માને છે. પુરુષોના
લોકજ સ્ત્રીઓને મોક્ષ ને અધિકાર છે. એવી તેમની માન્યતા છે.
. મલ્લીનાથ ભગવાન સ્ત્રી જ હતાઃ અને એમણે જે રીતે એમને
ણવા આવનાર રાજાઓને બોધ આપ્યો અને એ રાજાઓના મનમાં
ષયવૃત્તિ પ્રત્યે જુગુપ્સા ઉપજાવી એ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. ચંદનબાળા
વી સાધ્વી સ્ત્રીએ અહિંસાના બળે વિજય મેળવ્યો. રાજેમતી જેવી
ત્રિયાણીએ પોતાના જેઠની કામવાસનાને ઉપશાંત કરી. આવા દૃષ્ટાન્તો
ણા શોધી શકાય; પણ આજે તો સાપ ગયા ને લીસોટા રહ્યા. ચંદન-
ળાની ગહુંલી ગવાય: નેમ રાજુલના વિવાહ ગવાય. પણ આચારમાં
ીઓ પ્રત્યે અનાદર કેળવાયેલો છે. એ દૂર કરવા માટે સમ સંસ્થાનો
ર મૂળમાંથી ફરીને વિચાર થવો જોઇએ. સ્ત્રીઓ પ્રત્યે પુરૂષોના
નમાં વસી ગએલા સંસ્કારો બદલાવા જોઇએ. સ્ત્રીઓ વિષય વિકારથી
ભરેલી છે એ વિચાર જવો જોઇએ. વિષય વિકાર તો પુરુષ અને સ્ત્રી
બંનેમાં છે વિકારનું મૂળ ચિત્તમાં છે એ જોવાને બદલે આપણે સ્ત્રી
નિમાં એનો આરોપ કર્યો. સ્ત્રી પ્રજાની માતા છે એ ભવ્ય વિચાર
દયમાં પ્રતિબિંબિત થવો જોઇએ વિષય તૃપ્તિના સાધન તરીકે સ્ત્રી

ગણાઈ છે એ વિચાર નાબુદ થાય એ ઇષ્ટ છે. લગ્ન ભોગ માટે છે
વિચારને બદલે સંતતિને અર્થે જ લગ્ન છે એ વિચાર સમાજમાં સ્થા
થવો જોઈએ. લગ્નમાં પણ સંતતિ માટે શરીર સંગ. પછી બ્રહ્મ
પાલન એ સંસ્કારના મૂળ ઊંડા ઉતરે તો સ્ત્રીઓ માટે દઢ થ
કુસંસ્કાર દૂર થઈ શકે અને એ મહાન શક્તિનો સમાજને લાભ
આ યુગમાં પૂ. મહાત્માજીએ સ્ત્રી શક્તિને સત્યાગ્રહ યુદ્ધમાં-ખાસ
મદ્યપાન-નિષેધના કાર્યમાં યોજીને નવી દિશા બતાવી છે. બ્હે
ગાળો ખાધી, માર ખાધો, જેલો ભોગવી પણ પોતાનું કામ
કર્યે રાખ્યું.

(૪) વળી એક બીજું દૃષ્ટાન્ત. દારૂનિષેધ બાબત દેશમાં ચ
શરૂ થયેલી છે. આબકારી આવકમાંથી દેશની કેળવણી ચાલે છે.
આવક બંધ કરવાની અને તે દ્વારા દારૂબંધી કરવાનો એક
પ્રયોગ ચાલી રહ્યો છે. દારૂ બંધ કરાવવો એ ધાર્મિક કામ છે, પ
તરફ જૈન સમાજનું ધ્યાન ગયું જણાતું નથી. પછાત જ્ઞાતિઓમ
વ્યસને ઘર ઘાલેલું છે અને આપણો પ્રવેશ એ કોમોમાં ન થાય
એ કામ મુશ્કેલ છે. આપણા સાધુમતો, જુવાનો અને વિદ્યાર્થી
આ દિશામાં લક્ષ્ય દોડાવવું જોઈએ એથી આપણામાં પોત
નિરક્ષર દૂર થશે. મદ્યનિષેધ જેવી ધાર્મિક ચળવળમાં શક્તિ અ
વવા આપણે તત્પરતા બનાવીએ તો આપણો ધર્મ વિશેષ ઉજ
બનશે. સમ વ્યસનોમાં દારૂનું એક વ્યસન ગણાય છે અને તે
કરાવવાના કામમાંથી શું આપણે મુક્ત રહી શકીએ ખરા? મજુ
દલિતોના, કોળીઓના, રાનીપરજના દાકરડાના ઘરો જુઓ. કે
અધિક સ્થિતિ જનોના' એમના સંગ છોકરાઓને મળો. કે
આંખોમાં તમે દુઃખ વાંચશો. તેમનામાં ઘણી જાતના વ્યસનો અને
ખર્ચે દાખપ થતા તે તેમને પ્રેમભાવ મળશે તો તમે રિશ
અનુભવશે. તેમની સંસ્કાર રહિત સ્થિતિ થતા તમે પોતે
[illegible] તમને [illegible] પણ [illegible]

ાંથી આવક છોડવા તૈયાર થઇ છે. પણ કેવળ સરકારી કાયદાથી આ ામ થવું કઠણ છે. લોકોનો સહકાર હોય તોજ એ કામમાં મદદ મળે. ે દ્વારા પછાત વર્ગો સાથે આપણો સંબંધ થાય અને એમને સંસ્કા-.ની કેળવણી મળે. આપણને પુરુષાર્થ કરવાનું બળ મળે: પણ એ માટે ભાવના, યોજના અને સંગઠનની જરૂર રહેશે. નિશ્ચયબળ હોય તો એ બધુ મળી રહેશે. પૂજાપાઠ, આરતીઓ ઘંટાનાદો, થાળ નૈવેદ્ય ઉજમણાં પોસા પડકમણાં એ બધા કરતાં મદ્યનિષેધનાં કામમાં શક્તિ ખરચાશે તો તિરસ્કારાયેલાં ભાઇ બ્હેનોનાં જીવન સુખરૂપ બનશે અને કર્તવ્ય બજાવ્યાનો આત્મસંતોષ અને શાંતિ મળશે. જેટલે અંશે પ્રત્યક્ષ-જીવન સાથે સંબંધ સાંધી આપે અને એ જીવન ગાળવામાં મદદ કરે એટલે અંશે ક્રિયાઓ મદદરૂપ છે, નહિ તો એનો ઝાઝો ઉપયોગ નથી.

આ દષ્ટિએ બીજા અંગોનો યે વિચાર થઇ શકે. સમાજના અગ્રે-સરો સમાજ અને દેશના પ્રશ્નોનો અભ્યાસ કરે, વિચાર કરે; અને આચારણદ્વારા પોતાનો ફાળો એ કામોમાં આપે એવી નમ્ર પ્રાર્થના છે.

અહિંસાનો વારસો એક કોમ, એક સંપ્રદાય, એક ધર્મ કે એક દેશનો નથી. બધેજ અહિંસક પુરુષો પેદા થયા છે. આજના યુગપુરુષ મહાત્માજી સત્ય અને અહિંસાના પરમ ઉપાસક છે, અને પ્રત્યક્ષ જીવ-નમાં એ ગુણો પ્રગટાવવાનો એમનો પરમ પુરુષાર્થ છે! હિંદને અને તે દ્વારા જગતને એક દિવ્ય શસ્ત્રનો-પ્રેમબળનો દાખલો તેઓ બનાવી રહ્યા છે. તે બધાને અંતમાં નમન.

धम्मो मंगल मुक्किट्ठो अहिंसा संजमो तवो
देवावि तं नमंसन्ति जस्स धम्मो सयामनो ।

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. જેનું સદા ધર્મમાં મન છે તેને દેવો પણ-સજ્જનો નમે છે. ॐ शांतिः ॥

ભારતવર્ષના ધર્મો.

(વક્તા—કાકાસાહેબ કાલેલકર.)

કોણ જાણે ક્યાંથી પણ દુનિયાના બધાજ ધર્મો આપણે ત્યાં આવી ચઢયા છે. અને કોઇને સુખેથી રહેવા દેતા નથી. હવે એ ધર્મોનું કરીશું શું એનો વિચાર ઘણા લોકોના મનમાં અવારનવાર આવે છે. કેટલાક કહે છે કે જેમ અરબસ્તાનમાં કેવળ ઇસ્લામીઓ જ રહી શકે છે; યુનાઇટેડ સ્ટેટ્સમાં અંગ્રેજી ભાષા જ ચાલી જ શકે છે, તેમ હિન્દ મે[illegible] પણ હોય તો કેવું સારું? હિન્દમાં એકલો હિન્દુ ધર્મજ હોત અને બીજા ધર્મોને અહીં રહેવાની મનાઇ કરવામાં આવત તો કેટલું સારું! બીજા કેટલાક કહે છે કે ધર્મની બલા જ શા માટે જોઇએ છે? બધા ધર્મો સરખા ફેંકી દેવા જેવા છે. એમાં એકને જ રાખીએ અને બાકીના કાંકી કાઢીએ એનો અર્થ શો?

અને એમ પણ પૂછી શકાય કે ભિન્નધર્મી લોકોને બહારથી આવ[illegible] વખતે તમે અટકાવી શકો, પણ સનાતન કાળથી આ દેશમાં જ [illegible] નારા લોકોમાંથી કેટલાક જો પોતાની ધાર્મિક માન્યતા ફેરવે અથવા બ[illegible] ના કોઇ ધર્મનો સ્વીકાર કરે તો એને કેમ રોકી શકો? માણસ ઉ[illegible] જબરજસ્તીથી સત્તા ભોગવવાનો કોઇ ધર્મને અધિકાર જ શો છે? આવી રીતે ધર્મ વિષેની ચર્ચા ચાલે છે. કેટલાક ઉંધમુંગા ધર્મોને કા[illegible] છે એ ચર્ચા પસંદની જ નથી. કેટલાક નવીમતવાદી ધર્મો જે થવા[illegible] હશે તે થશે. આપણે શું [illegible] આપણે [illegible] રહીશું અને [illegible] થશે તે સહન કરીશું એમ કહી મનમાં [illegible] છે. કેટલાક ધર્મ [illegible] [illegible] પોતાની માન્યતા અને તેનો અધિકાર સિદ્ધ કરવા મ[illegible] [illegible] કરે છે અને કેટલાકને થાય છે કે [illegible] [illegible]

એક જમાનો એવો હતો કે જ્યારે ધર્મો સર્વોપરી સત્તા ભોગવતા તા. રાજાને ગાદી પરથી ઉડાડી મૂકવા એ પણ ધર્માચાર્યોની સત્તા તી. રાજ્યાભિષેક વખતે ધર્મગુરૂ જ રાજાને રાજત્વ આપતો. ઈંગ્લાંડના એક રાજાને પોતાનો મુગટ પોપને ચરણે ધરી તેને સાષ્ટાંગ પ્રણિપાત કરવો પડ્યો હતો, અને રોમનો પોપ પોતાના શિષ્યરાજાઓ વચ્ચે આખી દૂનિયાની વહેંચણી કરી શકતો હતો.

પણ ધર્મસંસ્થાની એ પ્રતિષ્ઠા આગળ જતાં રહી નહિ. રાજાઓ સર્વોપરી થયા અને ધર્મ અંતે રાજાનો આશ્રિત બન્યો. વ્યક્તિઓના જીવનમાં પણ ધર્મનું સર્વોપરીપણું ઓછું થયું, સત્તા અને સંપત્તિ એ બેની જ પ્રતિષ્ઠા વધી

ધર્મનો આ અધઃપાત શાથી થયો? કારણ સ્પષ્ટ છે. ધર્મોએ રાજ્ય-વ્યવસ્થાનું અનુસરણ કર્યું, અનુકરણ કર્યું, રાજ્યસંસ્થાના નમુના ઉપર ધર્મસંસ્થાનું તંત્ર રચ્યું અને સત્તા તેમજ અધિકારપરંપરા ઉભાં કર્યાં. યુરપમાં પોપની જે સત્તા હતી, ઇસ્લામી દૂનિયામાં ખલીફાની જે સત્તા હતી તેવી સત્તા આપણે ત્યાં ધર્માચાર્યો, શંકરાચાર્યો, અને રાજપુરોહિતોને કોઈ કાળે હતી નહિ, છતાં આપણે ત્યાં પણ ધર્મ-સંસ્થાએ રાજ્યસંસ્થાનું અનુકરણ નથી કર્યું એમ નથી. ન્યાતોનું બંધારણ, ગુરૂશિષ્યસંબંધ વિષેના નિયમો, મંદિરોની વ્યવસ્થા એ બધા પાછળ રાજ્યતંત્ર જેવી જ યોજના છે પરિણામે ધર્મના મૂળમાંજ સડો પેઠો. પણ જે વખતે રાજ્યસત્તાનું અનુકરણ શરૂ થયું તે વખતે તો લોકોને થતું કે હવે ધર્મનો વિજય થયો છે; હવે ધર્મની સાચી સ્થાપના થઇ છે. પણ ધર્માચાર્યોની સત્તા વધી ત્યારે જ ધર્મ ક્ષીણ થવા લાગ્યો. અને ખરી ધાર્મિક પ્રેરણા આચાર્યોના હાથમાંથી સરકી જઇ સંતો પાસે ગઇ. હિન્દના સંતો મોટે ભાગે તંત્રવિમુખજ રહ્યા અને જ્યાં એમણે તંત્ર ઊભું કર્યું ત્યા રાજતંત્રની ઢબે નહિ પણ લોકજીવનને અનુકુળ એવુંજ તંત્ર રચ્યું યુરોપમાં શું અને આપણા દેશમાં શું તંત્રવિમુખ સંતોને લીધે જેટલો ધર્મ ટક્યો તેટલોજ ટક્યો છે

જૂની એક કહેવત છે "એક કંબળ પર બાર ફકીરો સુઇ શકે છે, પણ એક મોટા સામ્રાજ્યમાં બે બાદશાહો નભી શકતા નથી" રાજ્યતંત્રનું જ્યાં અનુકરણ હોય ત્યાં એક ઠેકાણે એક જ ધર્મ નભી શકે હિન્દુસ્તાનમાં તમામ દુનિયાના ધર્મો ભેગા થયા છે, કેમકે હિન્દુસ્તાન ખરું જોતાં બાર ફકીરોનું કંબળ છે—આજે ન હોય તોયે એ ફકીરોના કંબળ થવા માટે જ સર્જાયું છે.

જે કોઇ માણસ હિન્દ જોવા આવે છે તે પહેલો જ ઉદ્ગાર કરે છે કે હિન્દ એ એક વિશાળ ધર્મકુટુંબ છે. વાત સાચી છે, પણ તે સંપીલું કુટુંબ નથી. ઘણા ખરા હિંદુ કુટુંબોમાં જેમ ભાઇ ભાઇએ નોખા યે થતા નથી અને સંપાદસંપથી પણ રહી શકતા નથી, અખંડ વિખવાદ ચાલ્યા જ કરે છે; તેમજ હિન્દુસ્તાનના ધર્મોનું પણ છે. વખતે એમ હશે કે હિંદુ કુટુંબ જ્યારે આપણે સુધારી શકીશું અને પરસ્પર પ્રેમ અને આદરથી સુખસંપથી રહેતાં શિખીશું ત્યારેજ ધર્મનો સવાલ પણ ઉકેલાશે અને જ્યાં આજે કેવળ કોલાહલ સંભળાય છે ત્યાં વિશ્વસમૃદ્ધ સંગીત ગગનમંડળને ભરી દેશે.

વાત એ છે કે રાજાઓ અને સરકારો મનુષ્યના બાહ્ય જીવન ઉપર જ અધિકાર ભોગવી શકે છે અને તેથીજ એ દુન્યવી તંત્ર ઉભું કરી એ વાટે પોતાનો ઉદ્દેશ સાધી શકે છે, જ્યારે ધર્મની અસર મનુષ્યના આંતરિક રહી છે અને તેની જે અસર બહાર ઉપર પડે તેજ શુભ છે એમ ધર્મ જાણે છે. ગામના વાતાવરણમાં ધર્મોએ જીવન કરતાં માન્યતા ઉપર વધારે ભાર મૂક્યો છે ધાર્મિક જીવન ગમે તેવું હોય ધાર્મિક માન્યતામાં સમાનતા હોય એટલે બસ એવું વાતાવરણ ઉભું કરી આપણે ધર્મને ગુમાવી નાખ્યો. ધર્મનું સ્વરૂપ એના પાલનમાં એના આચરણમાં, અને ધર્મપરાયણ ચિત્તવૃત્તિમાં છે. ધાર્મિક માન્યતામાંથી ધર્મ ભિન્નતા અને પરમતઅસહિષ્ણુતા ઉત્પન્ન થાય છે. ધાર્મિક જીવનમાંથી ધર્મપ્રેમ ઉત્પન્ન થાય છે અને એમાંથી જ સર્વધર્મ સમભાવ કેળવાય છે.

પૂર્વમાં ધાર્મિક માન્યતામાં સર્વસમાનતા જાળવવા માટે ભારે ા થયા અને ભારે કલેશો ઉભા કરવામાં આવ્યા. આપણે ત્યાં તાઓની બાબતમાં છૂટ હતી, પણ આચારધર્મમાં આળા સમાયાંત્રિક સકંજામાં પકડી રાખવામાં આવતો. પરિણામે બૌદ્ધિક ત્રના તો ખીલી, પણ બુદ્ધિ પ્રમાણે કર્મ કરવાની છૂટ ન હોવાથી–ાર પ્રમાણે આચાર ન કેળવેલો હોવાથી–બુદ્ધિનું તેજ ક્ષીણ થયું. ધર્મની અને દ્વૈતાદ્વૈતની ચર્ચા કેવળ Debating Club (ડીબેકલબ) જેવી થઇ ગઇ. ધર્મ હમેશાં પારમાર્થિક (serious) ; હોવી જોઇએ જેવી માન્યતા એવું જીવન—એવું થઇ જાય ત્યારેજ , શુદ્ધ અને શુભ રહે છે અને આચાર માણસાઇભરેલો, અવિકૃત સંસ્કારસંપન્ન થાય છે. Live what you belive એજ ામાં મોટું ધર્મસૂત્ર અને જીવનસૂત્ર છે.

પણ ધાર્મિક આદર્શ પરમોચ્ચકોટીએ પહોંચેલો હોવાથી એના ચરણમાં મોળા અને આકરા વર્ગો પડવાના. શ્રાવક અને સાધુ, ન્યાસી અને ગૃહસ્થ, શ્રમણ અને શ્રામણેર એવા ભેદો પેદા થયા ી માન્યતાઓને બરાબર વળગી રહો અને આચારણની શિથિલતા ગુજર કરો એવું વાતાવરણ આવવાનું જ અને એમાં–એટલામાં–દોષો ા આવતા, પણ ઇંગ્લાંડમાં પ્રોટેસ્ટન્ટ વેપારીઓએ બીજું એક સૂત્ર પી કાઢ્યું. ધર્મ એ જીવનનું એક અંગ છે. ધર્મને ઠેકાણે ધર્મ મે. વ્યવહારમાં અપેજ ધર્મને લઇ આવો તો વ્યવહારે બગડે અને ધર્મ બડે, એમ કહી ધર્મને એમણે જીવનનું એક રાચરચીલું બનાવી દીધું.

હવે એટલો એટલા દાવડા રહ્યા નથી અને ધર્મનો ખ્યાલ પણ હમેશ ટૂંકો રહ્યો નથી. ધર્મ એટલે જીવન–સંસ્કરણ, જીવનપરિવર્તન એટલુંજ સમજાઇ ગયું છે. હવે જો ધર્મોની વ્યવસ્થા કરવી હોય ા ધર્મધર્મ વચ્ચેનો ઝઘડો છોડી દઇ તમામ ધર્મમાં જે સાચા ધર્મતત્ત્વ છે તેમને તાત્વિક ભેદ ભૂલી જઇ હાર્દિક ઐક્ય ઓળખી માણું-

માટે સંગઠ્ઠન કરવું જોઇએ. દરેક ધર્મમાં ધર્મપરાયણ લોકો પણ હોય છે અને ધર્માભિમાની લોકો પણ હોય છે. ધર્મપરાયણ લોકો ધાર્મિક જીવનમાં ઉંડે ઉતરે છે, પોતાની જાતને સુધારવા અખંડ મથે છે અને એ રીતે ધાર્મિકતાની સુવાસ ફેલાવે છે. પણ આજના જમાનામાં આગેવાની ભોગવે છે ધર્માભિમાની લોકો. એમને ધાર્મિક આચરણની પડી નથી હોતી. એમને તો ધર્મને નામે એક દુન્યવી સંગઠ્ઠન ગોઠવવાનું હોય છે. એવા લોકો જ તે તે ધર્મના અનુયાયીઓને ઉશ્કેરી ધાર્મિક ઝગડાઓ પેદા કરે છે અથવા ચલાવે છે

અને જ્યારે આવા ધર્મ ધર્મ વચ્ચેના ઝગડાઓ ચાલે છે ત્યારે ધર્મશુદ્ધિનું કામ મોળું પડે જ છે. ધર્મસુધારક જો આત્મશુદ્ધિને અર્થે પોતાના સમાજના દોષો ખોલી બતાવે તો શત્રુ આગળ ઉઘાડા પડીશું બીક એવાઓનો અવાજ ગુંગળાવી નાખવામાં આવે છે ભિન્ન લોકો એક બીજાના શત્રુ નથી, પણ સાચા શત્રુ તો અધર્મી એટલે ધર્મવિરોધી લોકો જ છે એ વાત જનતાને સમજાવવી જોઇએ.

એ વાત આપણે સ્પષ્ટ સમજવી જોઇએ કે આજના સામાજિક જીવન માટે દરેક માણસને બધા ધર્મોનું જ્ઞાન-એટલું વધું પણ સમજણ પૂર્વક મેળવવું જ્ઞાન-અત્યાવશ્યક છે, દરેક ધર્મની માન્યતાઓ શી એનું સમાજશાસ્ત્ર શું છે. એને જીવનસિદ્ધિ કેટલી મળી છે અને ક્યાં મળી છે, એનું જ્ઞાન દરેક સંસ્કારી માણસને હોવું જોઇએ

હું માત્ર પોતાનું સાચવી બેસીશ, બીજા સાથે મારો સંબંધ નથી એમ કરી પોતાને નહિ [illegible] સમજાય, બધાને મારા સમજી બધાનું મંગલ કરીશ. બધાને મંગલ કરીને. અને બધા સાથે એકાત્મ [illegible] [illegible] [illegible] જીવનમાં છે [illegible] એક બીજાનો [illegible] [illegible] છે અને [illegible] પોતાનું [illegible] [illegible]

[illegible] એક [illegible] [illegible] વાત આપણ [illegible] [illegible] નહીં—

અત્યાર સુધી આપણે માનતા આવ્યા છીએ કે દરેકને માટે એનો ર્મ સારો. બધાજ ધર્મો સારા છે, માટે કોઈ પોતાનો ધર્મ છોડે નહિ ને બીજાના ધર્મને વખોડે નહિ. આટલે સુધી આ વાત સારી જ છે. ણ આટલાથી હવે આપણું પતે એમ નથી. સ્વધર્મનું સૂત્ર હવે એકાન્તી ણાય છે. સર્વ ધર્મો સાથે પરિચય કેળવી એમને ઓળખી એ વ્યવસ્થામાં માધ આવતા મારા સ્વધર્મનું પાલન કરીશ. એજ આજનો પૂર્ણ ર્મ છે. સર્વ ધર્મોના અધ્યયન પછી જ સ્વધર્મનું રહસ્ય પૂર્ણપણે સમ- ાશે અને એમ કરીને જ બધા સાથે આપણે સુલેહસંપથી રહી શકીશું.

શ્રી શંકરાચાર્યે એ તત્ત્વ ઓળખેલું હતું. એમણે જોયું કે હિન્દુ- તાનમાં અસંખ્ય દેવદેવીઓ પૂજાય છે. અહીંના લોકોની વખતે ગણત્રી ાાય પણ દેવોની ન થઇ શકે. એટલે એમણે પાંચ દેવોને મુખ્ય કલ્પી ાકીના બધાને એનાજ અવતારો બનાવી દીધા. મહાદેવ, વિષ્ણુ, ગણપતિ, વી, અને સૂર્ય એ પાંચ દેવોને હિન્દુ ધર્મના પ્રધાન દેવો તરિકે રજુ ર્યાં અને કહ્યું કે આમાંથી જે દેવ તમારો ઇષ્ટ હોય તેનીજ પૂજા કરો, ણ એની આસપાસ બાકીના ચારને રાખવાજ જોઇએ અને એમની ાાથેજ ઇષ્ટ દેવની પૂજા થઇ શકે. પૂજા હમેશા પંચાયતનની જ થાય આમ કરીને એમણે બધા દેવો માટેનો ભક્તો વચ્ચેનો ઝગડો પતાવી દીધો. હવે આપણે આપણા બધા ધર્મો વચ્ચે આવી જ વ્યવસ્થા કરવી જોઇશે. બધાજ ધર્મો સારા, બધા પ્રત્યે સદ્ભાવ હોવો જોઇએ, બધાની ઉપાસના આપણે સમજી લઇએ, એમાં અમુક અંશે ભાગ પણ લઇએ, પણ વળગી રહીએ પોતાના ધર્મનેજ. જ્યાં બધાજ ધર્મો સાચા છે ત્યાં ધર્માન્તરને અવકાશ જ ક્યાં રહે? બધા જ સાચા અને બધા જ અધુરા અંશે એકાન્તી અને સંપૂર્ણ એ વાત સ્યાદ્વાદ અને સપ્તભંગી ન્યાય સમજનારા જૈનોએ તરત ઓળખવી જોઇએ. સર્વ ધર્મનું જ્ઞાન થાય ત્યારેજ સ્વધર્મનું રહસ્ય સમજાય. ખરું જોતાં જેટલા ધર્મો છે તેટલી જીવન-પદ્ધતિઓ છે. એ બધી પદ્ધતિઓએ જીવનનું દર્શન માણસને થવું જોઇએ એટલેજ બધા ધર્મની જરૂર છે. કહેવાય છે કે રામકૃષ્ણ

પરમહંસે જુદે જુદે વખતે એ બધા ધર્મોની સાધના કરી જોઈ અ
તેઓ એજ નિર્ણય ઉપર આવ્યા કે એ બધા રસ્તાઓ એકજ પ્રાપ
તરફ લઈ જાય છે. આ સાક્ષાત્કાર માટે બૌદ્ધિક અહિંસા એટલે સ્યાદ
અને તપની જરૂર છે.

(યુરોપના કેટલાક લોકો અહિંસાને પૂજે છે, પણ સંયમ અને સ
વાદ ઉપર એમણે ભાર નથી મૂક્યો, તેઓ સંપત્તિના ઉપાસક
એટલે આત્માને ભૂલી ગયા.) આત્મા ઉપર વિશ્વાસ એ ધર્મમાત્ર
પાયો છે જેઓ આત્મામાં નથી માનતા તેમને ગીતાએ આસુરી સંપ
વાળા કહ્યા છે, એટલે ખરું જોતાં દૈવી સંપત્તવાળા અને આસુરી સં
વાળા એવા બેજ વિભાગ માણસ જાતમાં પડી શકે છે અને એ
વચ્ચે માંડવાળ નજ થઇ શકે, દરેક માણસના હૃદયમાં ઓછે વત્તે અ
દૈવી અને આસુરી વૃત્તિઓ હોય છે, એટલે એ બે વચ્ચે સનાતન ઝ
ચાલેજ છે એ યુદ્ધમાં જો આપણે જીતી શક્યા તો સમાજમાં
ધર્મ વચ્ચેનો ઝઘડો એની મેળે સમી જાય. દરેક હૃદયમાં જ્યારે
અને આસુરી સંપત્તિ વચ્ચે ઝગડો ચાલે છે ત્યારે અનેકવાર પ
હૃએથી દૈવી વૃત્તિ બહારથી મદદની આશા રાખે છે, એમાંથીજ
શરણની વૃત્તિ જન્મી છે. सर्व धर्मान् परित्यज्य એમ જ
ભગવાને કહ્યું ત્યારે આર્ય ધર્મ, ઇસ્લામ, બૌદ્ધ કે જૈન ધર્મ, શીખ
ખ્રિસ્તિ ધર્મ એવા ધર્મો ભગવાનની નજર આગળ નહતા. દ્વૈત, અ
અને વિશિષ્ટાદ્વૈત એવા પંથો પણ એમને અભિપ્રેત ન હતા, નાનમ
[illegible] અને [illegible]. એ મહાપુરુષો પણ એમનું [illegible] કદી નહિ
પણ દેહધર્મ અને કુલધર્મ જાતિધર્મ અને વર્ણધર્મ, ગુણધર્મ
[illegible], [illegible] અને આપદ્ધર્મ, એવા એવા તે વખતના સર્વ
[illegible] અને [illegible] ધર્મો. [illegible] કરી ભગવાને કહ્યું કે આ
[illegible]
[illegible]

આચારધર્મ અને ઊંચનીચભાવ.

(વક્તા—મગનલાલ પ્રભુદાસ દેસાઈ.)

[મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨-૯-૩૭ ના (આપેલા વ્યાખ્યાનનો મર્મ નીચે આપવામાં આવ્યો છે.]

પ્રસંગવશાત્ મુંબઈમાં આવ્યો છું તો આપની માળાનો શ્રોતા ાનો લાભ મળશે એમ મનમાં વિચાર થયો હતો. પણ શ્રી. પરમાનંદ-ઈએ મને વક્તા બનવા ખેંચ્યો ને હું એમની માગણી પાછી ન ઠેલી ો. એટલે આજ આપની સામે ઉભો છું. આજનો આપણો જમાનો લે છે બહુ, લખે છે બહુ, છાપે છે બહુ; અને તર્ક તથા કલ્પનાના ા તો છુટાદોર જાણે મુકાયા છે. પરંતુ સંગીન વિચાર અને આચરને મે જો આપણે જોઈએ, તો આપણો યુગ તે પાસું ઓછું જ બતાવી ; છે, એમ આપ સૌ પણ કબુલ કરશો. એ પ્રકારના આજના યુગના ામાં મારે પણ થોડીક આહુતિ આપવાની ભાગે આવી છે.

મુંબઈમાં પહેલી વાર જ આજ મારે બોલવા-પ્રસંગ છે. એટલે ારા બોલવાથી કદાચને તમને દુઃખ તો નહિ પહોંચાડું. હું બોલીશ અહીંના શ્રોતાવર્ગને ગમશે ખરૂં: આવી આવી વાતો મુંઝવણ ર છે ખરી.

તેમાંથી આજના પ્રસંગના વૈશિષ્ટ્યથી મને કાંઈક ઉગારો મળે છે. ર્યુષણનું પર્વ દરેક ધર્માભિમુખ માણસ માટે અંતર્મુખ થઈ પોતાના ચાચાર વિચારને અંગે ચિંતન કરવાને માટે હોય છે. હું પોતે જન્મે જૈન નથી પરંતુ જૈન, બૌદ્ધ, વૈષ્ણવ, શૈવ સૌ સાંપ્રદાયિકો મારે મન એકજ હિંદુ વટ-વૃક્ષની વડવાઈઓ છે એ બધા હિંદુઓ જ છે અને એકજ આર્ય ધર્મધાવણ પીને પુષ્ટ થયા છે એટલે આ પર્વના ચિંતનમાં ભાગ લેતા મને સંકોચ નથી થતો એવા એક સ્વચિંતનનેજ

જાણે આજ જરાક મોટેથી બોલતો હોઉં, એ વૃત્તિ રાખીને હું આગળ બોલવાનો છું. તેથી મને, ઉપર મેં સૂચવ્યો તે પ્રકારનો શ્ર[illegible] ઓછો થાય છે.

૧

મારા મિત્ર ગોપાળદાસ પટેલે વરસેક ઉપર 'આચારાંગસૂત્ર'નો છાયાનુવાદ પ્રસિદ્ધ કરેલો, તે વાંચ્યો ત્યારે તેમાંના એક વાક્યે મારા મન પર જે છાપ પાડી છે તે આજ પણ એવી ને એવી છે. એ છાપને વિષય કરીને મેં આજનું મારું ચિંતન આપને સંભળાવવા ધાર્યું છે. એ વાક્ય પ્રારંભમાંજ કહી દઉં 'મહાવીરસ્વામીનો આચારધર્મ' પુસ્તકના પા. ૧૦૭ માં પરથી એ છેઃ—

'કોઇ પ્રતિજ્ઞા (કે વ્રત, નિયમ યા આચારવિધિ) લેનારે કદી ન બોલવું કે, મેં જ સારી પ્રતિજ્ઞા (કે નિયમ, વ્રત ઇ૦) લીધી પરંતુ એમ માનવું કે, મેં બીજાઓએ જે પ્રતિજ્ઞાઓ લીધી છે અને મેં પણ જે લીધી છે, તે સર્વ જિનની આજ્ઞા પ્રમાણે જ છે, અને પોતાનાથી શક્ય તેવા આચાર પાળી રહ્યા છે."

જૈન આચારસૂત્રના આ વાક્યમાં મેં આજના આપણા યુગને એક ભારે અર્થગંભીર બોધ જોયો, અને પરમાનંદભાઇએ આ પ[illegible] મને બોલવા કહ્યું ત્યારે મેં એ કહેવાની તૈયારીથી હા પાડી. અને મર્મનાં વાક્યો એ પુસ્તકમાં અનેક જગાએ આવે છે એ પરથી આ[illegible] માની શકીએ કે, આચારધર્મના એક મહા-રહસ્યનું દ્યોતક એ છે.

આપ તો જાણો છો કે જૈનધર્મનો ખાસ ને મુખ્ય દાવો એ [illegible] અનેક પાખંડો અને મિથ્યાદૃષ્ટિઓમાં જૈનધર્મે ખરી વિચારાન[illegible] [illegible]દિનાની દૃષ્ટિ બતાવી. કેમ પણ ધર્મ કે દૃષ્ટિનું માર્ગદર્શન ને [illegible] [illegible] ધારવાની તેની શક્તિમાં રહેલું છે. અમુક ધર્મ ખાતે તદ્દન [illegible] મહાન [illegible] છે, મહાન [illegible] [illegible] [illegible]

। એક જ છે ને હોવી જોઇએ કે, તે જીવનનું ધારણ ને પોષણ
઼ છે, તે દ્વારા સાચો જીવનવિકાસ સાધી શકાય છે. કેમ કે,
ાનું પ્રત્યક્ષ ને અનિવાર્ય આરાધ્ય જીવન જ નથી? તેથી તો
રે ઈશ્વરની અનેકવિધ વ્યાખ્યાએ આપી છે તેમાં એક બહુ સૂચક
ાટ એ છે કે,

'जीवनं सर्वभूतेषु'

પ્રાણીનું જીવનતત્ત્વ તે જ મારૂં સ્વરૂપ છે.'

ના ઉદયકાળમાં જૈન ધર્મે આ પોતાનો મોટામાં મોટો દાવો
રેલો કે, તે જીવનધર્મ છે; અન્ય વાદો પરથી માણસ અક્રિયાવાદી
જાઇ શકે, પણ જૈન તત્ત્વ ક્રિયાવાદી છે, કેમકે તે જીવનની
ાના કરવા તત્પર છે. આ દાવો આજના ધર્મસ્વરૂપથી સિદ્ધ છે કે
મે પ્રશ્ન છોડી દઉં છું, તેથી જ મેં ઉપરના મારા કથનમાં
ઉદય-કાળ'નો સાભિપ્રાય ઉલ્લેખ કર્યો છે. પણ આપણે આપણા
-વિષયમાં આગળ ચાલીએ.

જીવનને આરાધ્ય કરીને ચાલતાં, પહેલો જ પ્રશ્ન આવીને ઉભો રહે
એ કે, જીવનનું ધ્યેય શું? હિંદુ ધર્મે-અને તેમાં હું, આદિમાં
ાયો તેમ, જૈન, બૌદ્ધ, વૈષ્ણવ, શીખ વિગેરે તેની સર્વ શાખા-
ાખાએ સમાવું છું-એક જ રીતે અવિવાદગ્રસ્ત ઉત્તર આપ્યો છે કે,
નું ધ્યેય, મોક્ષ છે. આ 'મોક્ષ' શબ્દને સમજાવવાને તથા તેનું
. ઘટાવવાને દરેક શાખા-ઉપશાખાએ ભિન્ન ભિન્ન માર્ગ લીધા છે,
હેવું જોઇએ. પરંતુ જીવનમાં પ્રાપ્ય વસ્તુ 'મોક્ષ' છે એ વિષે
. કશો મતભેદ નથી.

૨

જરાક વિષયાંતર કરીને પણ આજના સમયની એક વસ્તુસ્થિતિ પર
। વિચાર રજૂ કરવા તક લઉં છું. જગતમાં જેમની બોલબાલા છે
દેશોમાં આજ પાર્થિવ જડવાદ જરા વધારે પડતા જોર પર આવ્યો

છે. ગમે તે પ્રકારનો પણ જ્યાં શક્તિનો આવિષ્કાર સવિશેષ હોય [illegible] ઐશ્વર્યનો પરચો પડે, ત્યાં જનના જનાર્દનનું દર્શન કરે છે–તે [illegible] સહેજે વળે છે. આજ યુરોપ જગતમાં શક્તિ સવિશેષે ધરાવે છે [illegible] એના જડવાદનું જોર બીજા પર સ્વભાવતઃ પડે છે. તેને લીધે [illegible] ત્યા પણ જડવાદ ફેશનેબલ થતો જાય છે તેને અંગે એક બે વિ[illegible] રજૂ કરવા જેવા લાગે છે.

એક તો એ કે, આપણે ગમે તે વાદમાં માનીએ,—પાર્થિવવાદ [illegible] કે ચેતન સાચું, આ ધર્મસંપ્રદાય સાચો કે પેલો,—ગમે તે [illegible] મત ધરાવીએ, પરંતુ હિંદુ માટે એક વસ્તુ તો ગૃહીત જ છે કે, [illegible] પણ પ્રકારના મોક્ષમાં તો માને. તેમ ન માને તો તે હિંદુ નામને [illegible] રહે ખરો? પ્રાચીન કાળમાં આજના જેવો વર્ગ ઉભો થયો હો[illegible] તેને અમુક સંપ્રદાય, અમુક વાદ કે દર્શનનું નામ અપાત આજ [illegible] નથી થતું, પણ વસ્તુતાએ રહસ્ય તો એ આવી રહે છે એમાં શંકા [illegible] એટલે જૈનાભિમાની યુવકે આ વિચાર કરવા જેવો છે કે, તેનું અ[illegible] ભિમાન તત્ત્વતઃ તેના નવા વાદ સાથે સંગત છે કે? પરંતુ આ વિ[illegible] તો એક પરિક્ષિપ્ત વિષય જણાય. વસ્તુતાએ આ મોક્ષ ઇ૦ અપાર્થિવ [illegible] એના સ્વીકારમાં શું તથ્ય છે તે જોઈએ.

દરેક જણને સુખ તો જોઈએ છે એમાં શંકા તો નથી જ. [illegible] સુખ મળે એ અભિલાષા પ્રાણીમાત્રને છે એમ કહેવામાં કશો વાંધો [illegible] ફરક એ વસ્તુમાં આવે છે કે, સુખના માર્ગ દરેકને જુદા જુદા હોય [illegible] એક જણ ને મને, "પૈસા અને મનપક મળે તો જીવન સફળ માનું [illegible] [illegible] ને મને સુખ મળે." પૈસા કમાવેલો મનુષ્ય [illegible] [illegible] [illegible] સુખ છે [illegible] [illegible] [illegible]
[illegible]

આ અને આવા પ્રકારના દ્વંદ્વો અનેક આપ કલ્પી શકો છો. મેં
બહુ સ્થૂલ પ્રકાર ઉદાહરણાર્થે આપ્યો છે. બતાવવાની મતલબ એ
, સુખની વાંછા સૌની એકસમાન છે; માત્ર દરેક પોતપોતાના
ાર, સમજ તથા આચારવિચાર પ્રમાણે એ સુખની વ્યાખ્યા કરે છે
એ અનુસાર પછી પોતાનો માર્ગ ગ્રહણ કરે છે. અને જે ભેદ છે
મે છેલ્લી વાતમાં જ છે. આજ એક એવો વાદ શીખવવામાં આવે
ક, જડ પરિસ્થિતિ ને પ્રત્યક્ષ પરિવર્તન એ જ સાચું ચેતનબળ છે,
એને આરાધશો તો સહુ સારાં વાનાં છે. અહીં આગળ મારે એ
દેખાડવું છે કે, દેશકાળ કે ધર્મ યા વાદની કોઇ મર્યાદા વગર
તના સૌ મહાન્ પુરૂષોનો અનુભવ જો કાંઇ લેખામાં હોય, તો તે
રીને કહે છે, સુખની ચાવી બહાર નથી, પણ મનુષ્યના અંતરમાં છે.
લોકોનો આપણને પડકાર છે, "તમે કાંઇ નવું શોધવા નીકળ્યા છો,
ર્તને જાણે આવા કશા પ્રયોગનો અનુભવ જ નથી, એમ ના ભરમાતા.
જનો તમારો વાદ બાલમાં સુખ શોધવાની એક અનંત ભ્રમણાનો જ
પ્રકાર છે. અમે તમને તેમાંય આશિષ દઇએ છીએ. જો જીવન
માં છે એમ લાગે તો જરૂર સત્યનિષ્ઠ થઇ, તત્પરાયણ બની, તેનું
નુશીલન કરજો માત્ર અમે કહીએ છીએ, કે તમે તે શોધનો છેડો
તરમાં જ જોવા આવનાર છો.

મોક્ષ જ જીવનાદર્શ છે એવો ઝઘડો કરવો એ ધર્મનો જ ઇન્કાર
. કેમકે મોક્ષ શાસ્ત્રનુ વિરદવાક્ય આ છે કે —

सत्येन सत्यं ज्ञातव्यं सत्यं सत्यात् प्रवर्तते ।
योऽप्रमत्तस्तु सत्येन स सत्ये रमते चिरम् ॥

અથવા એક અંગ્રેજી વાક્યથી કહું તો, આ છે કે, "The spirit
of Truth will lead you unto the whole Truth." સત્ય-
ારાધનની ઉપાસના સત્યનિષ્ઠ બનીને જ થઇ શકે. સત્યનિષ્ઠ બનો, જેને

સત્ય સમજો તેને તમારા સમગ્ર જીવનથી આરાધો, તો તમને સત્યનું પૂર્ણ પ્રકાશ મળવાનો જ. આ જ સત્યની એકમાત્ર ને સાચી સાધના છે; આ જ વસ્તુને ગાંધીજી સત્યાગ્રહ કહે છે.

એનું અનુશીલન કરવાનું સાચું ક્રિયાશાસ્ત્ર જૈનધર્મે જે લોકો સ્પષ્ટતાથી બતાવ્યું છે તે કદાચ હિંદુધર્મની બીજી શાખાઓએ રીતે નથી બતાવ્યું. જૈન ધર્મની વિશેષતા કદાચ એ જ હોય કે બતાવ્યું કે, જો જીવનની સાધનાનો સાચો માર્ગ સત્યગ્રહ હોય, સર્વ હોય, અને સત્ય તો દરેકને પોતપોતાના સ્વભાવ ને અધિકાર પ્રમાણે જુદું જુદું દેખાય, તો પછી જીવનના મુખ્ય કાયદા તરીકે એ વાત તો સ્વીકારવી જ જોઈએ કે, માનવ સત્યને અનેક પાસાં હોય. આત્યંતિક સંપૂર્ણ સત્યનું પૂર્ણ દર્શન એ રૂપે જ અપૂર્ણ માનવીને શક છે. એટલે કોઈ માણસ પોતાની વાતને એકાંત સત્ય તરીકે ન શકે. જોકે પોતપોતાના જીવન પૂરતી તેમાં સત્ય-શક્તિ છે આવા પ્રકારની નમ્રતા, ઉદારવૃત્તિ, પરમતસહિષ્ણુતા અને વ્યાપક જો માણસમાં ન હોય, તો તે જીવનસાધના કે સત્યોપાસના નહીં જ શકે આજના વિચાર સ્વાતંત્ર્યના કહેવાતા યુગમાં પણ ઉદારદૃષ્ટિ આવી ઊંડી સ્પષ્ટતા જોવામાં નથી આવતી. જૈન ધર્મે પોતાના સા રૂઢ કે અનેકાન્તવાદમાં આ દૃષ્ટિ આપણને શીખવી છે. સૌએ પોતપોતા [illegible] જીવનોપાસના કરી હોય, તો તેનું આક્રમણ આ જ એમ કરવો છે, એ જૈન દર્શનની જગતના તત્ત્વજ્ઞાનને મોટામાં મોટી ભેટ

3

[illegible] અનેકાન્તવાદ [illegible] અનેકાન્તવાદે શીખવ્યું કે [illegible]

ાચારાંગનું મેં પ્રારંભમાં ટાંકેલું સૂત્ર આ પરમ સિદ્ધાંતને આચાર ત્રમાં ઘટાવી બતાવે છે. એ સૂત્રમાં કહે છે કે, "તમે જે આચાર વીકારો તે તમારા વિચારમાંથી ઝરતો હશે. એટલે કે, એ આચાર મને સ્વાભાવિક વિકાસકર અને ઉન્નતવાદી હશે. પણ તેથી એમ ન ાનતા કે એજ સૌ માટે સાચો હોય. બીજાનો ભિન્ન આચાર પણ ેવો જ સત્ય હોઇ શકે છે માટે તમે તમારા આચારને શ્રેષ્ઠ માની મભિમાનથી છકી ન જતા. નહિ તો તેટલા જ માત્રથી તમારૂં પતન યશે-આચાર પછી ભલે ને સોનાનો પણ કેમ ન હોય."

એટલે આ સૂત્ર વિચારક્ષેત્રના સ્યાદ્વાદ જેટલાજ મહત્વનું આચાર-ક્ષેત્રનું સિદ્ધાંતકથન છે. જરાક ઊંડા ઉતરીને જોશો તો જણાશે કે, ાના નાના વાડા, ગચ્છો, સંપ્રદાયો, વગેરેની સંકુચિતતા માત્રનો ઉગમ આચારક્ષેત્રના આ મહાન સિદ્ધાંતને ભૂલવામાંથી થાય છે. એક વ્યક્તિ પોતાના આચારની શ્રેષ્ઠતાથી ગર્વ કરે તો તે અભિમાનઘોડે ચડીને પડયાના દાખલા આપણા શાસ્ત્રોમાં પાર વગરના છે. તેવી જ રીતે એક આચારવાળો સમૂહ સંપ્રદાય બાંધે ને પછી પોતાનું અભિમાન વધારે તો શું થાય એના દાખલા ઇતિહાસને પાને ઓછા ટંકાયેલા છે? મારે કહેવું જોઇએ કે, શાસ્ત્રોએ વ્યક્તિ માટે જેટલો વિચાર કર્યો છે ને તેમાં પાપભયસ્થાનો વિચારી તેને જેટલો ચેતવ્યો છે, એટલો સમૂહને કે આખા સમુદાયને નથી ચેતવ્યો. તેથી તો ઘણીવાર અમૂક શાસ્ત્રના અમૂક વિધાનને જ લઇને સંપ્રદાયી આગ્રહ અને સંકુચિતતાઓ ઉપજવા પામી છે એમાંથી અપાર હિંસાઓ પણ ઉપજી છે. અરે, જે ધર્મ અહિંસા પ્રવર્તાવવા તાકે છે તેમાં જ તે અહિંસાને નામે જ આવી સંકુચિતતાને કારણે, હિંસા જન્મતી આજ આપણે જોઇએ છીએ

આવા પ્રકારની અસહિષ્ણુતા ને સંકુચિતતાથી એક જે વ્યાપક અનિષ્ટ ઉત્પન્ન થાય છે એને ઉદાહરણ રૂપે આપીને મારા કહેવાની મતલબ સમજાવીશ. આ વ્યાપક અનિષ્ટ તે આપણા સમાજમાં ઝેર

જેવો થઈ પડેલો ઉચનીચ ભાવ છે. મેં ઉપર કહ્યું કે, વ્યક્તિ અભિમાન કરે તો તે અસહિષ્ણુ થાય, અભિમાની બને, ને ન્યાયમાર્ગમાંથી પડે. સમૂહ જો અભિમાન કરે તો બીજા સમૂહથી પોતે ઉંચો માને, પછી તેની અવજ્ઞા કરે, તેને અલગ પણ રાખે, પોતે જ વિચાર કર્યા કરે ને પોતાના જ યોગક્ષેમ વિચાર્યા કરે, અને આખા સમૂહમાં ને સમાજમાં સડો પેસાડે. મને લાગે છે કે, ઉચનીચ ભાવ રોગનું મૂળ આચારધર્મના આપણે અત્યારે વિચારતા રહસ્ય અજ્ઞાનમાં રહેલું છે.

૪

અને અંતે આજના આપણા સમાજમાં મોટા પ્રશ્નો રૂપે ઉભા થયેલા કેટલાક દાખલા ટાંકીને હું આજનું ચિંતન પુરૂં કરીશ. આપણા હરિજન ભાઈ બ્હેનોનો દાખલો તો તરતજ તમારા મનમાં આવી ગયો હશે એમ માનું છું. એટલે એની પાછળ હું વિશેષ વખત નથી આપતો. એક બે બીજા દાખલાઓ લઈને મારું મંતવ્ય સ્પષ્ટ કરવા મથીશ.

[illegible] પદવીઓએ એમના ધર્માભિમાનમાં આવી જઈને જે કોમોને [illegible] કરી મૂકેલી છે ને એમનામાં ધર્મબુદ્ધિ ન[થી] એમ પોતાના અભિમાનમાં આવી જઈને માન્યું છે, અને એમને હિંદુધર્મ કે [illegible] પણ દીક્ષા માનવાને અપનાવાની હિંમત કરી [illegible] અભિમાન ને ધર્મપ્રધાન થયું. એને જ મળતા બીજા પરિણામ [illegible] આજ જગતમાં ઉપજાવ્યાં [illegible] છે.

[illegible]

ા કે, તેમની મજૂરી ચૂસવાની વાત તો નથી છોડતા. તમે સ્મૃતિ જુઓ
. ત્યાં પણ ત્રિવર્ણના મદ્ય નિષેધની વાત મળે! જાણે કે ચોથો વર્ણજ
માજમાં નથી, કે જાણે એમના સુખ ને ઉન્નતિ એ ત્રિવર્ણનું કામ ન
ાય ને! આ ઉપેક્ષાની પાછળ એજ ઉંચનીચભાવની બૂ આવે છે.
અમે આચાર ધર્મમાં આગળ છીએ; તમે નથી. તમે વેગળા રહો'–
ેજ જાતની જાણે મનોવૃત્તિએ આ સેડો ન ઉભો કર્યો હોય,
ેમ જ લાગે છે.

જરાક વિષયાંતર કરીને અહીં આજે ગાંધીજીએ સૂચવેલા દારૂબંધીના
ામનો ઇસારો કરનો જાઉં. એ આજ કહે છે. ' દારૂમાંથી ખાસ
યાવવા છે આપણે મજૂર અને હરિજનો તથા એવી પછાત કોમોને'
ા એમના આદેશને જો જૂના સ્મૃતિકારોની મેં ઉપર કહી તે વાત
ેડે સરખાવો, તો સૈકાથી સ્મૃતિઓએ જે દોરવણી આપી નથી તે
ાજના સ્મૃતિકાર આપણને આપે છે. આ પુણ્યપર્વને ટાંકણે હું
ાંધીજીના આ કાર્યને એ રીતે જોવાનું ને તેમાં યથાશક્તિ ભાગ લેવાનું
ાપને સૂચવું છું. ગાંધીજીનાં કાર્યો શુદ્ધ ધર્મ પ્રેરિત છે, એ માટે તો
ાણવું ને સમજવું જોઇએ. સમાજમાં અહિંસાના પ્રચાર અર્થે એ
ાધાં વિચારાય છે. અહિંસાના પૂજારીઓએ તો એમનું રહસ્ય પ્રથમ
ાકડવું ને અપનાવવું જોઇએ.

એક બીજો દાખલો આજનાજ યુગ-પ્રશ્નનો આપીને મારૂં ચિંતન
ારૂં કરીશ. આજકાલ એક એવી વૃત્તિ જોવામાં આવે છે કે, "અમે
ાો અહિંસાના પૂજારી; અમારીજ વસ્તુ આજ ગાંધીજી ખીલવે છે.
'અહિંસા હિંદુ ધર્મનું મહાન લક્ષણ છે." અને આ વૃત્તિ ધારીને
કેટલાક લોક પોતાની ખોટી ઉચ્ચતા કલ્પે છે. ગયા જમાનામાં આ
વૃત્તિ પૂર્વ અને પશ્ચિમની સરખામણી કરવા દ્વારા વ્યક્ત થતી. આ વૃત્તિ
પણ કદાચ દોષિત હોય, આપણે તેનો મર્મ પામ્યા વગર માત્ર
ખોટીજ ... કરીએ.

આજ યુરોપમાં ને આખા જગતમાં યુદ્ધ નિષેધની વાતો ખૂબ
થાય છે. સાથેજ યુદ્ધની તૈયારીઓ પણ એટલીજ ચાલે છે. આપણે
અહિંસાને નામે ઉચ્ચતા સમજનારા એ વખતે શું કરીએ! માત્ર પેલી
વૃત્તિજ ... કરીએ? તો તો કાંઇ રળવાનું નથી. ~~આપણી~~ અહિંસા

[illegible] અને હિંસાકાંડમાંજ જાણ્યે અજાણ્યે ને મને કમને [illegible]
[illegible] આપણુ આ બાબતમાં ગાંધીજી પાસેથી એક મેટી [illegible]
[illegible] કે હમણાંજ તમે આંદામાનના ત્રાસવાદી કેદીઓનું [illegible]
પ્રસિદ્ધ થયેલું જોયું હશે [illegible]માં અહિંસાના ગાંધીજીના પ્રયે[illegible]
[illegible] અપ્રતિમ વિજય છે એ વિજય એમણે ખાલી અહિંસાશક્તિ [illegible]
[illegible] હિંસાથી વધુ કે પ્રબળ ન માનો તો પણ
[illegible] એવા અહિંસાશક્તિ પ્રત્યક્ષ વ્યવહારમાં સિદ્ધ
[illegible] હિંસાથી વારી આપણ[illegible]
[illegible] જીવવાનું મહાન
[illegible] યુદ્ધ વગર [illegible]
[illegible] પડશે આપણે [illegible]
[illegible] તો
[illegible]

ભગવદ્ગીતાની વિશેષતા.

(વક્તા—પંડિત શ્રી. કેદારનાથ.)

તમે બધા ગીતા વિષે કેટલું જાણો છો એ વિષે મને કાંઇ કલ્પના ી. હિંદુ ધર્મમાં ગીતાને સર્વ શ્રેષ્ઠ ગ્રંથ તરીકે માનવામાં આવે છે. ત્વજ્ઞાનના ગ્રંથો અનેક છે, એ બધા હું જાણતો નથી તો પણ જે ઘોડા મેં જોયા છે તે પરથી મને લાગે છે કે ગીતામાં બધાં કરતાં ાંઈક વિશેષતા છે.

કૌરવ પાંડવના રાજ્ય વિષે તેમની વચ્ચે અંદર અંદર ઝગડો હતો. ાંડવો બાર વર્ષ વનવાસ અને એક વર્ષ અજ્ઞાતવાસ ભોગવીને પાછા આવે ત્યારપછી તેમનું રાજ્ય તેમને પાછું આપવાનો કરાર હતો. ઠરાવ્યા પ્રમાણે વનવાસ અને અજ્ઞાતવાસ પૂરો કરીને આવ્યા પછી પાંડવોએ કૌરવો પાસે પોતાનું રાજ્ય પાછું માગ્યું. કૌરવો તે આપના ન હતા. વિષ્ટિ કરવા માટે પાંડવોએ ખુદ શ્રીકૃષ્ણને કૌરવો પાસે મોકલ્યા. શ્રીકૃષ્ણે કૌરવોને સમજુતી લાવવા માટે ઘણી વાતો કરી. "રાજ્ય ભલે ન આપો પરંતુ પાંચે પાંડવોની વચ્ચે એક ગામ આપો. તેટલાથીજ તેઓ સંતોષથી રહેવાને તૈયાર છે. તમારા બધાની વચ્ચે સંપ રહે તેમાંજ તમારા સૌનું કલ્યાણ છે. પાંડવોને તેમના હકનું હોય તે આપો. નહિ આપો તો યુદ્ધ અનિવાર્ય થશે અને તેથી પુષ્કળ અનર્થ થશે" વગેરે કહ્યું. શ્રીકૃષ્ણ અને પાંડવોમાંથી કોઇનીયે ઇચ્છા યુદ્ધ થાય એવી નહતી. પણ કૌરવોમાં સૌથી મોટો ભાઈ દુર્યોધન અતિશય આપમતી હતો, તેણે શ્રીકૃષ્ણનું કહેવું જરાયે માન્યું નહિ. અતિશય નમતું આપવા છતાં તે પોતાની જીદ છોડતો ન હતો. જમીનનો નાનો ટૂકડો પણ પાંડવોને ન આપવાનો તેનો નિશ્ચય હતો. આથી લડાઇ સિવાય બીજો ઉપાયજ નથી એમ જોઈ યુદ્ધ કરવું અનિવાર્ય થયું.

બન્ને પક્ષોનું મળીને અઢાર અક્ષૌહિણી સૈન્ય એકઠું થયું. બન્ને પક્ષો સામ સામે આવીને ઉભા રહ્યા. ભીષ્મ અને દ્રોણ કૌરવોની બાજુએ લડવાને ઉભા રહ્યા હતા. તે બન્ને પાંડવોને પણ પૂજ્ય હતા. લડાઈ શરૂ થતાં પહેલાં શ્રીકૃષ્ણે અર્જુનનો રથ બન્ને સૈન્યની વચ્ચે લાવીને ઉભો કર્યો શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ હતા. અર્જુને કૌરવોનું સૈન્ય જોયું. તેમા ભીષ્મ દ્રોણ જેવા પૂજ્ય જન, સગાં સંબંધી, બંધુવર્ગ વગેરે બધા તેણે જોયા, આ બધાનો સંહાર કરવો પડશે એમ તેના મનમાં આવ્યું. તેથી સંગ્રામ કરવાનો તેનો ઉત્સાહ મંદ પડ્યો અને હું સંહાર કરવા ઇચ્છતો નથી એમ શ્રીકૃષ્ણને કહીને તે યુદ્ધમાંથી પાછો જવા તૈયાર થયો.

આ પ્રસંગે અર્જુનનું કર્તવ્ય શું હતું એ તેને ભગવાન શ્રીકૃષ્ણે ભારોભાર સમજાવીને કહ્યું. આ તેમના ઉપદેશને ગીતા–ભગવદ્ગીતા કહે છે. ગીતા આ પ્રસંગે કહેવાય છે એમ મહાભારત પરથી સમજાય છે. આ વાત ઐતિહાસિક દૃષ્ટિએ કેટલી સાચી છે એ વસ્તુ જુદી છે. [illegible]

[illegible]

ાવામાં આવ્યું છે. પરંતુ ગીતાની વિશેષતા આ બધામાં એજ છે કે ર્મયોગ સાધીને તે દ્વારા શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી—બંધન રહિત વસ્થા કેવી રીતે પ્રાપ્ત કરવી એ છે. ગીતામાં કર્મયોગ વિષે જેવો ાપક રીતે વિચાર કર્યો છે તેવો બીજા કોઇ ગ્રંથમાં કર્યો હોય એવું ારા વાંચવામાં આવ્યું નથી. જો કે મારું વાંચન વિશાળ નથી, તોપણ ઓ બહુશ્રુત છે અને જેમનું વાંચન વિશાળ છે તેમની પાસેથી મેં ાજ વાત સાંભળી છે

ગીતામાં કર્મયોગની શ્રેષ્ટતા-કર્મયોગનું રહસ્ય વારંવાર કહ્યું છે. ણ એ બધાનો સાર એક શ્લોકાર્ધમાં ભરેલો મને જણાઇ આવે છે. कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" અધ્યાય ૨, श्लोक ૪૭, ા તે શ્લોકાર્ધ છે. આ એકજ વચનમાં સર્વ કર્મયોગનું રહસ્ય ભાવેલું છે એમ મને લાગે છે. "કર્મ કરવાનોજ તારો અધિકાર છે, ળની અભિલાષા તું ન રાખ" શ્રી કૃષ્ણ અર્જુનને ફલની આસક્તિ છોડીને કર્મ કરવાનું કહે છે. ગીતામાં જે કર્મયોગ કહ્યો છે તેમાં વિશેષ મહત્વનું આ વચન છે. જગતમાં અનેક પ્રકારના ધર્મ અને ધર્મમતો છે. ઇશ્વર ભક્તિના માર્ગ પણ અનેક છે. પણ "કર્મ કરવાનોજ તારો અધિકાર, ફળની અભિલાષા તું ન રાખ" એવાં વચનો કોઈપણ ઠેકાણે કહ્યાં હોય એમ જોવામાં આવતું નથી. આ કર્મ કર એટલે તને આ ફળ પ્રાપ્ત થશે, પેલું કર્મ કર એટલે બીજું પ્રાપ્ત થશે, સુખ, વૈભવ, સંપત્તિ, રાજ્ય, પુન્યલોક, સ્વર્ગ, કાંઇ પણ પ્રાપ્ત થશે એવી લાલસા ધર્મ તરીકે માનેલાં કે પ્રતિપાદેલાં કર્મનું ફળ છે એમ બધેજ જણાવેલું માલુમ પડશે. કર્મ કરવાનોજ તારો અધિકાર, ફલની અભિલાષા તું રાખ નહિ એમ કોઇએ કહ્યું નથી. એ પરથી એમ લાગે છે કે ગીતામાં કર્મ વિષે જેટલો સુક્ષ્મ અને વ્યાપક વિચાર થયો છે તેટલો બીજે કોઇ ઠેકાણે થયો નથી. હું જે કરીશ તેનું ફળ મનેજ મળવું જોઇએ અથવા મળે છે, તે પ્રમાણે જે કોઇ જે કર્મ

કરશે તેનું ફલ તેનેજ મળવું જોઇએ અથવા મળે છે એ વિચારસરણી અને દૃષ્ટિ અત્યંત સંકુચિત અને સ્વાર્થીપણાની છે એમાં કર્મ પરિણામની સૂક્ષ્મતા અને વ્યાપકતાનો વિચાર કરેલો જણાતો નથી. એ કેમ તે આપણે જોઇએ.

કર્મોના–કર્મનાં પરિણામનો સંબંધ કેટલે દૂર સુધી પહોંચનાર, કેટલા વિશાળ ક્ષેત્ર પર તે પ્રસરનાર છે અને તે આપણા માટે કલ્યાણપ્રદ કે અકલ્યાણપ્રદ થશે એ બધાનો વિચાર કરીને કર્મ ફલ નિરૂપણ કરાવવું ઘટે છે.

કર્મોમાં અનેક ભેદો છે. કેટલાક કર્મો વ્યક્તિ વિષયક, કેટલાંક કૌટુંબિક અને કેટલાંક સમાજ વિષયક હોય છે. કેટલાંક કર્મોનો–કર્મ પરિણામોનો સંબંધ વ્યક્તિ પુરતો, કેટલાકનો કુટુંબ પુરતો ને કેટલાંકનો સમાજ પુરતો હોય છે.

આ રીતે જો કર્મનું ફળ પોતાને સારું મળે તે કર્મ સારું, ખરાબ મળે તે કર્મ ખરાબ એ દૃષ્ટિ કર્મને યોગ્ય–અયોગ્ય ઠરાવવા માટે પુરતી નથી. આ રીતે કર્મ ફળનો વિચાર કરવામાં આ દૃષ્ટિ સંકુચિત હોય છે. કારણ, કર્મફલ એટલે ગુણ કર્મના ઉત્પન્ન [illegible] પરિણામ–જેનો સંબંધ સમાજ જેવા [illegible] નથી [illegible] પરિણામ–ને [illegible] નથી [illegible] સમજતા નથી. [illegible]

[illegible]

રિણામ અનેક છે અને અનેકને તે ભોગવવાં પડે છે. એ વાત સ્પષ્ટ છે માં ગૂઢ જેવું કશું નથી. મનુષ્ય સમુહમાં રહેનારૂં પ્રાણી છે. જેટલા સ્તૃત સમુહમાં તે રહે છે તેટલા વિસ્તૃત ક્ષેત્રમાં આવનાર મનુષ્ય માજનાં નહિ પણ, પ્રાણી વર્ગ નાંમે સુખ દુઃખનો વિચાર કરીને તેણે ાચરણ કરવું જોઇએ. કેવળ પોતાનાંજ સુખ દુઃખનો વિચાર કરનાની દૃષ્ટિ ગીતાને માન્ય નથી. સર્વના ક્ષેમ કલ્યાણનો વિચાર કરનારી ષ્ટિને ધર્મદૃષ્ટિ કહે છે; તે ધર્મદૃષ્ટિથી વિચાર કરીને ગીતામાં કહ્યું ; કે "કર્મ કરવાનો તારો અધિકાર છે, ફળની અભિલાષા તું ન રાખ."

આપણા બધાનાં કર્મનાં પરિણામ આપણે બધાએ મળીને-એકના બીજાએ એમ અરસપરસ ભોગવવાનાં હોય છેઃ સમુહનું પરિણામ સમુહે ભોગવવાનું હોય છે. એવી સ્થિતિમાં આપણને એકલાને સુખ થશે તેજ કર્મ આપણે કરવું એવા નિયમથી સમાજ કદીએ ચાલવો શકય નથી. સર્વના કલ્યાણની દૃષ્ટિએ વિચાર કરીને જે કર્તવ્ય આપણા પર આવ્યું હોય તે, પોતાને શું સુખ મળશે-પોતાને તેનું શું ફળ મળશે એનો વિચાર ન કરતાં કેવળ કર્તવ્ય બુદ્ધિથી તે કર્મ-તે નિયત કર્મ આપણે કરવુંજ જોઇએ એજ ગીતાનું કહેવું છે. જે આપણું નિયત કર્મ છે-ધર્મથી જે પોતા પર આવેલું છે તે પોતે નિષ્કામ બુદ્ધિથી કરવું જોઇએ. તે આપણાથી ટાળી શકાય નહિ; કારણ કે તે કર્મનું-ધર્મનું પરિણામ આપણે એકલાને ભોગવવું પડતું નથી. સર્વ સમાજ વ્યવસ્થિત ચાલે એ માટે જે કર્મ-જે કર્તવ્ય જેને સોંપેલું હોય તે તેણે પોતાનાં સુખ દુઃખ, લાભહાનિનો વિચાર ન કરતાં કરવું એજ તેનો ધર્મ છે. પ્રત્યેક મનુષ્ય કર્મનું સર્વ પરિણામ-સર્વ સમાજ પર થનારૂં પરિણામ જાણી શકતો નથી. તેથી શ્રેષ્ઠ, જ્ઞાની અને સર્વ ભૂતોની હિતની દૃષ્ટિએ વિચાર કરનારા મહાન પુરુષોએ આખી સમાજનું કાર્ય વ્યવસ્થિત ચાલે એ માટે અને સર્વની ઉન્નતિ થાય એ માટે જે નિયમો કર્યા હોય તે પ્રત્યે કે પોતાની વ્યક્તિ-વિષયક ઇચ્છા, વૃત્તિ, અભિરુચિ,

લાભહાનિ કે સુખ દુઃખનો વિચાર ન કરતાં પાળવા જોઈએ એમ ગીતામાં આગ્રહપૂર્વક કહેલું છે સમાજના ધારણ પોષણ અને ઉન્નતિ માટે જ્ઞાનીઓએ જે નિયમો કર્યા છે તે આચરવામાં સમાજનું એકંદરે કલ્યાણ છે, એવી શુભ શ્રદ્ધા આપણામાં હોવી જોઈએ એમ શ્રી કૃષ્ણનું કહેવું છે. કોઈ પણ મહાન કાર્ય નિયમ પાલનથી જ બરાબર થઈ શકે. આપણને સોંપવામાં આવેલું કર્મ યોગ્ય છે કે અયોગ્ય એનો નિર્ણય દરેકને કરતાં આવડતો શક્ય નથી. કર્મમાં ડહાપણ તો હોવાનું જ. આપણા પર કર્તવ્ય તરીકે [illegible] મહેતા [illegible] અથવા તેનાં [illegible] પોતે જ સુધારી શકશે એમ માનવું ક્યારેય શક્ય નથી. પોતે [illegible] "कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन" [illegible]

[illegible]

કર્મનું સારાનરસાપણું, તેની યોગ્યાયોગ્યતા તેના કેવળ બાહ્ય-ઉપર ઉપરના સારાનરસાપણા પરથી ઠરાવવામાં આવતી નથી, તેમ તાત્કાલિક લાભહાનિ કે સુખ દુઃખ પરથી પણ ઠરાવવામાં આવતી નથી. કર્મ જ્યાં સુધી પોતાનીજ સુખાભિલાષ વૃત્તિથી થાય છે ત્યાં સુધી તે કેટલુંયે સરસ લાગે તો પણ તે કર્મથી કર્તાની કે માનવસમુહની કાંઇ ઉન્નતિ થવાની નથી. ઉદાત્ત ભાવના સિવાય-સર્વે લોકોના કલ્યાણના હેતુ સિવાય કરેલું કર્મ ધર્મ્ય ઠરતું નથી અને તેથી ધર્માચરણથી મળનારી શાંતિ પણ તેનાથી પ્રાપ્ત થતી નથી તેથી કર્મ વિષેની સંકુચિત મનોવૃત્તિ આપણે છોડવી જોઇએ, અને દરેક કર્મનો શક્ય તેટલી વ્યાપક અને ઉદાત્ત દૃષ્ટિથી વિચાર કરવાનું આપણે શીખવું જોઇએ. ધર્મ્ય કર્મજ નિર્દોષતાથી, વ્યવસ્થિતતાથી આપણે હાથે થતાં રહે એવી પાત્રતા આપણે મેળવવી જોઇએ.

કર્મ વિષે આવી વ્યાપક અને ઉદાત્ત દૃષ્ટિ થવા માટે-સ્વસુખ, ફળ વિષે નિરપેક્ષવૃત્તિ રાખીને કર્તવ્ય કર્મ સારી રીતે થવાની પાત્રતા આવવા માટે ગીતાના ૧૬ મા અધ્યાયમાં જે દૈવી ગુણો વર્ણવ્યા છે તે આપણામાં આવવા જોઇએ. તે ગુણો આપણામાં આવે તોજ આપણી દૃષ્ટિ વ્યાપક થઇ શકે, મન ઉદાત્ત પવિત્ર અને સાત્વિક થાય અને તદનુરૂપ આપણે વર્તન રાખી શકીએ આ દૈવી ગુણો સિવાય આધ્યાત્મિક ઉન્નતિનો કોઈ પણ યોગ સધાવો શક્ય નથી. આ દૈવી ગુણો પરજ મનુષ્ય સમાજના કલ્યાણનો બધો આધાર છે. જ્યાં જ્યાં આ ગુણો હશે ત્યાં ત્યાં ભાગ્ય અને યશ તેની સાથેજ હશે. મનુષ્યની મનુષ્યતા આ ગુણો પરથી નક્કી થાય છે. સાધુપણાની કસોટી આ ગુણો પરથીજ થાય છે. મનુષ્ય જાતિના અંતિમ કલ્યાણના માર્ગમાંની સર્વે દુર્ધર વિપત્તિઓ-સંકટો સામે લડવાનું સામર્થ્ય આ દૈવી ગુણોને લીધે મનુષ્યને પ્રાપ્ત થાય છે. આ સદ્ગુણો હૃદયમાં મૂર્તિમંત ઉતરે તોજ માનવતાની સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. આધ્યાત્મિક માર્ગમાં આ દૈવી ગુણોનું મહત્વ

જેટલું છે તેટલું બીજી કોઈ વાતનું નથી. એટલે જ ગીતામાં આ ગુણોનું અત્યંત મહત્ત્વ વર્ણવ્યું છે.

"अभयं सत्वसंशुद्धि ज्ञानयोग व्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शांतिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥"

અધ્યાય ૧૬-૧-૩.

નિર્ભયતા, અંતઃશુદ્ધિ, જ્ઞાન અને યોગની વ્યવસ્થિતતા ([illegible]

[illegible]

જેટલું છે તેટલું બીજું કોઈ વાતનું નથી. એટલેજ ગીતામાં આ ગુણેનું અત્યંત મહત્વ વર્ણવ્યું છે.

> "अभयं सत्त्वसंशुद्धिर् ज्ञानयोग व्यवस्थितिः ।
> दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥
> अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
> दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
> तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
> भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥"

અધ્યાય ૧૬-૧-૩.

નિર્ભયતા, અંતઃશુદ્ધિ, જ્ઞાન અને યોગમાં વ્યવસ્થિતતા ([illegible]

[illegible]

આમાંનો અભય-નિર્ભયતા આ એકજ ગુણ લઇએ તો તે સંપૂર્ણ ગુણે મનુષ્યમાં હોવા માટે બીજા અનેક ગુણોની આવશ્યકતા છે. કેવળ એકલો આ ગુણ કોઇનામાં હોવો શકય નથી. ધર્મમાર્ગમાં વિપત્તિ-સંકટનો તોટો નથી. તો પછી વિપત્તિથી જે માણસ ડરતો નથી તેનેજ તે માર્ગ આચરવો શકય થાય છે. ભય અનેક પ્રકારના હોય છે. લોકભય, રાજભય, જરાવ્યાધિ મૃત્યુનો ભય, ગરીબીનો ભય, પ્રતિષ્ઠા માન કીર્તિની હાનિનો ભય, કુરૂપતાનો ભય, સુખના નાશનો ભય, આ રીતે ભયના અનેક કારણો હોય છે. જે જે બાજુથી મનુષ્યને સુખની પ્રાપ્તિ થાય છે અને સુખની આશા હોય છે તે તે બાજુથી ભયનો સંભવ હોય છે. સુખ હોય તો તેનો નાશ થશે એવો ભય તે સાથે જ મનુષ્યને હોય છે. સુખ લાલસા એ બધા ભયનું કારણ છે, એ વાત માણસે સમજવી જોઇએ. જેને નિર્ભય થવું છે તેને સત્ય પર નિષ્ઠા હોવી જ જોઇએ અને જેને સત્ય જોઇએ છે તેને નિર્ભય થવું જોઇએ. ભયગ્રસ્ત મનુષ્ય સત્ય ધારણ કરી શકતો નથી, નિર્ભય અને સત્યવાદીના મનમાં સુખ-લાલસા હોય તો ચાલે નહિ. તેનામાં ત્યાગવૃત્તિ હોવી જોઇએ સત્યવાદી સુખને પકડીને બેસી શકતો નથી કયે વખતે અને કયી ક્ષણે સત્ય માટે તેને સર્વસ્વનો ત્યાગ કરવો પડે એનો ભરોસો નથી. ઇન્દ્રિયદમન, લોલુ-પતાનો અભાવ, ત્યાગવૃત્તિ એ ગુણો સિવાય સત્યમાર્ગમાં આગળ જવું શકય નથી નિર્ભય અને સત્યવાદીમાં ધૈર્યનો અભાવ હોય તો કેમ ચાલે? નિર્ભય અને સત્યવાદી મનુષ્યના હૃદયમાં તેજસ્વીતા હશે જેને ભય નથી તેજ ક્ષમા કરી શકશે. અક્રોધ સિવાય એવી ક્ષમાનો સંભવ નથી. કેવળ ભૂતદયા હૃદયમાં હશે તો અહિંસા, અક્રોધ, મૃદુતા, અદ્રોહ, અપૈશુન, દાન, આર્જવ આ ગુણો આપોઆપ વિકસવાના જ. અહિંસા હશે ત્યાંજ ક્ષમા, અને ક્ષમા હશે ત્યાં અહિંસા હશે જ. સ્વાધ્યાય હશે તોજ જ્ઞાન-વૃદ્ધિ થશે ત્યાગવૃત્તિ સિવાય યથાર્થ કર્મ—સર્વને હિતકર એવું નિષ્કામ કર્મ થઇ શકશે નહિ જેનામાં હિંસાવૃત્તિ નથી તેને ક્રોધ કયાંથી આવશે? અને ક્રોધ ન આવવા માટે હૃદયમાં ભરપૂર મૃદુતા હોવી જ જોઇએ ના?

ઉત્તમાત્મનું દુઃખનિવારણ કરવા માટે જે જે દુઃખ પોતાના પર આવી પડે તે તે સહન કરતાં તેનેજ જો તપ કહીએ તો. બુદ્ધાથી અગર એવું તપ કરી કે? અસત્ય નહિ, ભય નહિ, ક્રોધ નહિ, કોઈપણ લાલચ નહિ ક્ષમા ભરપૂર હોય એવી સ્થિતિમાં હૃદયનું ગરલપણું સહજ હશે ના? અને સત્ય, નિર્ભયતા, ભૂતદયા, અક્રોધ, અંતર્બાહ્ય પવિત્ર, ક્ષમા, મૃદુતા, ધૈર્ય, ઇન્દ્રિયદમન આ બધા મંગળ ગુણોને મેળવીને શાંતિ ક્યાં લગી છે! આપણા હૃદયમાં સ્વેચ્છિતપણે આવનાર સર્વ સદ્ગુણોનાં પરિણામરૂપ અનુભવ એજ શાંતિનું રૂપ નહિ છે! અને શાંતિ હશે ત્યાં સ્થિરતા હશે ના?

[illegible] અનુભવે [illegible] સ્થિતિમાં [illegible] સદ્ગુણોના [illegible] અસત્ય, [illegible] કામના, દુષ્ટતા, [illegible] શાંતિ [illegible] અધીનતા, [illegible] દુર્ગંધતા [illegible]

ામાં કશો અર્થ નથી; તે છૂટશે ત્યારેજ આપણે સત્યમાર્ગે લાગી
ીએ, એમ પૂર્ણપણે સમજતા છતાં કેવળ લોકલાજથી આપણે રૂઢ
ન્યતાઓ છોડીને સત્ય માર્ગે જઇ શકતા નથી. એકાદ કર્મ સારું
ગતાં છતાં લોકરૂઢિ તે પ્રકારની ન હોવાથી તે કરવામાં આપણને
રમ આવે છે. ત્યારે યોગ્ય, હિતકર, નીતિપર અને કલ્યાણદાયી કર્મ
વામાં આડે આવનારી આ ખોટી લોકલાજ આપણે છોડી દેવી જાઇએ;
ને સત્ય અને ધર્મ્ય આચરણ કરવાની દઢતા આપણામાં હોવી
ઇએ. આપણે એકબીજા એકબીજાની ખોટી શરમ રાખીને બેઠેલા
ોએ એમાં આપણું કલ્યાણ નથી એ જેમને સમજાયું છે તેમણે
ર્ભયતાથી સત્યચરણ સ્વીકારવું જોઇએ.

ધર્મનો માર્ગ કેવળ સહેલો નથી, તેમ સદૈવ સંકટોથીજ તે ભરેલો
ેવુંયે નથી. તેમાં દુઃખ, ત્રાસ, અડચણો છે. એ અડચણો ધર્મનાજ
ાર્ગમાં હોય છે એવું નથી। અધર્મના માર્ગમાં શું બધું સુખજ ભરેલું
ે કે? સુખ ક્યાંયે ભરેલું નથી. ધર્મ કહે છે–તુ પોતાના સુખ સાથે
ીજાના સુખનોયે વિચાર કર. અધર્મ કહે છે–તું બીજાના સુખની
રવા ન કરઃ તું પોતે સુખી થા એટલે બસ. પરંતુ બીજાના સુખની
રવા ન કરનારો કેટલો વખત સુખી રહી શકે? પોતાનાજ બળ પર
તે કેટલો કાળ સુરક્ષિત રહી શકે? તેણે પ્રસ્થાપિત કરેલો સિદ્ધાંત–બીજાના
સુખની પરવા કરીશ નહિ–તેને ક્યારે પણ લાગુ પડશે નહિ કે? તે
ક્યારે પણ તેનાજ સુખનો નાશ નહિ કરે કે?

શરીરધારી પ્રાણી દુઃખથી કોઈપણ રીતે પૂરેપૂરો છૂટી શકતો નથી.
તેજ પ્રમાણે તેને સદૈવ દુઃખજ ભોગવવું પડે છે એવુ યે નથી. સુખ
અને દુઃખ એ બે શરીર ધારણ કરનારની પાછળ લાગેલાજ છે. ધર્મ
માર્ગથી ચાલતાં જે દુઃખ આપણા પર આવી પડે તે ન્યાય ઉપાયોથી
ઓછું કરવાનો–દૂર કરવાનો પ્રયત્ન મનુષ્યે કરવો જોઇએ અને તે કર્યા
પછી બાકી જે દુઃખ રહે તે સહન કરવાને માટે જોઇએ વિવેક, ક્ષમતા

અને અહિંસાના તેજે કેળવવાં જોઈએ. જીવન નથી કેવળ સુખમય કે નથી કેવળ દુઃખમય, એટલે સુખદુઃખને સમાન માનવાનું અને કર્તવ્ય કરતા રહેવાનું ગીતા શીખવે છે. જીવનમાં પોતાની ધર્મબુદ્ધિને હમેશાંજ તાબે આપવી પડે છે એવું નથી. જીવનના કઠણ પ્રસંગમાંજ આપણે અધિક સાવધ રહેવું પડે છે. આસ્તિક મનુષ્યને હમેશાં કઠણ પ્રસંગમાંથી જવું જ પડે છે, તેને સ્વસ્થતા ક્યારે પણ મળતી નથી, સ્વસુખનો હમેશાં ત્યાગજ કરવો પડે છે, એમ માનીને ધર્મમાર્ગની બેડી પહેરી, [illegible] ન જોઈએ. જીવનમાં કઠણ પ્રસંગો આવવાનાજ આવે છે તેમ ધર્મમાર્ગે જનાર મનુષ્યને એ ક્યારેક ક્યારેક આવવાનાજ [illegible]

કર્યા સિવાય રહેશે નહિ. દૈવી ગુણોની સહાય વગર કર્મયોગનું આચરણ થઇ શકશે નહિ. નિષ્કામ કર્મયોગ સાધ્ય થશે નહિ. પોતાનું નિયત કર્મ–કર્તવ્ય કર્મ સાંગોપાંગ બજાવીને ફળની આશા ન રાખવી એજ કર્મયોગનું મુખ્ય રહસ્ય છે તે રહસ્ય પ્રમાણે પોતાનું જીવન ચલાવવા માટે નિર્ભયતા સત્ય દયા વગેરે ગુણોની મનુષ્યને અત્યંત આવશ્યકતા છે. આ ગુણો જીવનમાં ન હોય તો કર્મયોગ સમજતાં છતાં તે આચરણમાં આવવો મનુષ્ય માટે અશક્ય છે.

આ દૈવી ગુણોની પૂર્ણતા થવા માટે પોતાની બૌદ્ધિક અને શારીરિક પાત્રતા તેટલા પ્રમાણમાં હોવી જોઇએ. તેનોયે વિકાસ પોતે સાધવો જોઇએ. શારીરિક, બૌદ્ધિક અને માનસિક એ ત્રણ દ્વારા વ્યક્તિનો વિકાસ વ્યક્ત થવો જોઇએ. વિકસિત થવાના આ ત્રણ અંગો છે. એમાંનું એક પણ અંગ કમજોર કે અપૂર્ણ ન રહેવું જોઇએ એટલે કર્મયોગનું યથાર્થપણે આચરણ કરવા માટે આ સર્વ પ્રકારની તૈયારી પોતામાં હોવી જોઇએ.

ગીતા જે કાળમાં કહેવાય છે તે કાળ શ્રી કૃષ્ણનો કહો કે શ્રી કૃષ્ણના નામ પર જે કાળે રચાઈ તે કાળ કહો પણ તે કાળે ચાતુર્વર્ણ્ય પદ્ધતિ પ્રચલિત હતી અને ચતુર્વર્ણના કર્મો ઠરેલાં હતાં–નિયત કરેલાં હતાં. જેના ભાગમાં જે કર્મો આવ્યાં હોય તે તેણે દૃઢ શ્રદ્ધાથી, કુશળતાથી, નિરલસતા અને નિષ્કામતાથી કરવાં એમાંજ તેનું પોતાનું અને એકંદર સમાજનું કલ્યાણ છે એવી ગીતાકારની માન્યતા હતી, મનુષ્યે પ્રત્યેક કર્મ વ્યાપક દૃષ્ટિએ–સર્વ જનસમાજના કલ્યાણની દૃષ્ટિએ કરવું અને પોતાની સંકુચિત દૃષ્ટિ–લાલસા, ફલકામના સ્વસુખ વિષયક ભાવ તેમાં ન રાખવો એવો ગીતાના કર્મયોગનો મુખ્ય સિદ્ધાંત છે. કેવળ પોતાનીજ ઐહિક કે પારલૌકિક કોઇ પણ કલ્પના કે હેતુમાં ઉદાત્તતા નથી. પોતાનુંજ સુખ, પછી તે ઐહિક હોય કે પરલૌકિક હોય પરંતુ તે સુખ પરનીજ આપણી દૃષ્ટિ સંકુચિતજ કહેવી જોઇએ. અજ્ઞાન

સુખમાં આપણું સુખ અને બધાના કલ્યાણમાં આપણું કલ્યાણ, પછી ન ઐહિક હોય કે પારલૌકિક–ભોગ હોય કે મોક્ષ-પણ તે બધાનેજ પ્રાપ્ત થાય એવી ઇચ્છા—આ ઇચ્છા સાત્વિક છે, અધિક વ્યાપક અને ઉદાત્ત છે. જે સમાજમાં સુખનો કે વૈરાગ્યનો, લાભનો કે ત્યાગનો કોઈ વિચાર સામુદાયિક દ્રષ્ટિએ કર્યો હોય અને તદનુસાર મનુષ્યનાં કર્તવ્ય ઠરાવેલ હોય અને તે પ્રમાણે સર્વ સમાજ વર્તન કરવાનો પ્રયત્ન કરતો હોય તો તે સમાજ જગતમાં અધિક સુસંઘટિત, અધિક સમર્થ અધિક કાર્યક્ષમ અને અનેક સદ્ગુણોથી સંપન્ન હોય છે, એટલેજ પ્રત્યેક કર્મનો વિચાર પોતાના સુખની દ્રષ્ટિએ ન કરતાં એકંદરે આખા [illegible]

ઉપરથી નક્કી કરી શકીશું. ગીતાના સમયમાં બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય એ ત્રણ વર્ણ ઉપરાંત ચોથો એક વર્ણ શૂદ્રોનો હતો. બધાનાં કર્તવ્ય કર્મો નક્કી કરેલાં હતાં. આવી રીતે નક્કી કરેલાં કર્મો કરતાં કરતાં પોતાની ઉન્નતિ અને સમાજનું કાર્ય એ બંને કેવી રીતે સાધી શકાય તે કર્મ યોગ વિષે વિચાર કરવાથી સમજી શકાય તેમ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વ્યાપક અને ઉદાત્ત દૃષ્ટિ રાખીને પોતપોતાનાં કર્તવ્યમાં દક્ષ રહે–કર્તવ્ય કરતા રહેવામાં સર્વસ્વનો ત્યાગ કરવો પડે તોયે કરે તો તે કર્મથી તેમનો વિકાસ–તેમની ઉન્નતિ થાય અને તેમના પોતાના કલ્યાણ સાથે સમાજનુંયે કલ્યાણ થાય એવું ગીતાનું કહેવું છે. નિષ્કામ કર્મયોગ આજ વાત સિદ્ધ કરે છે. કર્મયોગ સિવાય ચિત્તની શાંતિના બધા યોગ એકાંગી છે. તેમાં પોતાની શાંતિ સાથે જગતની શાંતિનો વિચાર કરેલો નથી. તે બધા યોગ નિવૃત્તિમાર્ગી છે. પણ કર્મયોગમાં વ્યક્તિ અને સમાજ બંનેના કલ્યાણનો વિચાર કરેલો છે. અન્યજનોના કલ્યાણ માટે જે પોતાનું સર્વસ્વ આપે છે તેને આપણે ઉદાર અને ધર્મિક સમજીએ છીએ–તેના જન્મનું સાર્થક તેણે કરી લીધું એમ સમજીએ છીએ. તે પ્રકારની કર્તવ્યનિષ્ઠા–ઉદારતા આખા સમાજમાં જેનાથી આવી શકે તેને જ આપણે ધર્મ સમજીએ તો? દુશ્મનોથી–શત્રુની ચઢાઈથી સમાજનું રક્ષણ કરવામાં જે સ્વસુખનો વિચાર કરતો નથી પણ પોતાનું કર્તવ્ય સમજી સમાજનું રક્ષણ કરે છે અને તેમ કરતાં પોતાના પ્રાણ ગુમાવે છે તેને જ આપણે ખરો ક્ષત્રિય સમજીએ છીએ ના? દુઃખ અને સંકટના પ્રસંગે જે માણસ સોક્રેટિસ જેવો બને છે અને સર્વ દુઃખ પોતા પર લીધી લે છે અને તે યે પોતાનું કર્તવ્ય સમજીને લે છે તેજ ખરો ક્ષત્રિયના! તેનું જ આપણે ગૌરવ કરીએ છીએ, તેને જ આપણે ધર્મનિષ્ઠ કહીએ છીએ. તો પછી તેજ ન્યાય બ્રાહ્મણ અને વૈશ્યને લગાડીએ તો! બ્રાહ્મણનું કામ સમાજને સાચું જ્ઞાન આપવું, સમાજોપયોગી વિદ્યાકળાની વૃદ્ધિ કરવી એમ માનવામાં આવે તો સત્ય જ્ઞાન આપવાનાં તેણે કોઇ પણ વિકટ પ્રસંગે પીછેહઠ ન કરવી જોઇએ.

પ્રાણના ભયથી, સુખની અભિલાષાથી તેણે સત્ય દાબીને ન રા
ખવું જોઈએ અને અસત્ય ને સત્ય કહેતા ન રહેવું જોઈએ. સત્યનો પ્ર
કાશ પ્રસંગે પ્રાણ આપવા પડે તોપણ સંતોષથી તેમ કરવાને તેણે ત
ત્પર રહેવું જોઈએ. સત્યનો પ્રચાર કરવાનું કામ તેણે ન છોડવું જો
[illegible] કામ તેણે [illegible] આપવામાં
[illegible] દૂર કરવામાં જે [illegible] કરવું પડે
[illegible] તૈયાર રહેવું જોઈએ [illegible] તેણે ધર્મ
[illegible] ધર્મ [illegible] આપણી વૃદ્ધિ કરવાનું જે
[illegible] નિશ્ચયપૂર્વક કરતા રહેવું જો તે
[illegible] અનુસરીને ચાલતા જોઈએ [illegible]
[illegible] પછી અને તેનાથી ઉ
[illegible] તેમ કરવું એ તેઓનું
[illegible] તેમનો ધર્મ
[illegible]

પ્રમાણે દુકાળ જેવા લોકરક્ષણના કાર્યમાં પોતાનું અને પોતાનાં ધનનું
થશે તેનો વિચાર વૈશ્ય કરે તો તે યોગ્ય નથી. આ પ્રસંગે મને
એક સંત પુરુષની વાત યાદ આવે છે તે હું તમને સંક્ષેપમાં કહું છું.

મહારાષ્ટ્રમાં પંઢરપુરની બાજુએ મંગળવેઢા નામનું એક ગામ હતું.
૫ મા-૧૬ મા સૈકામાં બેદરની બાદશાહી હકુમત તેના પર હતી.
દામાજી પંત નામના એક ગૃહસ્થ મંગળવેઢા અને તેની આજુબાજુના
પ્રાંત પર મુખ્ય અધિકારી હતા તેઓ અતિશય સાત્વિક ભગવદ્ભક્ત
અને દયાળુ વૃત્તિના હતા. દરરોજ અતિથિને લઇને જમવા બેસવાનો
નેમનો રિવાજ હતો. એક દિવસે બપોરે એક અતિથિને લઇને તેઓ
જમવાને બેઠા. અતિથિ બ્રાહ્મણ હતો; તે અન્ન જોઇને રડવા લાગ્યો,
તેને દુઃખ થયું. દામાજીપંતે તેને દુઃખનું કારણ પૂછ્યું. બ્રાહ્મણે કહ્યું કે
મને આજ આ અન્ન મળે છે પણ ઘેર સ્ત્રી છોકરાં અન્ન વગર ભૂખ્યાં
છે અમારા ગામ તરફ દુકાળ છે અને ખાવાનું અન્ન મળતું નથી. સ્ત્રી
અને છોકરાં ભૂખ્યાં છે એનું મને સ્મરણ થઇ આવ્યું અને હું દુઃખી
થયો. તે સાંભળીને દામાજીપંતને દુઃખ થયું અને તેમણે બ્રાહ્મણને કહ્યું–
"તમે દુઃખી ન થાઓ, શાન્તિથી ભોજન કરો અને ઘેર પાછા જતાં
સ્ત્રી પુત્ર માટે લઈ જઇ શકો તેટલું અન્ન લઈ જજો ચિંતા કરો નહિ."
બ્રાહ્મણના જમી રહ્યા પછી દામાજીપંતે તેનાં સ્ત્રી પુત્ર માટે અન્ન
આપીને તેને રવાના કર્યો. બ્રાહ્મણ પોતાને ગામ ગયો દામાજીપંત
મંગળવેઢામાં રહે છે, ઘણા દયાળુ છે, તેમણે અન્ન આપ્યું વગેરે હકી-
કતની બધા લોકોને ખબર પડી. દુકાળને લીધે જે લોકોને અન્ન મળતું
નહતું તે બધા મંગળવેઢામાં દામાજીપંત પાસે ગયા અને તેમના બારણા
આગળ બેઠા. તેમણે પોતાની દુઃખી સ્થિતિ પંતને કહી. હજારો લોકોની
આ સ્થિતિ જોઇને તેમને દયા આવી. આટલા લોકોને આપી શકાય
એટલું અન્ન પોતા પાસે તો ક્યાંથી હોય? પણ બાદશાહી કોઠાર તેમના
તાબામાં હતા. બાદશાહની આજ્ઞા સિવાય તેમાંનું અન્ન આપી શકાતું

નહતું. તે જમાનામાં જમીન મહેસૂલ અનાજરૂપે સરકાર લેતી હતી અને
તે અનાજ જમાએ જમાએ કોઠારોમાં ભેગું રાખવામાં આવતું. આ
પ્રસંગે ધર્મ [illegible] શું એનો દાખલાપૂર્વક વિચાર કર્યો અને
નીચેનો નિર્ણય કર્યો. અનાજ પર બાહ્યતઃ માલિકી કોઠારીની છે.
પણ અનાજ પર ખરી માલિકી તો ભૂખ્યા લોકોની જ છે-તેમને માટે
તે અનાજ છે. આ દૃષ્ટાંત [illegible] કોઠારના અનાજના માલિક છે
તે તેમને [illegible] આજ્ઞા આ માટે નથી અને તેઓ અના
આપે નહિ તે પોતાને અપરાધી સમજશે અને પ્રાયશ્ચિત્તની સજા
કરશે. પરંતુ ધર્મદૃષ્ટિ-રહિત [illegible] આપતી નથી.
[illegible]

તેથી લોકોના મનમાં તેમને માટે અતિશય સદ્ભાવ પેદા થયો. દામાજીપંત બાદશાહ પાસે ખેદર પહોંચ્યા તે પહેલાં કોઈ ઉદાર ધનવાન ગૃહસ્થે પોતાનું નામ પ્રકટ ન કરતાં કોઠારના બધા અનાજની કિંમત તરીકે ઘણી મોટી રકમ બાદશાહને ભરી દીધી અને પંતને છોડાવ્યા.

આ વાતમાં દામાજીપંત કેમ છૂટયા એ હકીકત મહત્ત્વની નથી, પરંતુ કઠણુ પ્રસંગે પંતે પોતાનું કર્તવ્ય ઓળખી ધર્માચરણ કર્યું એ જ મુખ્ય વાત છે. દામાજીપંતની પેઠે સમાજમાં પ્રત્યેક માણસ પોતાનું કર્તવ્ય જાણે અને તે આચરે તો તેનું અને સમાજનું કેટલુંયે કલ્યાણ થાય. સમાજોપયોગી કોઇપણ પ્રવૃત્તિમાંથી મનુષ્યે પોતાના આત્મકલ્યાણ માટે નિવૃત્ત થવાની જરૂર નથી. તેણે પોતાના સુખનો સાંકુચિત વિચાર કરીને પોતાનું કર્તવ્ય ન ઠરાવતાં બધાના ન્યાય્ય અને ચિરંતન સુખની વ્યાપક દૃષ્ટિએ પોતાનું કર્તવ્ય ઠરાવવું જોઇએ. બધાના ન્યાય્ય સુખનો વિચાર કરીને મનુષ્યજાતિ પોતાનો ધર્મ ઠરાવશે તો બધાનો ધર્મ એક જ ઠરશે–તે ધર્મમાં અંદર અંદરના કલહને અવકાશ નહિ રહે. આવી સ્થિતિમાં કર્મનું ફલ કર્તાને મળશે જ નહિ એમ પણ નથી. કર્મનાં પરિણામ અનેક રીતે ઘડાઇ આવે છે તે બધાંએ તે કર્મનાં જ ફ્લો છે. તેમાંથી કેટલાંક પરિણામો કર્તાના ભાગમાં આવવાનાં જ. તેમાંથી કેટલાક તેને સુખપ્રદ હશે. તેમાંનાં કેટલાંક પરિણામો પ્રત્યક્ષપણે આવશે તો કેટલાંક પર્યાયથી આવશે; આવ્યા સિવાય રહેવાનાં નહિ. બધાના હિત માટે આચરેલા કર્મમાં તેના પોતાના હિતનો ભાગ હોય જ. તેજ પ્રમાણે બધાનાં જ કર્મમા તેનો હિસ્સો છે. આ સર્વ ભાગ મળે અથવા ન મળે કિંવા ક્યારે કદી મળે એ વિષે શંકા હોય તો પણ કર્મનુ આચરણ કરતા તેના હૃદયમાં રહેલી ઉદાત્ત કર્તવ્ય-બુદ્ધિનુ-ધર્મ બુદ્ધિનું સાક્ષાત ફળ જે શાન્તિ-પ્રસન્નતા તે તો તેનેજ મળે છે, તે બીજું કોઇ લઇ શકતું નથી બીજા કોઇને તે મળી શકતી નથી આ શાન્તિ એજ કર્મનુ ખરૂ ફળ છે. આ ફળની

સિવાય કદાપિ પણ રહી શકાતી નથી. સર્વસ્વનો ત્યાગ કરીને મારું આત્મ પ્રેમ કરવાનું કે-પ્રેમ કરી લેવાનું છે. માનવ-જન્મ મ[illegible] મળે છે. જેમ જેમ માલુમ પડતું થતો જાય છે તેમ તેમ આ પ્રમાણ સિવાય બીજા કશાની તે અપેક્ષા કરતો નથી.

કોઈ ચેતન ભૌતિક માનસિક અથવા પરલૌકિક સુખના હેતુ [illegible]

માર્ગમાં દાખલ થાય છે. ત્યાંયે આત્માનંદ, બ્રહ્માનંદ આદિ આનંદ ભાવના નિર્માણ કરવા લાગે છે. એકંદર સરવાળે આનંદનું પૂછડું તે છોડતો નથી. જીવમાત્રની સહજ પ્રવૃત્તિ આજ છે, પરંતુ મનુષ્યનો આજ ધર્મ છે એમ આ સહજ પ્રવૃત્તિ પરથી ઠરાવી શકાય નહિ. મનુષ્ય વિષયમાં મગ્ન હોય છે ત્યારે કર્તવ્યનો વિચાર કરતો નથી. ઇશ્વરની પાછળ લાગે છે. જ્ઞાનની પાછળ લાગે છે ત્યારે યે કર્તવ્યનો વિચાર કરતો નથી. સુખ-આનંદ લાગે છે ત્યાંસુધી કોઇ પણ પ્રવૃત્તિમાં રહેવું એટલે પોતાનાં સુખમાં રહેવું. તે સુખમાંથી મન ફર્યું કે તે પ્રવૃત્તિ છોડવી. તે છોડતાં માતાપિતા, સ્ત્રીપુત્ર-પરિવાર કે સમાજના સુખનો-સગવડનો-એમના વિષેના કર્તવ્યનો વિચાર પણ તેણે ન કરવો એમાં કેવળ સ્વાર્થ સિવાય બીજું શું છે? શોધતાં યે તેમાં બીજું શું મળે છે? પોતાનું જીવન પોતાનાં સુખ માટે છે એ ક્ષુદ્ર ભાવનામાં માનવ્ય કે ધર્મ ઠરાવવાનું સામર્થ્ય નથી. સ્વસુખની સંકુચિત અને ક્ષુદ્ર ભાવનાના ક્ષેત્રની પેલી પાર ગયા સિવાય ધર્મનો પ્રદેશ હાથ લાગશે નહિ-ધર્મ સૂઝશે નહિ. ધર્મ જોઇતો હોય-શાંતિ, પ્રસન્નતાનો લાભ થાય એવી ઇચ્છા હોય તો સંકુચિત ભાવનામાંથી નીકળી જઇને આપણે આગળ જવું જોઇએ. કર્તવ્યનિષ્ઠને સુખ અથવા આનંદ મળતો જ નથી એમ નથી. તે તેને મળે છે પણ તે તેના જીવનનો હેતુ નથી હોતો. જે પ્રમાણે દયાવાન પરોપકારી કે દાની પુરૂષને કીર્તિની ઇચ્છા નથી હોતી છતાં તેને કીર્તિ પ્રાપ્ત થાય છે. કીર્તિની પ્રાપ્તિ એ તેનો ઉદ્દેશ નથી હોતો; જીવનું દુઃખનિવારણ કરવું એ તેનો ઉદ્દેશ હોય છે. તે પ્રમાણે કર્તવ્યનિષ્ઠ હોવું-ધર્મમાર્ગ પર હોવું એટલોજ કર્તવ્યનિષ્ઠનો હેતુ હોય છે. કર્તવ્યનિષ્ઠ રહેવામાં જે શાંતિ મળે તેટલાથી તે સંતુષ્ટ હોય છે.

આવી રીતની શાંતિ મેળવવા માટે કર્તવ્ય કરવાની જરૂર છે. તે કર્તવ્ય સારી રીતે, નિર્દોષ રીતે પાર પાડવા માટે કર્મકૌશલ્ય પ્રાપ્ત કરવું જોઇએ. તે કૌશલ્ય માટે શારીરિક અને બૌદ્ધિક વિકાસની અત્યંત

આપણે પોતેજ પોતાનો ઉદ્ધાર કરનાર છીએ અને આપણે પોતેજ ોતાને અધોગતિએ લઈ જનાર છીએ–આપણા કલ્યાણ કે અકલ્યાણના રનાર આપણે પોતે જ છીએ એમ કહેવાનો ગીતાનો ઉદ્દેશ છે. પોતાના વાય બીજો કોઇ પોતાનો કલ્યાણકર્તા નથી અને પોતાનો શત્રુ પણ જો કોઇ નથી. મનુષ્ય નિશ્ચય કરશે તો પોતે કલ્યાણ સાધી શકશે નુષ્યે પોતે આત્મવિશ્વાસુ બનવું, સ્વતંત્ર થવું એ ગીતાનો ઉદ્દેશ છે. ોતાના હાથમાં પોતાનું હિત સમાયલું છે એ બતાવવા માટે ગીતામાં ા વચન મૂકેલું છે. પોતાનો ઉદ્ધાર બીજા કોઇના હાથમાં છે એમ ણે ન સમજવું અને પોતાને નુકસાન કરનાર–પોતાને દુઃખ દેનાર કોઇ ીજો સેતાન છે એ પણ તેને સમજવું નહિ. ધર્મબુદ્ધિથી વર્તતાં મનુષ્ય ોતાનું કલ્યાણ કરી શકે છે; કલ્યાણ એટલે આત્મકલ્યાણ–આત્મસિદ્ધિને ા પ્રાપ્ત કરી શકે છે. ગીતાએ પોતાની સિદ્ધિ પોતાના હાથમાં આપી ે આ શ્લોકનો સાધારણ ભાવાર્થ આ છે

ગીતામાં આવા કેટલાયે વચનો છે અને કેટલાયે શ્રેષ્ઠ સિદ્ધાંતોથી તે ભરેલી છે. ગીતા શ્રી કૃષ્ણે અર્જુનને કહી કે તેનો કર્તા કોઈ જુદો છે, તે મહાભારતના કાળમાં કહેવાઇ કે ત્યાર પછી ક્યારે કોઇએ તે રચી, તે હિંસા પર છે કે અહિંસા પર–એ બધા વાદગ્રસ્ત પ્રશ્નો છોડીને એ બંધનમાં ન પડતા સમાજ વ્યવસ્થા ન તોડનાં કર્મ એટલે કર્તવ્ય કેવી રીતે કરવું અને કયા હેતુથી કર્મ કરના રહીને જગતનું કાર્ય સુવ્યવસ્થાથી ચાલતું રહે અને મનુષ્યને બંધનરહિત અવસ્થા પ્રાપ્ત થાય–તેનાથી પ્રાપ્ત કરી શકાય એ વિષે ગીતામાં આપણને શાખ શીખવાનું મળે છે કે કેમ એ દૃષ્ટિએ તમે ગીતાનો અભ્યાસ કરો એવી મારી તમને સર્વને વિનતી છે. ગીતામા હિંસા કરવાની કહી છે એ એકજ વિચારથી ગીતાવિષે અનાદર ઉત્પન્ન ન થતા ખરેખર જીવન- [illegible] કાર્ય સિદ્ધાંતોનો ખુલાસો કે ઉકેલ તેમા મળે છે કે નહિ તે આપણે [illegible] એ ભ[illegible]ની યુદ્ધના પ્રસંગે–[illegible] તેજ વખતે–અર્જુન પોતાનું

સંપ્રદાયો અને રાષ્ટ્રીય મહાસભા.

(વ્યાખ્યાતાઃ—પંડિત સુખલાલજી)

મેં લગભગ પચીસેક વર્ષ પહેલાં જ્યારે બંગભંગનું પ્રબલ આંદોલન ચાલતું ત્યારે એક સંતવૃત્તિના વિદ્યાપ્રિય જૈન સાધુને પૂછેલું કે મહારાજશ્રી, તમે કોંગ્રેસની પ્રવૃત્તિમાં ભાગ કાં ન લ્યો, કેમકે એ તો રાષ્ટ્રીય સ્વતંત્રતા માટે લડનારી અને તેથી જ જૈનોની સ્વતંત્રતા માટે પણ લડનારી સંસ્થા ગણાય? એમણે સાચા દીલથી પોતે માનતા કે સમજતા તેવો જ જવાબ વાળ્યો, 'મહાનુભાવ, એ તો દેશની સંસ્થા કહેવાય, એમાં દેશકથા અને રાજકથા જ આવવાની. વળી રાજ્ય-વિરોધ તો એનું ધ્યેય જ છે. એવી કથાઓના અને રાજ્યવિરોધના અમ ત્યાગીઓને, એવી સંસ્થામાં ભાગ કે રસ લેવાનું શી રીતે ધર્મ્ય હોઇ શકે?' ક્યારેક બીજે પ્રસંગે ઉપનિષદ્ અને ગીતાના સતત પાઠી એક સંન્યાસીને એજ સવાલ પૂછેલો. તેમણે ગંભીરતાથી જવાબ આપેલો કે ક્યાં અદ્વૈત બ્રહ્મની શાંતિ અને ક્યાં ભેદભાવથી ભરેલી ખીચડી જેવી સંક્ષોભકારી કોંગ્રેસ. અમારા જેવા અદ્વૈતપંથે વિચરનાર અને ઘરબાર છોડી સંન્યાસ લેનારને વળી એ ભેદ-એ દ્વૈતમાં પડવું કેમ પાલવે? પુરાણ અને મહાભારતના વીરરસ પ્રધાન આખ્યાનો કહેનાર એક કથાકાર વ્યાસે કાંઇક એવા પ્રશ્નના જવાબમાં ચોખ્ખુંચટ સંભળાવેલું કે જોઇ જોઇ તમારી કોંગ્રેસ. એમાં તો બધા અંગ્રેજી ભણેલા કશું ન કરનાર માત્ર અંગ્રેજીમાં ભાષણ આપી વીખરાઇ જાય છે એમાં મહાભારતના સૂત્રધાર કૃષ્ણનો કર્મયોગ ક્યાં છે! જો તે વખતે મેં કોઇ ખરા મુસલમાન મોલવીને પૂછ્યું હોત તો એ પણ લગભગ એવોજ જવાબ આપત કે કોંગ્રેસમાં જઇને શું કરવું? એમા ક્યાં કોંગ્રેસના ફરમાનો અનુસરાય છે! એમાં તો જાતિભેદ પોષનાર અને સગા ભાઇઓને પારકા માનનાર લોકોનો શંભુમેળો થાય છે. કટ્ટર આર્યસમાજી જવાબ આપનાર હોત તો તે વખતે એમ જ કહેત કે

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરવાનું નવું તાજું સાધન મળી આવ્યું. પણ પેલા આક્ષેપના જવાબનું શું થાય? જવાબો તો દેશમાંની જુદી જુદી જૈન સંસ્થાઓએ ઘણા વાળ્યા; પણ એ તો લાલાજીજેવા સમર્થ વ્યક્તિત્વવાળા દેશભક્ત સામે મચ્છરના ગણગણાટ જેવા હતા. બધા જૈન પત્રો ક્ષણ ભર ઉકળ્યાં અને પાછાં શમી ગયાં તિલક સામે કહેવાની કોઇ જૈન ગૃહસ્થ કે ત્યાગીની હિંમત જ ન હતી. સૌ સમજતું ને માનતું કે વાત ખરી છે. રાજકાર્યમાં તે વળી ચાણક્યનીતિ વિના ચાલે! પણ એનો સરસ જવાબ જૈનો પાસે એજ હોઇ શકે કે ત્યારે એવી ખટપટી સંસ્થામાં આપણે ભાગ જ ન લેવો એટલે પાપથી બચ્યા.

અચાનક હિંદુસ્તાનના કર્મક્ષેત્રના વ્યાસપીઠ ઉપર એક ગુજરાતનો તપસ્વી આવ્યો એણે જીવનમાં ઉતારેલ સિદ્ધાન્તને બળે લાલાજીને જવાબ આપ્યો કે અહિંસાથી નમાલાપણું આવે છે કે તેમાં અપરિમિત બળ પણ સમાયેલુ છે? વળી એણે એ પણ સ્પષ્ટ કર્યું કે હિંસા એ માત્ર વીરત્વનીજ પોષક હોત અગર થઇ શકે તો જન્મથીજ હિંસાપ્રિય રહેનારી જાતિઓ બીકણ કેમ દેખાય છે? આ જવાબ જો માત્ર શાસ્ત્રને આધારે અગર કલ્પનાના બળે અપાયો હોત તો તો એની ધજ્જીઓ ઉડાવાતઃ અને લાલાજી જેવા સામે કશું ન ચલત. તિલકને પણ એ તપસ્વીએ જવાબ આપ્યો કે રાજનીતિનો ઇતિહાસ ખટપટ અને અસત્યનો ઇતિહાસ છે ખરો, પણ કાંઈ એ ઇતિહાસ ત્યાંજ પૂરો થતો નથી એનાં ઘણાં પાનાં હજી લખવાનાં બાકી જ છે નિલકે એ દલીલ માન્ય ન રાખી પણ તિલકના ઉપર એટલી છાપતો પડેલી હતી જ કે આ દલીલ કરનાર કાંઇ માત્ર બોલનાર નથી. એ તો કહે તે કરી બતાવનાર છે; અને વળી તે સાચો છે. એટલે તિલકથી એ સામેના કથનને એકાએક ઉવેખી શકાય એમ તો હતું જ નહિ અને ઉવેખે તોયે પેલો સત્યપ્રાણ કશાં કોઇની દરકાર કરે એમ હતો!

અહિંસા ધર્મના સમર્થ ભાષ્યકારના વજનથી જૈનોને ઘેર લાપશીનાં આંધણ મૂકાયાં સૌ રાજી રાજી થયા. સાધુઓ અને પારશ્રિ

[illegible]

ાનું નવું તાજું સાધન મળી આવ્યું. પણ પેલા આક્ષેપના જવાબનું
થાય? જવાબો તો દેશમાંની જુદી જુદી જૈન સંસ્થાઓએ ઘણા
ા; પણ એ તો લાલાજીજેવા સમર્થ વ્યક્તિત્વવાળા દેશભક્ત સામે
જરના ગણગણાટ જેવા હતા. બધા જૈન પત્રો ક્ષણ ભર ઉકળ્યાં અને
ાં શમી ગયાં. તિલક સામે કહેવાની કોઇ જૈન ગૃહસ્થ કે ત્યાગીની
મત જ ન હતી. સૌ સમજતું ને માનતું કે વાત ખરી છે. રાજકાર્યમાં
વળી ચાણક્યનીતિ વિના ચાલે? પણ એનો સરસ જવાબ જૈનો
ાસે એજ હોઇ શકે કે ત્યારે એવી ખટપટી સંસ્થામાં આપણે ભાગ જ
લેવો એટલે પાપથી બચ્યા.

અચાનક હિંદુસ્તાનના કર્મક્ષેત્રના વ્યાસપીઠ ઉપર એક ગુજરાતનો
પસ્વી આવ્યો એણે જીવનમાં ઉતારેલ સિદ્ધાન્તને બળે લાલાજીને
વાબ આપ્યો કે અહિંસાથી નમાલાપણું આવે છે કે તેમાં અપરિમિત
ળ પણ સમાયેલુ છે? વળી એણે એ પણ સ્પષ્ટ કર્યું કે હિંસા
ે માત્ર વીરત્વનીજ પોષક હોત અગર થઇ શકે તો જન્મથીજ
હિંસાપ્રિય રહેનારી જાતિઓ બીકણ કેમ દેખાય છે? આ જવાબ
ો માત્ર શાસ્ત્રને આધારે અગર કલ્પનાના બળે અપાયો હોત તો
ો એની ધજીઓ ઉડાવાત; અને લાલાજી જેવા સામે કશું ન
ચાલત. તિલકને પણ એ તપસ્વીએ જવાબ આપ્યો કે રાજનીતિનો
ઇતિહાસ ખટપટ અને અસત્યનો ઇતિહાસ છે ખરો, પણ કાંઈ એ
ઇતિહાસ ત્યાંજ પૂરો થતો નથી એનાં ઘણાં પાનાં હજી લખવાનાં
બાકી જ છે તિલકે એ દલીલ માન્ય ન રાખી પણ તિલકના ઉપર
એટલી છાપતો પડેલી હતી જ કે આ દલીલ કરનાર કાંઇ માત્ર બોલનાર
નથી. એ તો કહે તે કરી બતાવનાર છે; અને વળી તે સાચો છે. એટલે
તિલકથી એ સામેના કથનને એકાએક ઉવેખી શકાય એમ તો હતું જ
નહિ અને ઉવેખે તોયે પેલો સત્યપાળ ક્યાં કોઇની દરકાર કરે એમ હતો?

અહિંસા ધર્મના સમર્થ બચાવકારના વજાથી જૈનોને ઘેર લાપ-
સીનાં આંધણ મૂકાયાં. સૌ રાજી રાજી થયા. સાધુઓ અને પાઠશિય

ધાર્મિકતા કોંગ્રેસની બહાર રહેવામાં જ સાબીત કરતા. એજ રીતે જ્યારે ગાંધીજીની સત્ય અને અહિંસાની તાત્ત્વિક દષ્ટિ રાજકીય ક્ષેત્રમાં દાખલ થઈ ત્યારે પણ અહિંસાના અનન્ય ઉપાસક અને પ્રચારક તરીકે પોતાની જાતને માનતા મનાવતા કટ્ટર જૈન ગૃહસ્થો અને જૈન સાધુઓ કોંગ્રેસના દરવાજાથી દૂરજ રહ્યા; અને તેની બહાર રહેવામાંજ પોતાના ધર્મની રક્ષા કરવાનો સંતોષ પોષવા લાગ્યા.

પણ દૈવ કેળવણી દ્વારા જુદી સૃષ્ટિ ઘડી રહ્યું હતું. દરેક સંપ્રદાયના યુવકોમાં ઓછા કે વત્તા પ્રમાણમાં કેળવણીએ પરિવર્તન શરૂ કરી દીધું હતું. યુવકોનું વિચારબિંદુ ઝપાટાભેર બદલાવા મંડયું હતું. કેળવણીએ કટ્ટર સાંપ્રદાયિક પિતાના પુત્રોમાં તેમના પિતા કરતાં મોટું મન અને વિશાળ દષ્ટિબિંદુ નિર્માણ કર્યું હતું. તેથી દરેક સંપ્રદાયની નવી પેઢીને પછી તે પોતાના ધર્મશાસ્ત્રના મૂળ સિદ્ધાંતો બહુ-ઝીણવટથી જાણતી હોય કે નહિ છતાં એમ સ્પષ્ટ જણાવા લાગ્યું કે આપણા વડીલો અને ધર્માચાર્યો જે જે ધર્મસિદ્ધાન્તોની અને સાંપ્રદાયિક વિશેષતાઓની મહત્તા ગાય છે તે સિદ્ધાંતોને તેઓ પોતપોતાના વાડાસુદ્ધામાં સજીવ કે કાર્યશીલ કરતા નથી અગર કરી શકતા નથી તેમજ પોતાના વાડા બહાર કોંગ્રેસ જેવા વ્યાપક ક્ષેત્રમાં પણ તેઓ પોતાના સિદ્ધાન્તની સક્રિયતા અને શક્યતામાં માનતા નથી. એટલે નવી પેઢીએ જોઇ લીધું કે તેમને વાસ્તે પોતપોતાના સંપ્રદાયો વ્યવહાર અને ધર્મ—બન્ને દષ્ટિએ માત્ર બન્ધનરૂપ છે. આ સમજથી દરેક સંપ્રદાયની શિક્ષિત નવી પેઢી રાષ્ટ્રીય મહાસભા તરફ વળી વળી સાંપ્રદાયિક ભાવ છોડી તેને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

આ ક્ષણે સંપ્રદાયના કટ્ટર પંડિતો ધર્માચાર્યો તેમજ મહાસભાનુગામી નવી પેઢી વચ્ચે વિચારદ્વંદ્વ શરૂ થયું. કટ્ટર મુલ્લા કે મૌલવી તરૂણ મુસ્લીમોને કહેતો કે તમે કોંગ્રેસમાં જાઓ છો પણ ત્યાં તો ઇસ્લામ વિરુદ્ધ થતું બને છે; તમારી ફરજ સર્વથી પહેલાં પોતાના દીન ઇસ્લામને-પ્રકાશવાની અને પોતાના દીન મુસલમાનોને વધારે મજબૂત બનાવવાની

ી પેઢીનું માનસ પણ વધારે સમજણું અને વધારે અસંદિગ્ધ બન્યું
અત્યારનો તરૂણ ક્રિશ્રન એમ સ્પષ્ટપણે સમજે છે કે ગરીબો અને
ખીઓની વ્હારે ધાવાનો ખ્રિસ્તનો પ્રેમસંદેશ જીવનમાં સાચી રીતે
ારવો હોય તો તે વાસ્તે હિંદુસ્તાનમાં રહી રાષ્ટ્રીય મહાસભા જેટલું
ાળું વિશાળ અને અસંકુચિત ક્ષેત્ર મળવાનું શક્ય જ નથી. આર્ય
માજની નવ પેઢીનો પણ નિશ્ચય છે કે સ્વામી દયાનંદે ઉપસ્થિત કરેલ
ાં જ કાર્યક્રમ તેમનાય દૃષ્ટિબિંદુ કરતાં વધારે વ્યાપક દૃષ્ટિબિંદુથી
ને વધારે વિશાળ ક્ષેત્રમાં અમલમાં મુકવાનું કામ કોંગ્રેસ કરી રહી છે.
સ્લામી નવીન પેઢી પણ પોતાના પેગમ્બર સાહેબના ભ્રાતૃભાવના સિદ્ધાંતને
ંગ્રેસના પંડાલમાં જ મૂર્તિમાન થતો જોઇ રહી છે. કૃષ્ણના વંશજ અને
કતોની નવ પેઢી તેમના કર્મયોગની શક્તિ કોંગ્રેસમાંજ જોવા પામે
. નવી જૈન પેઢી પણ મહાવીરની અહિંસા કે અનેકાંત દૃષ્ટિની
યવહારૂ તેમજ તાત્વિક ઉપયોગિતા કોંગ્રેસના કાર્યક્રમ સિવાય અન્યત્ર
ેતીજ નથી. આમ હોવાથી અત્યારે જૈન સમાજમાં એક જાતનો
ાસ ઉભો થયો છે કે જેનાં બીજ તો ઘણા દિવસો અગાઉ વવાયાંજ
તાં. અત્યારે વિચારક યુવકો સામે મુદ્દો એ છે કે તેમણે પોતાના
િચાર અને કાર્યનીતિ પરત્વે આખરી ફેંસલો ઘડી જ કાઢવો જોઇએ,
જેથી જેને સમજાય તે એ ફેંસલાને અનુસરે, જેને ન સમજાય એ
ભલે જુની ઘરેડ તરફ ચાલ્યા કરે. હવે પછીની નવીન પેઢી વાસ્તે
પણ તદ્દન ચોખ્ખા શબ્દોમાં એવા ફેંસલા અને કાર્યક્રમની અનિ-
વાર્ય જરૂર છે

હુ સ્પષ્ટપણે જોઉં અને માનું છુ કે રાષ્ટ્રીય મહાસભાના ધ્યેય,
તેની વિચારસરણી અને તેના કાર્યપ્રદેશમાં અહિંસા અને અનેકાન્ત
દૃષ્ટિ જે જૈન તત્વના પ્રાણ છે તે વધારે તાત્વિક રીતે અને વધારે
ઉપયોગીપણે કામ કરી રહ્યા છે. હા, કોંગ્રેસના પડાલનાં આસનો
ઉપર પીત કે શ્વેત વસ્ત્રધારી વા નગ્નમૂર્તિ જૈન સાધુઓ બેઠેલા નહિ

[illegible]

[illegible]

[illegible]

આપણે એજ ઉપદેશકોને પૂછીએ કે તમે જ ત્યારે એ સિદ્ધાંતો પ્રમાણે કેમ નથી વર્તતા? તે વખતે તેઓ એક જ જવાબ આપવાના કે લોકરૂઢિ બીજી રીતે ઘડાઇ ગઇ છે એટલે એ પ્રમાણે વર્તવું કઠણ છે. વખત આવતાં રૂઢિ બદલાશે ત્યારે એ સિદ્ધાંતો અમલમાં આવવાના જ. એ ઉપદેશકો રૂઢિ બદલાય ત્યારે કામ કરવાનું કહે છે. એવી સ્થિતિમાં એ રૂઢિ બદલી, તોડીને તેમને વાસ્તે કાર્યક્ષેત્ર નિર્બાધ કરવાનું કામ કોંગ્રેસ કરી રહી છે અને એ જ કારણે વિચારક નવપેઢીને કોંગ્રેસ સિવાય બીજો કોઇ સાંપ્રદાયિક કાર્યક્રમ સંતોષી શકે એમ છે જ નહિ.

હા, સંપ્રદાયમાં સંતોષ માની લેવા જેવી ઘણી વસ્તુઓ છે; જે તેને પસંદ કરે તે તેમાં ખુશીથી જોડાઇ રહે. થોડી વધારે કીમત આપી વધારે જાડું અને ખરબચડું ખાદીનું કપડું પહેરી કાંઇક પણ અહિંસાવૃત્તિ ન પોષવી હોય અને તેમ છતાં નળ ઉપર ચોવીસે કલાક ગરણું બાંધીને કે જીવાતખાનામાં બધી જીવાત કાલવીને અહિંસા પાળ્યાનો સંતોષ સેવવો હોય તો સાંપ્રદાયિક ક્ષેત્ર સુંદર છે. લોકો તેને અહિંસાપ્રિય ધાર્મિક પણ માનશે અને બહુ કરવાપણું પણ નહિ રહે. દલિતોદ્ધાર વાસ્તે પ્રત્યક્ષ જાતે કાંઇ કર્યા સિવાય અગર તે વાસ્તે નાણાંનો ફાળો આપ્યા સિવાય પણ સંપ્રદાયમાં રહી મોટા ધાર્મિક મનાવા જેવી નોકારશી, પૂજાપાઠ, અને સંઘ કાઢવાની ખર્ચાળ પ્રથાઓ છે; જેમાં રસ લેવાથી ધર્મ પાળ્યો ગણાય, સંપ્રદાય પોષ્યો ગણાય અને છતાં સાચું તાત્વિક કશું જ કરવું ન પડે ત્યાં દેખો ત્યાં સંપ્રદાયમાં એક જ વસ્તુ નજરે પડશે અને તે એ કે પ્રાણ વિનાના કોઇને કોઇ ક્રિયાકાંડ, કોઇને કોઇ ધાર્મિક વ્યવહારને વળગી તેમાં જ ધર્મ કર્યાનો સંતોષ માનવો અને વળી વધારામાં તેને આધારે આજીવિકા પોષવી.

આજનો યુવક શાંત જીવન જીવવા ઇચ્છે છે, એને બોજિલા કરતાં સાદાઇની વધારે પડી છે, એને શુષ્ક વાદો કરતાં જીવનના સિદ્ધાંતો વધારે ગમે છે, એને પારલૌકિક મોક્ષની નિષ્ક્રિય વાતો કરતાં ઐહિક મોક્ષની

ઉઠાગી ફેંકી શકો છો કે નહિ? કૃષ્ણે તો કંસના મુષ્ટિક ને ચાણુર એ બે મહામલ્લોને મરદી નાખેલા, તમે વધારે નહિ તો ગૂજરાતના એકાદ અખાડિયા તરુણને મરદી શકો છો કે નહિ? કૃષ્ણે કંસને પટકી મારેલો તો તમે તમારા કોઇ વૈષ્ણવ પંથ વિરોધી વચનને પટકી શકો છો કે નહિ?" તર્ક જબરો હતો. પેલા મહારાજે મનમાં બડબડતાં કહ્યું કે આ નાસ્તિક બાઇમાં તો કલિયુગની બુદ્ધિ આવેલી છે. હું ધારૂંછું કે એ બાઇના જેવી કલિયુગી બુદ્ધિ ધરાવનાર આજનો કોઇ પણ સંપ્રદાયનો કોઈ પણ યુવક પોતપોતાના સંપ્રદાયનાં શાસ્ત્રોને સાંપ્રદાયિક દૃષ્ટિએ જોનાર અને તેવાં પ્રવચનો કરનાર પોતપોતાના સાંપ્રદાયિક ધર્મગુરૂઓને એવો જ કાંઇક જવાબ આપશે. યુવક મુસલમાન હશે તો તે મૌલવીને સંભળાવશે કે હિન્દુઓને કાફર કહોછો પણ તમે પોતે કાફર કેમ નહિ? ગુલામ હોય તે કાફર. તમે પોતે ગુલામ જ છો. ગુલામીમાં રાખનાર કાફર ગણાતો હોય તો રાજ્યકર્તાઓને કાફર માનો પછી તેમની સોડમાં કાં જાઓ છો? યુવક હિન્દુ હશે તો તે વ્યાસને સંભળાવશે કે મહાભારતની વીરકથા અને ગીતાનો કર્મયોગ સાચો છે તો અત્યારે જ્યાં વીરત્વ અને કર્મયોગની ખાસ જરૂર છે તે પ્રજાકીય રણાંગણથી કેમ ભગો છો? યુવક જૈન હશે તો "क्षमा वीरस्य भूषणम्" નો ઉપદેશ આપનાર જૈન ગુરૂને કહેશે કે જો તમો વીર હો તો સાર્વજનિક કલ્યાણકારી અને છતાં ય ઉશ્કેરણીના પ્રસંગોમાં જઇ ક્ષમા કેમ માગવી શકાય એવો પદાર્થપાઠ કાં નથી આપતા? સાત વ્યસનના ત્યાગનો સતત ઉપદેશ આપનાર તમે જ્યાં સૌએ એવો ત્યાગ કરેલો જ છે ત્યાં જ માત્ર બેસી એવા ત્યાગની વાતો કેમ કરો છો? પીઠા ઉપર જ્યાં દેશમાં લાખો મનુષ્યો દારૂડિયાઓ બરબાદ થાય છે ત્યાં જઇ તમારો ઉપદેશ કેમ નથી વરસાવતા? જ્યાં અનાચારણી સ્ત્રીઓ વસે છે, જ્યાં કતલખાનાઓ અને માંસ-વિક્રય ચાલે છે ત્યાં જઇ કાંઇ કેમ નથી ઉપજાવતા? આ રીતે અત્યારનો કળિયુગી યુવક કોઇ પણ ગુરૂના ઉપદેશને કસ્યા વિના

સ્થાન ક્યાં છે? એમ કહી તે પોતાના ભક્તોને તે તરફ ઢળતાં રોકશે. બીજો વર્ગ ખુલ્લમ ખુલ્લાં એમ નહિ કહે પણ સાથે જ કોઇ પણ પોતાના ભક્તને રાષ્ટ્રીય જીવન તરફ વળવો જોઇ પ્રસન્ન નહિ જ થાય. પોતે ભાગ લેવાની વાત દૂર રહી, પણ કોઈ પોતાનો ભક્ત રાષ્ટ્રીય પ્રવૃત્તિ તરફ ઢળ્યો હશે કે ઢળતો હશે તો તેના ઉત્સાહને તે "गुडसे मरे वहाँ विषसे न मारिए" એ નીતિ પ્રમાણે જરૂર મોળો પાડી દેશે. ઉદાહરણ જોઇતું જ હોય તો તાજું છે. યુરોપમાં વિશ્વબંધુત્વની પરિષદો ભરાય છે ત્યાં જૈન ધર્મ પોતાનું સ્થાન પરાણે કરવા જાય છે, પણ તે ધર્મ જરા પણ મહેનત વિના વિશ્વબંધુત્વની પ્રત્યક્ષ પ્રવૃત્તિમાં સ્થાન મેળવવાનું આ દેશમાં શક્ય છતાં અહિં જ એમાં સ્થાન કેમ નથી મેળવતો? રાષ્ટ્રીય મહાસભા જેવું વિશ્વબંધુત્વનું સુલભ અને ઘરાંગણાનું કાર્યક્ષેત્ર છોડી લંડન ને અમેરિકામાંની એવી પરિષદોમાં કેમ ભાગ લેવા મથે છે? દેશની પ્રત્યક્ષ વિશ્વબંધુત્વ-સાધક પ્રવૃત્તિઓમાં પોતાનાં ધન, તન અને મનનો ફાળો આપવો છોડી એ પરદેશમાં હજારો માઇલ દૂર ભરાતી પરિષદોમાં માત્ર બે પાંચ મિનિટ બોલવા જ પરાણે અપમાન-પૂર્વક કાં ફાંફાં મારે છે? આનો જવાબ શોધીશું તો બીજા વર્ગનું માનસ સમજાઇ જવાશે. વાત એ છે કે બીજા વર્ગને કાંઇક કરવું છે તે પણ પ્રતિષ્ઠિત હોય તે કરવું છે. વળી તે પ્રતિષ્ઠા એવી હોય કે જે અનુયાયી લોકોના મનમાં વસેલી હોય એવી ન હોય કે જેથી અનુયાયીઓને કોઇ પણ છંછેડાવાનું કારણ મળે. તેથી જ આ ઉદાર વર્ગ જૈન ધર્મમાં પ્રતિષ્ઠા પામેલ અહિંસા અને અનેકાન્તનાં ગાણાં ગાય છે એ ગાણાં એવા કે જેમાં કાંઈ પ્રત્યક્ષ કરવાપણું જ ન હોય. પહેલા વર્ગે એ ગાણાં માટે ઉપાશ્રયોનું જ સ્થાન પસંદ કર્યું, ત્યારે બીજા વર્ગે ઉપાશ્રયો ઉપરાંત બીજાં સ્થાનો એવાં પસંદ કર્યાં કે જ્યાં ગાણાં ગાઇ શકાય અને છતાં કશું જ કરવાનું ન હોય. વસ્તુતઃ બીજો ઉદાર વર્ગ વધારે સમજુ છે, કારણ તેને ખરા ઉદાર તરીકે ઓળખું છું.

નહીં કર્યા વિના ઓળખવાનો કે માનવાનો ઉપાય નહિ. [illegible]

[illegible]

સ્થાન ક્યાં છે? એમ કહી તે પોતાના ભક્તોને તે તરફ ઢળતાં રોકશે. બીજો વર્ગ ખુલ્લમ ખુલ્લાં એમ નહિ કહે. પણ સાથે જ કોઇ પણ પોતાના ભક્તને રાષ્ટ્રીય જીવન તરફ વળતો જોઇ પ્રસન્ન નહિ જ થય. પોતે ભાગ લેવાની વાત દૂર રહી, પણ કોઇ પોતાનો ભક્ત રાષ્ટ્રીય પ્રવૃત્તિ તરફ ઢળ્યો હશે કે ઢળતો હશે તો તેના ઉત્સાહને તે "गुडसे मरें वहाँ विषसे न मारिए" એ નીતિ પ્રમાણે જરૂર મોળો પાડી દેશે. ઉદાહરણ જોઇતું જ હોય તો તાજું છે. યુરોપમાં વિશ્વબંધુત્વની પરિષદો ભરાય છે ત્યાં જૈન ધર્મ પોતાનું સ્થાન પરાણે કરવા જાય છે, પણ તે ધર્મ જરા પણ મહેનત વિના વિશ્વબંધુત્વની પ્રત્યક્ષ પ્રવૃત્તિમાં સ્થાન મેળવવાનું આ દેશમાં શક્ય છતાં અહિં જ એમાં સ્થાન કેમ નથી મેળવતો? રાષ્ટ્રીય મહાસભા જેવું વિશ્વબંધુત્વનું સુલભ અને ઘરાંગણાનું કાર્યક્ષેત્ર છોડી લંડન ને અમેરિકામાંની એવી પરિષદોમાં કેમ ભાગ લેવા મથે છે? દેશની પ્રત્યક્ષ વિશ્વબંધુત્વ–સાધક પ્રવૃત્તિઓમાં પોતાનાં ધન, તન અને મનનો ફાળો આપવો છોડી એ પરદેશમાં હજારો માઇલ દૂર ભરાતી પરિષદોમાં માત્ર બે પાંચ મિનિટ બોલવા જ પરાણે અપમાન-પૂર્વક કાં ફાંફાં મારે છે? આનો જવાબ શોધીશું તો બીજા વર્ગનું માનસ સમજાઇ જવાશે. વાત એ છે કે બીજા વર્ગને કાંઇક કરવું છે તે પણ પ્રતિષ્ઠિત હોય તે કરવું છે. વળી તે પ્રતિષ્ઠા એવી હોય કે જે અનુયાયી લોકોના મનમાં જમેલી હોય એવી ન હોય કે જેથી અનુયાયીઓને કોઇ પણ છંછેડાવાનું કારણ મળે. તેથી જ આ ઉદાર વર્ગ જૈન ધર્મમા પ્રતિષ્ઠા પામેલ અહિંસા અને અનેકાંતનાં ગાણાં ગાય છે. એ ગાણાં એવા કે જેમાં કાંઇ પ્રત્યક્ષ કરવાપણું જ ન હોય. પહેલા વર્ગે એ ગાણા માટે ઉપાશ્રયોનું જ સ્થાન પસંદ કર્યું, ત્યારે બીજા વર્ગે ઉપાશ્રયો ઉપરાંત બીજાં સ્થાનો એવા પસંદ કર્યાં કે જ્યાં ગાણાં ગાઈ શકાય અને છતાં કશું જ કરવાનું ન હોય. [illegible]. બીજો ઉદાર વર્ગ વધારે અસહ્ય છે, કારણ તેને પણ ઉદાર તરીકે ઓળખે છે.

[illegible]

[illegible]

રહે છે કે ધર્મનું નામ મળો કે ન મળો પણ કાંઇક અગત્યનું સર્વ હિતકારી કલ્યાણકાર્ય આચરવું જ જોઇએ.

જો કે આ ત્રીજો વર્ગ છેક જ નાનો છે, પણ તેની વિચારભૂમિકા અને તેનું કાર્યક્ષેત્ર બહુ વિશાળ છે, એમાં માત્ર ભાવિની જ આશાઓ નથી સમાતી, પણ એમાં ભૂતકાળના શુભ વારસા અને વર્તમાન કાળનાં કીમતી તેમ જ પ્રેરણાદાયી બળો સુદ્ધાંનો સમાવેશ થઇ જાય છે. એમાં થોડી, પણ આચરી શકાય એટલી જ અહિંસાની વાતો આવશે, જીવનમાં ઉતારી શકાય અને ઉતારવો જોઇએ એવા જ અનેકાંતનો આગ્રહ રહેશે. જેમ બીજા દેશના અને ભારતવર્ષના અનેક સંપ્રદાયોએ ઉપર વર્ણવેલ એક ત્રીજા યુવક વર્ગને જન્માવ્યો છે, તેમ જૈન પરંપરાએ પણ ત્રીજા વર્ગને જન્મ આપ્યો છે સમુદ્રમાંથી વાદળાં બંધાઇ છેવટે નદીરૂપે બની અનેક જાતની લોકસેવા સાધનાં જેમ અંતે સમુદ્રમાં જ લય પામે છે, તેમ મહાસભાના આંગણામાંથી ભાવના મેળવી તૈયાર થએલ અને તૈયાર થતો આ ત્રીજા પ્રકારનો જૈનવર્ગ લોકસેવા દ્વારા છેવટે મહાસભામાં જ વિશ્રાંતિ લેવાનો

આપણે જોયું કે છેવટે તો વહેલા કે મોડા બધા સંપ્રદાયોને પોતપોતાના ચોકામાં રહીને અગર ચોકા બહાર નીકળીને વાસ્તવિક ઉદારના સાથે મહાસભામાં મળ્યે જ છૂટકો છે. મહાસભા એ રાષ્ટ્રીય સંસ્થા હોઇ ધાર્મિક નથી, અગર સર્વનો શંભુમેળો હોઇ તે આપણી નથી, પારકી છે એવી ભાવના–એવી વૃત્તિ હવે જવા લાગી છે લોકોને સમજાતું જાય છે કે એવી ભાવના એ માત્ર ભ્રમણા હતી.

પજુસણના દિવસોમાં આપણે જાગીએ અને આપણી ભ્રમણાઓ દૂર કરીએ તો જ જ્ઞાન અને ધર્મપર્વ ઉજવ્યું ગણાય તેન બધા નિર્ભય બની પોતાની સ્વતંત્ર દૃષ્ટિએ વિચાર કરતા થાઓ એ જ મારી વાંછા છે અને તે વખતે તમે ગમે તે મત બાંધ્યા હશે, ગમે તે માર્ગે જતા હશો, છતાંયે હું ખાત્રીથી માનું છું કે તે વખતે તમને રાષ્ટ્રીય મહાસભામાં જ દરેક સંપ્રદાયની ઉજ્વળતા જણાશે. તેની બહાર કદિ નહિ

નવયુગની ધર્મભાવના.

(વ્યાખ્યાતા:—ઇન્દુમતી મ્હેતા.)

ધર્મ એ આજના યુગનો શબ્દ જ નથી. અત્યારે ધર્મની વાતો કરવી એટલે જુના જમાનામાં રહેવું એનું મુખ્ય કારણ તો ગેરસમજુતી જ છે. અત્યારે ધર્મ પ્રત્યે આવી સુગ આવી ગઇ છે એનું કારણ એક જ છે કે આપણા જીવનમાં ધર્મ અને વ્યવહાર એમ બે વિભાગ પાડી દેવામા આવ્યા છે. સામાન્ય જનતાની માન્યતા એવી છે કે વ્યવહારૂ માણસ ધાર્મિક ન બની શકે અને ધાર્મિક મનુષ્યમાં વ્યવહારૂ બુદ્ધિ કદિ પ્રવેશી ન શકે. આ ઉભય વર્ગો એક બીજાને સમજવાનો પ્રયાસ કરતા નથી, એમાથી આ ધર્મ પ્રત્યેની અવગણના જન્મી છે

અત્યારે તો ધર્મ એટલે પ્રભાતે એક કલાક કે અર્ધો કલાક પૂજાપાઠ કરવો તે. અથવા તો નિયમિત મંદિરે દર્શન કરવા જવું તે. પણ સાચો ધર્મ આમાં સમાતો નથી ધર્મ એટલે અમુક વખત જાપ જપવો કે દિવસમા ત્રણ ચાર વાર સ્નાન કરવાં કે ઉપવાસો કરવા એ નથી ધર્મ એટલે આચાર ધર્મનુ આ ખરૂ રહસ્ય મનુષ્યને સમજાયુ નથી. જે ધાર્મિક ગ્રન્થો [illegible] વાંચે છે તેને જીવનમા ઉતારવાની ધગશ અને પ્રયત્ન એટલે જ ધર્મ અત્યારે તો આપણે સમજીએ છીએ કે મંદિરમાં જ દેવ વસે છે અને જે રોજ દેરાસર જાય એ સાચો ધાર્મિક અને ન જાય એ નાસ્તિક મંદિર સિવાય બીજે ક્યાં ય [illegible] પ્રવર્તે છે.

આવી માન્યતાને લઇને યુવાન વર્ગ ધર્મને નકારે, [illegible] કે અનુકરણ કરવા જેવુ લાગે એવુ જીવન ધાર્મિક મનુષ્ય જીવી [illegible] નથી, કારણ કે ધર્મ એ જીવવાનો છે એ સમજાયુ નથી [illegible] પડોએ ધર્મનો આવો અર્થ કર્યો. [illegible] સ્વતઃ પ્રેમ તે ધર્મનો અર્થ કર્યો. અને [illegible] ને. સમ્યગ્ ચરિત્ર [illegible] [illegible]

ડાય છે? મનુષ્ય ધર્મના કે નીતિના જે સૂત્રો સમજે છે એને જીવનમાં
તારવાથી જ ચારિત્ર્ય ઘડાય છે. પોતાને જે સત્ય સમજાય એ આચરે
ેજ સાચો ધાર્મિક મનુષ્ય કહી શકાય. એ ચારિત્ર્યના ઘડતરના સાધનો
રીકે પાંચ વ્રત, પાંચ સમિતિ, ભાવના અને ત્રણ ગુપ્તિ વગેરે આપવામાં
ાવ્યા છે. જૈન ધર્મનો મુખ્ય પાયો અહિંસા છે. પણ એ અહિંસા
ણ ગુપ્તિ દ્વારા પાળવાની છે. મન વાણી અને કાય. તે ઉપરાંત બીજાં
ટલાંક તત્વો સામાયિક અને પ્રતિક્રમણ પણ ચારિત્ર્યના ઘડતરમાં
પયોગી ગણેલાં છે. સામાયિક એટલે સમતા, જીવનની બધી પરિસ્થિ-
તેમાં સમતા જાળવવાની છે. અને પ્રતિક્રમણ એટલે પાપની માફી. એ
દિવસે દુશ્મનને પણ ક્ષમા આપવી જોઇએ. પણ એનો અર્થ એમ
થી કે વર્ષમાં એક દિવસ માફી આપી બીજા દિવસથી શત્રુતા વધારવી.
ર્વેસર એ ભાવના જીવનમાં ઉતારવાની છે.

ધર્મનું આ રહસ્ય જ્યાં સુધી બરાબર ન સમજાય ત્યાં સુધી એની
મહત્તાનો ખ્યાલ ન આવે. આ રહસ્ય સમજાયા પછી એનું આચરણ
શક્ય બને. આજે તો બધા માને છે કે ધર્મ એટલે મરજાત. ધાર્મિક
મનુષ્યને કોઇ જાતની મુશ્કેલી હોય નહિ પણ ધાર્મિક જીવન એટલે
સતત મંથન. જીવનના કલહ સ્હામે લડવાનું બળ ધર્મ આપે છે. દુઃખનું
રહસ્ય સમજાવે છે. ધર્મ તો દુઃખનું સાચું ગૌરવ સમજાવે છે. અને
મનુષ્યને જીવનમાં એ સહન કરવાનું બળ આપે છે. આ રીતે જોઇએ
તો "ધર્મ એટલે જગતે જેને જખ્મી કર્યા છે એવા દુઃખી આત્મા-
ઓનું આરોગ્ય ભુવન."

હવે આપણે વર્તમાન યુગનું ધર્મ પ્રત્યેનું વલણ જોઇશું. કેટલાક
કહે છે ધર્મ એટલે અફીણ. મનુષ્ય સુખ મળશે એના ઘેનમાં પડ્યો
રહે છે. ધર્મ એને નીંદ્રા આપે છે.

બીજો મત એવો છે કે ધર્મ એ તો મનની એક ટેવ છે. મનનું
વલણ વગર સમજ્યે મનુષ્ય એનું પાલન કરે છે. જીવન સાથે ઘેરા

દેવા હોતી નથી. જેમ ચ્હા પીવાની ટેવ, બીડીઓ કે મોઢા ઉડાવાની ટેવ મનુષ્યને પડે છે એમ પૂજા કરવાની કે મંદિરે જવાની ટેવ પડે છે.

કેટલાક એને વ્હેમ કહે છે. અમુક દિવસે કંદમૂળ ન ખવાય લીલોતરી ન ખવાય વગેરે. અમુક જપ, ઉપવાસ વગેરે વ્હેમ છે

વળી એક મત એવો પણ છે કે જે માને છે કે ધર્મ એટલે મનુષ્યની સત્ય શોધવાની પ્રમાણિક વૃત્તિને દાબી દેવાનું સાધન, મનુષ્ય એટલો પ્રમાદી છે કે એ પોતાની મેળે જીવનનાં સત્યો શોધવા જતો નથી. એટલે ધર્મ જે સત્ય આપે છે તે સ્વીકારી લે છે. અને એ રીતે ધર્મ એની એ શોધને દાબી દે છે. અત્યારના યુગનું લક્ષણ જ એ છે કે મનુષ્ય ઓછામાં ઓછી મ્હેનત કરી વધારેમાં વધારે લાભ ઉઠાવવા માગે છે. અને વર્તમાન યંત્રવાદ એ વૃત્તિને પોષે છે. જીવનના દરેક ક્ષેત્રમાં આ સરળ રીતે અને વગર મ્હેનતે વસ્તુ પ્રાપ્ત કરવાની વૃત્તિ પેસી ગઈ છે. કેળવણી, ધર્મ, સમાજ, રાજકારણ બધે જ, એનું અસ્તિત્વ છે.

સંત તુકારામ પર આજ કારણે એક કઠણ પ્રસંગ આવ્યો, તેઓ બ્રાહ્મણ ન હતા. તેમનો વંશ મુળથી ક્ષત્રિયનો; વડિલોપાર્જીત ધંધો ખેતી અને વ્યાપાર, બ્રાહ્મણ પોતાની જાતિ સિવાયના બાકી બધાને શુદ્ર સમજતા. તુકારામ મહારાજ અબ્રાહ્મણ છતાં ઉપદેશ દે છે, ઉપદેશ આપવાનું કામ તો બ્રાહ્મણોનું, વળી તેમના ઉપદેશમાં વેદાંતનો અર્થ નીકળે છે. તે વેદાન્ત રહસ્ય અરપૃશ્ય જાતી હીન જાતિઓને તેઓ કહે છે. આ મહાન અધર્મ તેમના હાથે થાય છે એમ ચીરોથી બ્રાહ્મણો કહેતા

લાગ્યા. તેમને બ્રાહ્મણ કહેતા–"તુ હીન જાતિનો, તું લોકોને વેદાંત કહે છે, તને અધિકાર નથી. વેદાંત કહેવાનો અધિકાર અમારો છે" તુકારામ મહારાજ એ પર કહેતા–

"वेदाचा अर्थ तो आम्हांसीच ठावा । वेदांनी वहावा भार माथा ।

વેદોનો અર્થ અમનેજ સાચો ખબર છે, બીજાઓને અર્થ કાંઇ સમજતો નથી. તેમણે વેદોનો માત્ર ભાર માથા પર વહન કરવો." આવા એના ઉત્તરો તુકારામ તેમને આપતા હતા. તેથી બ્રાહ્મણોને તેમના પર ક્રોધ આવતો, પોતે બ્રાહ્મણ નથી અને જ્ઞાની છે અને [illegible] પોતે જ્ઞાની [illegible] તે માટે તેમને સંતોષ [illegible]. પરમેશ્વરને તેઓ કહેતા–

"बरा देवा कुणबी केलो । नाहीं तरी दंभे असतो मेलो ॥ १ ॥
भले केले देवराया । नाचे तुका लागे पाया ॥ २ ॥
विद्या असती काहीं । तरी पडतो अपायीं ॥ ३ ॥
[illegible] नाचो [illegible] ॥ ४ ॥
[illegible] ॥ ५ ॥
तुका [illegible] ॥ ६ ॥"

[illegible]

આ પ્રાર્થનામાં જ બ્રાહ્મણોના આક્ષેપનો જાણે ઉત્તર દેવાતો હતો. બ્રાહ્મણ કહેતા "ઉપદેશ આપવાનો અધિકાર અમારો છે, કારણ અમે બ્રાહ્મણ છીએ" તુકારામ કહેતા "તમે જ બ્રાહ્મણ કેમ? જે વૈષ્ણવ છે તે બ્રાહ્મણ જ છે. જે રામકૃષ્ણનું નામસ્મરણ કરે છે, જે પરમેશ્વરનું ચિંતન કરે છે, શાંતિ દયા ક્ષમા જેમનામાં છે, કરણ પ્રસંગે જે અભંગ ધૈર્યવંત છે એવો અંત્યજ પણ બ્રાહ્મણ છે. 'ब्राह्मण तो याती अंत्यज असतां मानावा तत्वता निश्चयेंसीं' આવો અંત્યજ પણ બ્રાહ્મણ છે. અને તમે તો બ્રાહ્મણ શાના? મહારના-અંત્યજના સ્પર્શથી તમને ક્રોધ આવે છે. તમે બ્રાહ્મણ શાના? તમને ક્રોધ આવે છે. એ માટે દેહત્યાગ સિવાય તમને પ્રાયશ્ચિત નથી. કામ ક્રોધ એજ ખરા ચાંડાલ છે. એવાનો સ્પર્શ હોવો ન જોઇએ; એને તો તમે હ્રદયમાં સંઘર્યા છે જેના હ્રદયમાં ક્રોધનો-ચાંડાલનો સંગ તે તેજ જાતિનો સમજવો જોઇએ. હ્રદયમાં ચાંડાલની સોબત તમે બ્રાહ્મણ શાના?"

"महारासी शिवे । कोपे ब्राह्मण तो नव्हे ॥ १ ॥
तया प्रायश्चित्त कांहीं । देह त्याग करितां नाहीं ॥ २ ॥
नातळे चांडाळ । त्याचा अंतरी विटाळ ॥ ३ ॥
ज्याचा संग चित्तीं । तुका म्हणे तो त्या याती ॥ ४ ॥"

આવા પ્રકારના તેમના ઉત્તરથી અને અભંગોથી વિરોધીઓ અધિક ચીડાયા. તેમણે રામેશ્વરભટ્ટ નામના એક કટ્ટરપંથી બ્રાહ્મણને પોતાના આગેવાન બનાવ્યા, અને તુકારામના આવા અધર્મનો કાંઈક પ્રતિકાર કરવાનો પ્રયત્ન ચલાવ્યો. રામેશ્વર ભટ્ટે તુકારામ મહારાજને સભામાં બોલાવી મંગાવ્યા અને કહ્યું "તું શૂદ્ર છે, તને ધર્મનો ઉપદેશ કરવાનો અધિકાર નથી. તારા અભંગમાં વેદોનો અર્થ હોય છે અને તું તે તો શૂદ્ર અંત્યજ સર્વને કહે છે. આ તારો ઘોર અપરાધ છે. તું અત્યારથી

ઉપદેશ ન કર અને આજ સુધી જે અભંગ તેં કર્યા છે તે બધા ડુબાડી દે."

તુકારામ મહારાજે આ આજ્ઞા માન્ય કરી આજ સુધી જેટલી કવિતાઓ કરી હતી તે સર્વ અભંગોમાંજ કરેલી હતી. પરમેશ્વરની પ્રાર્થના, લોકોને ઉપદેશ વગેરે બધું તેમાંજ હતું. તે સર્વ અભંગ-તેની ચોપડીઓ તેમણે ગામની નદી ઇન્દ્રાયણીને એક ઠેકાણે ઊંડો ધરો હતો તેમાં ડુબાડી દીધી. તેથી તેમને ઘણું દુઃખ થયું. નદી પરથી તેઓ પાછા આવ્યા. ઘેર ન જતાં મંદિરમાં ગયા અને ત્યાં મંદિરની બહાર એક પથ્થર પર આંખો બંધ કરીને પડી રહ્યા. કેટલાક અજાણિયા લોકો [illegible]

"घोर अन्याय केला । तुझा अंत म्यां पाहिला ।
जनाचिया बोला साठीं । चित्त क्षोभविलें ॥ १ ॥
भोगविलासी केला संण । अधम मी याती हीन ।
झांकुनी लोचन । दिवस तेरा राहिलो ॥ २ ॥
अवघें घ.लूनिया कोडें । तान भुकेचें सांकडे ।
योगक्षेत्र पुढे । तुज करणें लागले ॥ ३ ॥
उदकीं राखिले कागद । चुकविला जनवाद ।
तुका म्हणे वंद । साच केलें आपुलें ॥ ४ ॥

"પ્રભો, મેં મોટો અન્યાય કર્યો. લોકોના કહેવા પરથી મેં મારા ચિત્તમાં ક્ષોભ ઉભો કર્યો. મેં તને કેટલું કષ્ટ આપ્યું ? તને કેટલો શ્રમ આપ્યો ? હું કેટલો અધમ, કેટલો જાતિહીન ચાંડાલ ? બધી ભુખ તરસનું સર્વ સંકટ તારા પર નાંખીને આંખો બંધ કરીને પડી રહ્યો અને તારા પર બધો યોગક્ષેમ ચલાવવાનું નાખ્યું. તને મેં કેટલી મુશ્કેલીમાં નાખ્યો ? મારો અન્યાય કેટલો મોટો છે ? પણ તેં તારૂં બીરૂદ સાચું કર્યું. પાણીમાં કાગળનું રક્ષણ કર્યું અને લોકાપવાદ વ્યર્થ કર્યો."

વળી તેઓ કહે છે "મને કોઈ પજવતુ નહતું, મારી પીઠ પર કાંઈ શસ્ત્રના ઘા પડતા નહતા કે મેં આટલું આક્રંદ કર્યું. મારૂં રક્ષણ કરવા માટે મારી પાસે અને કાગળનું રક્ષણ કરવાને ધરામાં એમ મેં બે ઠેકાણે તને ફરીને નારા, જાણે, મેં બે ભાગ કર્યા, પરંતુ તેં દયાળુએ મને કેશમાંથી અહિં કે ત્યાં ધગામાં આંચ ન લાગવા દીધી નહિ. માબાપ પણ થોડા અપરાધ માટે પ્રાણ લે છે પણ તેં મારા કેટલા અપરાધ સહન કર્યા ! તે મારે માટે કેટલું સહન કર્યું એ બધું એકલો સહન કરનાર તુંજ એક જ છે. તારા જેવો દાતા કોણ છે ! મારી વાણી કુંઠિત થઈ છે.

હે ભગવન્, હવે મરી કોઇ ગરદન કાપી નાખે, દુર્જન ગમે મો પીડા આપે. પણ તને શ્રમ થાય, કષ્ટ પડે એવું કદીપણ કરીશ નહિ. આ ચાંડાળે એકવાર અપરાધ કર્યો. તેર દિવસ તને પાણીમાં ઉભો રાખી મેં મારી ચોપડીઓ તારી પાસે રખાવી. મેં વિચાર કર્યો નહિ મારો અધિકાર કેટલો ! પ્રભુ, મને એકવાર ક્ષમા કર. હું હવે પછી સાવધ રહીશ.

પ્રભુ, તું માતા કરતાં મમતાળુ છે, તું ચંદ્ર કરતાં શીતળ છે, [illegible] કરતાં [illegible] છે, તને હું શાની ઉપમા આપું ! [illegible] [illegible] ઉઠે છું. તેં મધુર અમૃત નિર્માણ કર્યું છે, પરંતુ [illegible] કરતાં મધુર છે. તું પાપ તાપનો કર્તા, [illegible] [illegible] [illegible] તારા ચરણો પર શાન્તિથી મસ્તક ગયું [illegible] [illegible] ક્ષમા કર."

[illegible] ના [illegible] તેમના મોમાથી તે વખતે નીકળતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એટલે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેને મનમાં પશ્ચાતાપ [illegible] [illegible] [illegible] [illegible], તે વખતે તેમનું [illegible]

[illegible]

વાન ન કરવું જોઇએ એવું આચરણ તેની સાથે કોઈ કરે તોયે તેને તે લાભકારક જ થશે. દુઃખ પણ તેય સર્વ સુખમય ફળ આપશે. અગ્નિ જ્વાળા તેને શીતળ થઇ જશે. બધા પ્રાણીઓને તે પોતાના જીવ જેવો પ્રિય લાગશે. બધાના અંતરમાં તેને વિષે સદ્ભાવ લાગવા માંડશે. પરમાત્મા કૃપા કરશે તો અનુભવ પ્રત્યક્ષ થઇ શકશે."

આ અભંગમાં કેટલું સામર્થ્ય છે ! પજવણી કરનાર રામેશ્વર ભટ્ટ તેમનો કાયમનો અનુયાયી થયો–એકનિષ્ઠ ભકત થયો. તેના મનની શાંતિ થઈ અને સંસારના બધા તાપમાંથી તે કાયમનો મુકત થયો.

તુકારામ મહારાજના સમયમાં દેશની સ્થિતિ ઘણીજ ખરાબ થએલી હતી. દુકાળ પડે ત્યારે તેનું નિવારણ કરવાના તથા લોકોને બચાવવાનાં કાંઈજ સાધનો ન હતાં તે વખતના સત્તાધારી પારકા પરધર્મી હતા તે સુધરેલા નહતા–પોતાનીજ પ્રજાને લુંટતા હતા. ગામે ગામ લૂંટ-ધાડ પડતી હતી. ગામનાં ગામ લુંટાતાં હતાં સ્ત્રીઓને ગે લુંટમાં લઇ જતા હતા. પ્રજા જુલમથી ત્રાસી ગઇ હતી બધેજ અવ્યવસ્થા હતી શાસન કરનાર એવો કોઇ ન હતો. આ વખતે શિવાજી મહારાજનો જન્મ થયો. રાજા શિવાજીએ પરાક્રમ ચાતુર્ય ધર્મશીલતા વગેરે સદ્ગુણોથી બધી બગડેલી સ્થિતિ બદલી નાખી તેઓ પોતે પુનામાં રહેતા હતા. તેમણે તુકારામ મહારાજના સાધુત્વની ખ્યાતિ સાંભળી. તેમણે પોતાના દિવાન સાથે નજરાણું પોશાક, પાલખી, છત્રી, ઘોડા વગેરે મોકલીને ઘણા સન્માનથી તુકારામ મહારાજને આમંત્રણ મોકલ્યું પણ તેમણે તેમાંથી એક વસ્તુ લીધી નહિ. તે બધું પાછું મોકલ્યુ રાજા પાસે ન જતા પરમેશ્વરને પ્રાર્થના કરી:–

" दिवट्या छत्री घोडे । हें तों बऱ्यांत न पडे ॥ १ ॥
आतां येथें पंढरिराया । मज गोविसी कासया ॥ २ ॥
मान दंभ चेष्टा । हें तों शूकराची विष्ठा ॥ ३ ॥
तुका म्हणे देवा । माझे सोडवणें धांवा ॥ ४ ॥

ક્તિને લીધે કેટલો સંતોષ ભરેલો હતો તે આ વાત પરથી સ્પષ્ટ
મજાય છે. તેમને લાગતું હતું કે પોતાના ઘરમાં વૈકુંઠ ભરેલું છે.
મના સંતોષનો પાર નહતો. નામસ્મરણ, એકેશ્વરી નિષ્ઠા, પરમાત્મા
ો વ્યાકુળતા, સત્યપરાયણતા ઇત્યાદિ સાધનોથી તેમણે છેવટે અદ્વૈત
દ્ધિનો અનુભવ લીધો. તેમની સાધનામાં તેમણે આખરે સિદ્ધિ મળી,
ારે તે વખતે તે પ્રકારના ઉદ્ગારો તેમના મોંમાંથી નીકળવા લાગ્યાઃ-

"धवळे जगदाकार । अंधार तो निरसला ॥ १ ॥
लपो जातां नाहीं ठाव । प्रकट पाहे पसारा ॥ २ ॥
खरियाचा दिवस आला । वादी बोला न पुरेचि ॥ ३ ॥
तुका म्हणे जोवे सारों । पडिली गांठी धुरेशीं ॥ ४ ॥"

"સર્વ જગત ઉજ્જ્વલ થયું. હવે અંધારું ક્યાંયે રહ્યું નહિ. હવે
છુપાઈ જવા માટે જગ્યાજ રહી નથી. અંધારુંજ નથી તો સંતાવાનું
ક્યાં? સર્વત્ર પરમાત્મા જ ભરેલો છે–અખિલ તેનો પ્રકટ પસારો છે,
વિસ્તાર છે. સત્યનો સતત વધનારો દિવસ આવ્યો, હવે રાત્રી આવ-
વાની જ નથી. જ્ઞાનના દિવસે રાત્રી ક્યાં? જ્ઞાનનો દિવસ શબ્દોથી
વર્ણવી શકાતો નથી એટલો વધ્યો; જીવને સમર્પીને પ્રમુખ જે પરમાત્મા
તેની સાથે મેળાપ થયો–તેનું દર્શન થયું–તેનું જ્ઞાન થયું. હવે જગદા-
કાર ધવલ-ઉજ્જ્વલ થયો અને અંધારું રહ્યું જ નહિ."

"उदक मेळविनां जळें । काय उरलें निराळें ॥ १ ॥
तैसा समरस जालों । तुज माजी हरपलों ॥ २ ॥
अग्नि कर्पुराच्या मेळीं । काय उरली काजळी ॥ ३ ॥
तुका म्हणे होती । तुझी माझी एक ज्योति ॥ ४ ॥

લવણુ-મીઠુ પાણીમાં મળી ગયું. હવે જુદું તે શું રહ્યું ! તેમ હું તારી સાથે સમરસ થયો. તારામાં હું સમાઇ ગયો-લોપ [illegible] પામ્યો. અગ્નિ અને કપૂર એ બન્નેનો મેળ થવાથી પાછળ [illegible] રહે છે શું ? તેમ હું તારામાં લય પામ્યો-સમરસ થયો [illegible] [illegible] માગી એક [illegible] જુદાપણું ક્યાં રહ્યું ! દૈત ક્યાં

આવા પ્ર[illegible] તેમની [illegible] થયા પછી તેમને [illegible] [illegible] નિર્યાત [illegible] છે એમ તેમને [illegible] [illegible] છે, [illegible]

[illegible]

સર્વભોગ અને સ્વર્ગવાસ કડવા લગડાવીશ. તપોનિધિનું અભિમાન ગળી જશે. યજ્ઞદાન વગેરે કર્મો કરવાની લાજ આવશે. ભકિતનું ભાગ્ય, પ્રેમ અને પુરૂષાર્થ સાધ્ય કરીશ. બ્રહ્મના અર્થને આત્મધનને પ્રાપ્ત કરીશ. આ લોકમાં મારી જાતને ધન્ય મનાવી લઇશ અને લોકોને એમ લગડાવીશ કે આપણું સદ્ભાગ્ય કે આપણે આવા ધન્ય તુકારામને જોયા છે."

આ રીતે બધા તરફથી પોતાને ધન્ય મનાવીને અને પોતાના ઉપદેશથી બધાને ભાગ્યશાળી બનાવીને એકતાલીસ વર્ષની ઉમ્મરે તેમણે પોતાની ઇહલોકની યાત્રા પૂરી કરી. તેમના નિર્વાણ બાબત અનેક મતભેદ છે કોઇ કહે છે કે છેવટે તેઓ કાશીયાત્રાએ ગયા. કોઇ કહે છે કે તેમણે તેમની ગુરૂપરંપરા પ્રમાણે જલસમાધી લીધી. કોઈ કહે છે કે સદેહે વૈકુંઠ ગયા.

સંત તુકારામના જીવનચરીત્રની સાધારણપણે આ રૂપરેખા છે. તેમનું સમગ્ર જીવન-જીવનમાં તેમના પર આવેલા પ્રસંગો, તે પ્રત્યેક પ્રસંગમાં તેમનું વૃદ્ધિગત થનારૂં ચારીત્ર, તેજ અને સદ્ગુણોનો વીકાસ, દરેક સંકટમાં ઇશ્વરનિષ્ઠાના બળથી પ્રાપ્ત કરેલો વિજય, લોકો અને મન સાથે તેમનો નિત્ય થનારો સાત્વિક ઝઘડો, પ્રત્યેક નાની મોટી વાતમાં જણાઈ આવતી તેની નિસ્પૃહતા, ઉદારતા, નિર્ભયતા, કોમળતા, દ્રઢતા, સાધુતા, તેમની વિવેકશીલતા, તેમનો વૈરાગ્ય, અન્યાય જોતાંજ હૃદયમાં ઉઠનારો પુણ્યપ્રકોપ, તેમની દયાળુતા, ચિત્તશુદ્ધિ અને ઇશ્વર પ્રાપ્તિની તેમની વ્યાકુળતા સત્ય ગોપનની તેમની ધગશ, જનહિતની તેમની તીવ્ર ઇચ્છા ઈત્યાદિ મહાન ગુણો-જે મહાન ગુણોથી તેમનું સમગ્ર જીવન ભરેલું છે તેનું કોણ વર્ણન કરી શકે !

ઇતિહાસ લખવાની પ્રથા તે સમયમાં ઘણી ઓછી હતી. તેથી મહાપુરૂષો વિષે પરંપરાગત કથાઓનો પરથીજ તેમના ચરિત્રજ્ઞાનની ઇચ્છા પૂરી કરવી પડે છે. તેમના અભંગો પરથીજ આ ચરિત્રનું વર્ણન કર્યું છે મહારાષ્ટ્રમાં સંતપણામાં તુકારામ મહારાજ જેટલી ખ્યાતિ કોઇનીએ

થયેલી નથી, તેમના અભંગના ચરણો આબાળ વૃદ્ધ સૌપુરા [illegible]
અશિક્ષિતના મોંમા કહેવત રૂપે યાદ રહેલાં છે. તુકારામ મહારાજ [illegible]
એક પણ અભંગ જેને ન આવડે એવો મનુષ્ય મહારાષ્ટ્રનાં મળવો મુશ્[illegible]
સ્ત્રી હોય કે પુરુષ, શિક્ષિત હોય કે અશિક્ષિત હોય, શ્રીમંત હોય કે [illegible]
તુકારામ મહારાજ અને તેમના અભંગોને જાણતો ન હોય એવો કોઈ [illegible]
નહિ. [illegible]થી માંડીને [illegible] સુધી બધામાં તેમના અભંગો અને તેમનું [illegible]
[illegible] માનનાર [illegible] તેમનાં [illegible]
હોય [illegible] તેમના [illegible]
[illegible] સામર્થ્ય [illegible]
[illegible] કહેને નહિ.

[illegible]

[illegible]
[illegible]

ભગવાન્ પાર્શ્વનાથ.

[લેખક:-શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ, B. A. LL. B. ADVOCATE.]

જિણે પાસિત્તિ નામેણં, અરહા લોગપૂઇએ
સંબુધ્ધપ્પા ય સવ્વન્નૂ, ધમ્મતિત્થયરે જિણે.
તસ્સ લોગપઇવસ્સ.........................

—પાર્શ્વ નામના જિન (પરીષહ ઉપસર્ગના જીતનાર), અર્હત્ (વંદન નમસ્કારાદિને યોગ્ય), લોકપૂજિત, સંબુદ્ધાત્મા (તત્ત્વજ્ઞ), સર્વજ્ઞ (કેવલજ્ઞાન પ્રાપ્ત કરનાર), ધર્મતીર્થંકર જિન (કર્મના જીતનાર) થયા. તે લોકમાં પ્રદીપ રૂપ હતા...

—ઉત્તરાધ્યયન સૂત્ર ૨૩ મું કેશીગૌતમીય અધ્યયન.

૧
પ્રસ્તાવ.

આપણા શ્રી ઋષભદેવથી માંડી શ્રી મહાવીર પ્રભુ સુધીના ૨૪ તીર્થંકરો છે તેમાં ભગવાન્ પાર્શ્વનાથનું સ્થાન ૨૩ મું એટલે છેલ્લા મહાવીર પ્રભુનું પૂર્વેનું છે. શ્રી પાર્શ્વનાથ પહેલાના ૨૨ તીર્થંકરો પ્રાગ્-ઐતિહાસિક છે એટલે એટલા બધા પ્રાચીન કાળમાં થયેલા જણાવેલા છે કે તેને અત્યારનો ઐતિહાસિક કાળ પહોંચી શકતો નથી. ઋષભદેવ સંબંધી આપણા પ્રમુખસાહેબ વ્યાખ્યાન કરવાના છે એટલે તેના સંબંધી હિંદુ પુરાણ અને જૈન કથામાં જે કહેલું છે તેની તુલના વગેરે જાણી શકીશું.

ભગવાન્ પાર્શ્વનાથને 'પુરિસાદાણી'-પુરૂષપ્રધાન આપણે કહીએ છીએ. તેમના ચમત્કાર લોકમાં બહુ ગવાય છે. સિદ્ધસેન દિવાકરે રચેલા 'કલ્યાણ મંદિર સ્તોત્ર' નામના પાર્શ્વનાથ સ્તોત્રને રચી શિવલિંગમાંથી પાર્શ્વપ્રતિમા પ્રકટાવી હતી. અભયદેવસૂરિ કે જેમણે સ્તંભનક પાર્શ્વ-

નાથનું જયતિહુઅણ સ્તોત્ર બનાવ્યું તેમણે તે પાર્શ્વનાથના પ્રભાવે પોતાનો કુષ્ટિ (કોઢ) રોગ દૂર કર્યો હતો. સુરતના સુરજમંડન પાર્શ્વનાથની પ્રતિમા સન્મુખ ચિંતામણી મંત્રની આરાધના કોઈ મુનિએ કરી હતી ને તે શાંતિદાસને ફળી ને તે પછી શાંતિદાસ અમદાવાદ પ્રસિદ્ધ ઝવેરી અને નગરશેઠના કુટુંબના પૂર્વજ શાંતિદાસ શેઠ થયા—એવી અનેક ચમત્કારિક વાતો લોકમાં પ્રસિદ્ધ છે.

જૈન મંદિરો અસંખ્ય છે તેમાં પ્રાયઃ મોટા ભાગે મૂળનાયક તરીકે પાર્શ્વનાથને સ્થાપિત-પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે એમ જણાય છે. ઉદાહરણ તરીકે — [illegible] પાર્શ્વનાથ, [illegible] પાર્શ્વનાથ, [illegible] પાર્શ્વનાથ, [illegible] ચિંતામણી પાર્શ્વનાથ, [illegible] પાર્શ્વનાથ, [illegible]

[illegible]

Parasnat [illegible]

[illegible]

—બંગાલ નાગપુર રેલ્વે પર પવિત્ર પાર્શ્વનાથ ટેકરી છે. તે સંબંધમાં એક વિચિત્ર વાત છે. તે ટેકરીનું રક્ષણ ભમરાઓ કરે છે. હિંદી સિવાય કોઈ તે ટેકરી ચડી શકતું નથી, જો કોઇ પરદેશી તે ચડવા પ્રયત્ન કરે છે, તો ભમરાઓ તેની પાછળ પડી હાંકી મૂકે છે. બ્રિટિશો તે ટેકરીના શિખર પર એક આરોગ્યભુવન સ્થાપવા માગતા હતા, પણ ભમરાઓ બ્રિટિશોને ભારે પડી ગયા.' આ ન બંધાયું.

બંગાળામાં માનભૂમ, વીરભૂમ, વર્ધમાન, સિંહભૂમ, રાંચી, બાલાસર, બાંકુરા, દરભંગા, મયૂરભંજ વગેરેમાં હાલ વસતી સરાક (મૂળ શ્રાવક પરથી) જાતિ હજુપણ પોતાના જાતિદેવ કુલદેવ શ્રી પાર્શ્વનાથ ભગવાન્‌ને માને છે અને તે જાતિના વૃદ્ધ પુરૂષો પોતાના બાપદાદાઓ પાર્શ્વનાથ પહાડ યાત્રાર્થ જતા હોવાનો સ્વીકાર કરે છે.

મંત્રોમાં પણ ચિંતામણી મંત્ર વગેરેમાં પાર્શ્વનાથને પ્રધાન સ્થાન આપવામાં આવેલું છે. અને કહેવાય છે કે તેના અધિષ્ઠાયક દેવ-શાસનદેવતા પદ્માવતી ધરણેંદ્ર સાક્ષાત્ હાજરાહજૂર છે અને પરચા એકદમ પૂરે છે.

આમ પાર્શ્વનાથ ચમત્કારી મહાપુરૂષ તરીકે ઓળખાયા છે અને શ્રીમદ્ રાજચંદ્ર જેવા વિચારવંત અધ્યાત્મી પુરૂષે તો એટલે સુધી જણાવ્યું છે કે તેઓ પરમયોગી હતા અને તેમનું ચરિત્ર અદ્ભુત અને ગૌરસ્ફુરિત હતું. તે જણાવે છે કે:-

'પ્રિયભાઇ સત્યાભિલાષી ઉજમશી-રાજનગર.

> 'જે પુરૂષપર તમારો પ્રશસ્ત રાગ છે, તેના ઇષ્ટદેવ પરમાત્મા જિન-મહાયોગેંદ્ર પાર્શ્વનાથાદિક-નું સ્મરણ રાખજો: અને જેમ બને તેમ નિર્મોહી થઇ મુક્ત દશાને ઇચ્છજો. જીવિતવ્ય કે જીવનપૂર્ણતા સંબંધી કાંઇ સંકલ્પ-વિકલ્પ કરશો નહીં.
>
> 'ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ વિકલ્પને ભૂલી જજો. પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો; અને તેજ અભિલાષા રાખ્યા રહેજો. એજ તમને પુનઃ પુનઃ આશીર્વાદ-

પૂર્વક મારી શિક્ષા છે આ અલ્પજ્ઞ આત્મા પણ તે પ્રત્યે અભિલાષી અને તે પુરૂષના ચરણકમળમાં તલ્લીન રહેશે. હું શિષ્ય છું તમને તેવી શ્રદ્ધાની જ શિક્ષા દઉં છું.

× × ×

તે સત્પુરૂષોના અદ્ભુત, યોગસ્ફુરિત ચરિત્રમાત્ર ઉપર જ પ્રેરણા

૨

તત્કાલિન સ્થિતિ.

[illegible]

[illegible]

[illegible]

મુકાબલો બીજું કોઈ રાજ્ય કરી શકતું નહિ. કોશલ દેશ ઘણો વખત તેને આધીન રહ્યો.

મગધમાં બાર્હદ્રથ વંશના રાજ્યની આ યુગમાં સમાપ્તિ થઇ. તેને સ્થાને પ્રજાએ શિશુનાકને રાજા થવા બોલાવ્યો એમ કહેવાય છે. શિશુનાક મૂલ તો કાશીનો હતો, ત્યાં તે પોતાના પુત્રને મૂકી મગધ આવ્યો. તે એક પ્રતાપી રાજા હતો, તેના વંશમાં ઘણા દિગ્વિજયી રાજા શિશુનાક વંશના ને ક્ષત્રિય નહિ પણ ક્ષત્રબંધુ પુરાણી અનુશ્રુતિમાં કહ્યા છે, જે કંઇ ઉતરતાપણું બતાવે છે કારણ કે તેઓ વ્રાત્ય લોકોના ક્ષત્રિય હતા. વ્રાત્ય તે આર્યજાતિ હતી કે જે મધ્યદેશની પૂર્વે યા ઉત્તર પશ્ચિમે (પંજાબમાં) રહેતી હતી અને જે મધ્યદેશના કુલીન બ્રાહ્મણો-ક્ષત્રિઓના આચારને અનુસરતી નહી હતી. તેમની શિક્ષા-દીક્ષાની ભાષા પ્રાકૃત હતી, તેની વેશભૂષા એટલી પરિષ્કૃત ન હતી, તેઓ મધ્યદેશના આર્યોના સર્વ સંસ્કાર પાળતા નહી હતા તથા બ્રાહ્મણોને બદલે 'અર્હતો' ને માનતા અને 'ચૈત્યો'ને પૂજતા હતા' (ભારતીય ઇતિહાસકી રૂપ રેખા જિલ્દ ૧)

આ યુગમાં ૧૬ મહાજનપદ હતા. જનપદ ને મહાજનપદ વચ્ચેનો ભેદ એમ છે કે જનપદ તે જનોનો મૂલ દેશ, પરંતુ જે જનપદોએ વિજયદ્વારા અથવા સંઘરચના દ્વારા પોતાના મૂલ દેશથી અધિક પ્રદેશ પોતાની સાથે જોડી દીધા તે મહાજનપદ કહેવાવા લાગ્યા. આ સોળ મહાજન પદમાં આઠ જોડી જણાય છેઃ- (૧) અંગ-મગધ, (૨) કાશી-કોશલ, (૩) વજ્જિ-મલ્લ, (૪) ચેદિ-વત્સ, (૫) કુરૂ-પંચાલ, (૬) મત્સ્ય-શૂરસેન, (૭) અસ્મક-અવન્તિ, (૮) ગાંધાર કમ્બોજ-એમ બૌદ્ધ ગ્રંથો પરથી જણાય છે.

જ્યારે જૈન ગ્રંથોમાં જણાવેલ સાડી પચીસ આર્યદેશ (તેની રાજધાની સહિત) પણ આને મળતા આવે છેઃ- ૧ મગધ-રાજધાની [illegible] ૩ અંગ-તામ્રલિપ્તિ. ૪ કલિંગ-કાંચનપુર,

૫ કાશી-વારાણસી, ૬ કોશલ-સાકેત, ૭ કુરુ-ગજપુર, ૮ કુશા[illegible] શૌરિપુર, ૯ પાંચાલ-કાંપિલ્યપુર, ૧૦ જંગલ-અહિચ્છત્રા, ૧૧ સૌ[illegible] દ્વારવતી (દ્વારિકા), ૧૨ વિદેહ-મિથિલા, ૧૩ વત્સ-કૌશંબી, [illegible] શાંડિલ્ય-નંદીપુર, ૧૫ મલય-ભદ્દિલપુર, ૧૬ વત્સ (મત્સ્ય?) [illegible] ૧૭ વરણ-અચ્છાપુરી ૧૮ દશાર્ણ-મૃત્તિકાવતી, ૧૯ ચેદી-શૌક્તિ[illegible] ૨૦ સિંધુસૌવીર-[illegible] ૨૧ શૂરસેન-મથુરા ૨૨ ભંગ-[illegible] પુરીવર્ત-[illegible] [illegible] કોટીવર્ષ, અને [illegible] [illegible] ([illegible] ૧, ૬૬)

[illegible]

શ્રી મહાવીરના અને શ્રી પાર્શ્વના નિર્વાણ વચ્ચે ૨૫૦ વર્ષનું અંતર; શ્રી મહાવીરની ઉમ્મર ૭૨ વર્ષની એટલે તેમના જન્મ પહેલાં શ્રી પાર્શ્વનું નિર્વાણ ૧૭૮ વર્ષે થયું. વીરનિર્વાણ ઇ સ. પૂર્વે ૪૭૦ માં તેથી અને શ્રી પાર્શ્વનાથનું આયુષ્ય એકસો વર્ષનું એટલે શ્રી પાર્શ્વનો સમય ઇ. સ. પૂર્વે ૮૨૦ થી ૭૨૦. શ્રી બુદ્ધનો જન્મ શ્રી મહાવીરના જન્મ પછી ઓછામાં ઓછાં ૧૫ વર્ષે થયો હશે (કોશામ્બીજીનું ઉક્ત પુસ્તક પૃ. ૫૬) તે પ્રમાણે બુદ્ધનો જન્મ અને પાર્શ્વનું નિર્વાણ એ બે વચ્ચે ૧૯૩ વર્ષનું અંતર. શ્રી પાર્શ્વે ૩૦ મે વર્ષે દીક્ષા લીધી ને તે પછી ૮૪ દિને કેવલજ્ઞાન થયું માનીએ તો બાકીનાં ૬૯ વર્ષ ૯ માસ લગભગ ઉપદેશ આપ્યો એટલે તેમણે શ્રી મહાવીર જન્મ પહેલાં ૨૪૭ વર્ષે અને શ્રી બુદ્ધના જન્મ પહેલાં ૨૬૨ વર્ષે શરૂઆત કરી હતી.

શ્રી પાર્શ્વના સમયમાં કેટલાક બ્રાહ્મણો વૈદિક યજ્ઞયાગ વગેરે કાર્યો કરીને માંસાહાર અને મદ્યપાન કરતા હતા; અને કેટલાક એવા પણ હતા કે જેમણે મોજમજાથી કંટાળી યા તેનાથી ડરી અરણ્યવાસ સ્વીકાર્યો હતો અને જેઓ તપસ્વી થઇ રહ્યા હતા. ચાર વેદો રચાઇ ચૂક્યા હતા ને તેમાંથી બ્રાહ્મણોનું વર્ચસ્વ, તેમની નીતિરીતિ જણાઇ આવે છે.

૩

તીર્થંકર-ચરિત્ર-ભૂમિકા.

દરેક તીર્થંકરને અમુક અમુક અવશ્ય હોવું જોઇએ એવી તીર્થંકર ચરિત્ર ભૂમિકા બાંધવામાં આવી છે એટલે કેઃ—

૧ ત્રીજા ને ચોથા (સુખમા-દુઃખમા ને દુઃખમા-સુખમા) આરામાં તીર્થંકર થાય.

૨ તીર્થંકરની માતાને ૧૪ સ્વપ્નઃ-૧ વૃષભ, ૨ હસ્તિ, ૩ સિંહ ૪ લક્ષ્મી, ૫ પુષ્પમાલા, ૬ ચંદ્ર મંડલ, ૭ સૂર્ય, ૮ મહાધ્વજ, ૯ સ્વર્ણકલશ, ૧૦ પદ્મસરોવર, ૧૧ ક્ષીરસમુદ્ર, ૧૨ વિમાન, ૧૩ રત્નપુંજ, ૧૪ નિર્ધૂમ અગ્નિ-જન્મ પહેલાં આવે.

૪

સૂત્રગત શ્રી પાર્શ્વચરિત્ર.

કલ્પસૂત્રના સપ્તમ ક્ષણમાં જણાવ્યું છે કે—

તે કાલે તે સમયે પાર્શ્વ નામના અર્હત્ પુરૂષપ્રધાન થયાં. તેનાં પાંચ કલ્યાણક વિશાખા નક્ષત્રમાં થયાઃ-જેમ કે વિશાખામાં ચ્યવીને, વિશાખામાં ગર્ભમાં ઉત્પન્ન થયા, વિશાખામાં જન્મ્યા, વિશાખામાં મુંડ થઇને ગૃહસ્થમાંથી અણગાર પ્રવ્રજ્યા લીધી-વિશાખામાં અનંત અનુત્તર અને નિર્વ્યાઘાત, નિરાવરણ, ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કર્યું-કેવલ નામનું ઉત્તમ જ્ઞાન દર્શન ઉત્પન્ન કરીને વિશાખામાં નિર્વાણ પ્રાપ્ત કર્યું. ૧૪૯.

ચ્યુતિ—તે કાલે તે સમયે પુરૂષ પ્રધાન અર્હત્ પાર્શ્વ જે ઉષ્ણકાલનો પ્રથમ માસ છે તેના પ્રથમ પક્ષમાં—ચૈત્ર (ગુજરાતી ફાગણ) માસના કૃષ્ણ પક્ષમાં તે ચૈત્ર કૃષ્ણ પક્ષની ચોથના દિને પ્રાણત (નામના દશમા) કલ્પમાં વીસ સાગરોપમની સ્થિતિનું આયુષ્ય ભોગવી ત્યાંથી પછી દિવ્ય શરીર તજીને આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં **ભરત ક્ષેત્રમાં વાણારસી નગરીમાં અશ્વસેન રાજાની વામા દેવીની કુખે** પૂર્વાપર રાત્રિ સમયે-મધ્યરાત્રિએ વિશાખા નક્ષત્રનો ચંદ્ર યોગ થતાં (દિવ્ય) આહાર છોડી, દિવ્ય ભવનો ત્યાગ કરી, (દિવ્ય) શરીર તજીને ગર્ભમાં ઉત્પન્ન થયા. ૧૫૦.

ચ્યવન—તે પુરૂષ પ્રધાન અર્હત્ પાર્શ્વ ત્રણ જ્ઞાનવાળા હતા. જેમકે ચવિશ એમ જાણે છે: પૂર્વોક્ત પાઠ પ્રમાણે (પ્રભુ મહાવીરના જિન-જન્મ પ્રમાણે) સ્વપ્ન દર્શનના વિધાનથી સર્વ તે વામાદેવીએ નિજગૃહ પ્રવેશ કર્યો ત્યાં સુધી બધું ને ગર્ભનું સુખરૂપે પરિપાલન કરે છે ત્યાં સુધી ૧૫૧.

જન્મ—તે કાલે તે સમયે પુરૂષ પ્રધાન અર્હત્ પાર્શ્વ થયા. હેમંત ઋતુના—શીતકાલના બીજા માસ ને ત્રીજા પક્ષે પોષ કૃષ્ણ પક્ષે—તેની

ઉપસર્ગો–તે અર્હત્ પુરુષપ્રધાન પાર્શ્વે ચ્યાશી રાત્રિ દિવસ સુધી નિત્ય કાયાનો ઉત્સર્ગ કરી–કાયાની કદિ સુશ્રુષા ન કરીને શરીર પ્રત્યેની મમતાનો સર્વથા ત્યાગ કરીને જે કંઇ અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગો દેવો, મનુષ્યો કે તિર્યંચ યોનીના જીવોથી ઉપજ્યા તે સામ્ય ભાવે સહ્યા; ખમ્યા, અને તેની તિતીક્ષા કરી અને તેનો પરિચય સેવ્યો. ૧૫૮:

કેવલજ્ઞાન–એ પ્રમાણે પાર્શ્વ ભગવાન્ અણગાર થયેલા તે ઇર્યા–સમિતિથી આત્માને ભાવતાં ચ્યાશી રાત્રિદિવસ વ્યતીત કરીને ચોરાસીમા રાત્રિ દિવસની અંતરે–વચમાં રહીને ગ્રીષ્મકાળના પ્રથમ માસનાં પહેલા પખવાડીઆમાં એટલે ચૈત્રના કૃષ્ણ પક્ષે ચોથની તિથિએ પૂર્વાન્હ કાલે ધાતકી નામના વૃક્ષ નીચે નિર્જલ છઠ્ઠ ભક્ત તપ વડે યુક્ત વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં ધ્યાનાંતરિકામાં વર્તતા થકા અનંત, અનુત્તર (પૂર્વવત્ એટલે નિર્વ્યાઘાત, નિરાવરણ, ઉત્કૃષ્ટ, પ્રતિપન્ન) કેવલજ્ઞાન કેવલદર્શન ઉત્પન્ન થયાં, પૂર્વવત્ એટલે ત્યારપછી શ્રમણ ભગવન્ પાર્શ્વ અર્હત્ થયા; જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી તરીકે દેવમનુષ્યાસુર યુક્ત લોકના પર્યાયોને જાણતા જોતા, સર્વલોક–સર્વ જીવોની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન–અવતરણ, ઉત્પત્તિને, મનના તર્કને, માનસિક ચિંતિતને, અશન કરેલને, પ્રતિસેવિતને, ગુપ્તને પ્રગટ કરતા તે અરિહંત તે તે કાલે મન વચન કાયના યોગમાં વર્તતા સર્વ લોકમાં સર્વ જીવોના સર્વભાવોને જાણતા જોતા વિહરે છે. ૧૫૯.

ગણધરો–પુરુષપ્રધાન અર્હત્ પાર્શ્વના આઠ ગણ અને આઠ ગણધરો હતા. જેમકે (૧) શુભ, (૨) આર્યઘોષ, (૩) વશિષ્ઠ, (૪) બ્રહ્મચારી, (૫) સોમ, (૬) શ્રીધર, (૭) વીરભદ્ર અને (૮) યશસ્વી. ૧૬૦.

પરિવાર–તેમને આર્યદત્ત પ્રમુખ સોલ હજાર શ્રમણોની ઉત્કૃષ્ટી શ્રમણ સંપદા, અને પુષ્પચૂલા આદિ ૩૮૦૦૦ ની ઉત્કૃષ્ટી આર્યિકાની સંપદા, સુવ્રત પ્રમુખ એક લાખ ચોસઠ હજારની ઉત્કૃષ્ટી શ્રમણોપાસકની

[illegible]

[illegible]

નિર્વાણ—[illegible] [illegible] પછી પર્યંકાસન પ્રથમ માસમાં, બીજા પખવાડીઆમાં અર્થાત્ શુચિમા–આષાઢના શુક્લ પખવાડીઆની આઠમને દિવસે સમેત નામના પર્વતના શિખર ઉપર પોતે ચોત્રીસમા (એટલે બીજા તેત્રીસ સાથે) જળ રહિત માસક્ષપણનું તપ કરીને વિશાખા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં પૂર્વાહ્ન કાળ સમયે (પ્રા. બન્ને હાથ લાંબા કરી કાઉસ્સગ્ગથી મુક્ત થયા, પ્રશસ્ત ઉર્ધ્વગતિ પામ્યા, જન્મ જરા મરણના

ન કર્યા, સિદ્ધ બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિવૃત અને) સર્વ દુઃખ
ને પ્રક્ષીણ કર્યા છે એવા થયા.

પુરૂપપ્રધાન અર્હત્ શ્રી પાર્શ્વ (ઉક્ત રીત્યા) સર્વ દુઃખના નાશ
કરનારા થયા ત્યારથી બારસો વર્ષ વ્યતીત થતાં તેરમા સૈકાનું આ
ત્રીશમું વર્ષ જાય છે, (અર્થાત્ શ્રી પાર્શ્વ નિર્વાણ પછી ૧૨૩૦ વર્ષે) કલ્પ-
સૂત્ર પુસ્તકારૂઢ થયું-વંચાયું. ૧૬૯ (પાર્શ્વનિર્વાણ પછી અઢીસો વર્ષે
વીરનિર્વાણ થયું એટલે વીરનિર્વાણથી ૯૮૦ મે વર્ષે કલ્પસૂત્ર પુસ્તકારૂઢ
થયું-વંચાયું.)

આવશ્યક નિર્યુક્તિમાં પાર્શ્વનાથજી સંબંધી જૂદક જૂદક ૨૪
જિનો સંબંધી કહેતાં બતાવ્યું છે કે: પાર્શ્વે રાજ્ય ગ્રહણ કર્યું
નથી-રાજા તરીકે થયા નથી. ગાથા ૨૨૧.

પાર્શ્વે ત્રણસો સાથે પ્રવ્રજ્યા લીધી, અને પ્રથમ વયમાં; એક દૂષ્ય
વસ્ત્રથી પોતાની જન્મભૂમિમાં, આશ્રમપદંમિ, પૂર્વાન્હે જીવાદિ નવ
પદાર્થોનું જ્ઞાન પામીને લીધી.

પાર્શ્વ આર્ય ક્ષેત્ર ઉપરાંત અનાર્ય ક્ષેત્રમાં પણ વિહર્યા.

પાર્શ્વના સમયમાં ૧૧ શ્રુતનો લાભ અને ચાર યમ; સંયમ એક
કરી એટલે સામાયિક રૂપ ૧૭ પ્રકારનો. તેમાં છેદોપસ્થાપના રૂપ
બીજા પ્રકારનો સંયમ નહિ.

પાર્શ્વનો છદ્મસ્થકાલ ૮૪ દિન. તેમને કેવલજ્ઞાન ચૈત્ર વદ ૪
વિશાખા નક્ષત્રમાં પૂર્વાન્હે ઉદ્યાનમાં અષ્ટમ ભક્ત તપ વડે થયું. તેમને
૧૬૦૦૦ સાધુ શિષ્ય, ૩૮૦૦૦ આર્યા, અને અન્ય શ્રાવક શ્રાવિકાનો
શિષ્ય પરિવાર. તેમનો તે ચાતુર્વર્ણ્ય સંઘ કેવલોત્પત્તિ સાથે ઉત્પન્ન
થયેલ. દશ ગણો ને ગણધરો થયા.

પાર્શ્વે કુમારપણે ત્રીશ અને પછી દીક્ષા પર્યાય આજીવન ૭૦ વર્ષ
સુધી પાળ્યો. કુલ આયુષ્ય ૧૦૦ વર્ષ. માસક્ષપણ તપ વડે સમ્મેત
[illegible]

[illegible]

... Parshvanath ... [illegible]

શ્રી હેમચન્દ્રે [illegible] ચરિત્રમાં [illegible] છે — [illegible] ... (૨) [illegible] (૩) [illegible] (૪) [illegible] હાથીનો ભવ (૫) [illegible] (૬) [illegible] (૭) [illegible] (૮) [illegible] (૯) [illegible] (૧૦) [illegible] ... (૨) [illegible] (૩) [illegible] દેવલોકમાં દેવ (૪) કિરણવેગ રાજકુમાર પછી મુનિ- [illegible] વિમાનમાં અચ્યુત દેવલોકમાં દેવ (૬) વજ્રનાભ

(૭) ગ્રૈવેયકમાં દેવ (૮) સુવર્ણબાહુ રાજકુમાર–દીક્ષા. તીર્થંકર નામ કર્મ બાંધ્યું. (૯) દશમા દેવલોકમાં દેવ (કલ્પસૂત્રમાં જણાવેલ) ને પછી પાર્શ્વનાથ. માતાએ પાર્શ્વ-પડખે થઈને સર્પ જતો જોયો તેથી નામ પાર્શ્વનાથ. કુશસ્થળના પ્રસેનજિત્ પર યવનરાજ ચડી આવ્યો, વારાણસીના અશ્વસેનની મદદ માગી, પુત્ર પાર્શ્વનાથે સેના સહિત જઈ યવન રાજાને જીત્યો. પ્રસેનજિતે પોતાની પુત્રી પ્રભાવતી ગ્રહણ કરવા કહ્યું, પાર્શ્વનાથે ન માન્યું એટલે તેમના પિતા પાસે વિનતિ કરી. આખરે તે લગ્ન થયાં.

દીક્ષા લીધા પહેલાં વારાણસીમાં લોકો મોટા સમુદાયમાં ગામ બહાર જતા જોઈ કારણ પૂછતાં પાર્શ્વનાથને જણાયું કે કમઠ (તાપસ) ગામ બહાર પંચાગ્નિ ધૂણીથી તપ કરે છે તે જોવા લોકો જાય છે. એટલે પોતે આવી જોયું કે આ તો પૂર્વના કમઠનો જીવ છે; પછી તેમણે કહ્યું "આ તપ અજ્ઞાન તપ છે. બળતાં લાકડાંમાં સર્પ છે" અને તે કાઢી બળતો સર્પ બતાવ્યો. તે સર્પનો જીવ મરી ધરણેંદ્ર નાગરાજ દેવ થયો; જ્યારે તાપસનો જીવ મરી મેઘમાળી નામનો દેવ થયો.

પાર્શ્વનાથે ત્રીશ વર્ષે દીક્ષા લીધા પછી કમઠના જીવ મેઘમાળી દેવે પૂર્વના વૈરને પૂરૂં વાળવા તેઓ ધ્યાનસ્થ હતા તે વખતે અનેક ઉપસર્ગો કર્યા. તેનું વર્ણનઃ સિંહ હાથી ચિત્તાઓ વીંછીઓ, દષ્ટિવિષ સર્પો, વેતાલો વિકુર્વ્યા પછી મેઘનો ભારે વરસાદ. વિદ્યુત્, ગર્જના કર્યાં, અવિરત પાણીથી ઠેઠ નાસાગ્ર સુધી પાણીમાં ડુબાડયા. આ વખતે ધરણેંદ્ર નાગરાજે આવી પગ નીચે કમળ મૂકી માથાં પર સાતફણાવાળું છત્ર કર્યું આખરે મેઘમાળી દેવ શરણે આવ્યો-ક્ષમા માગી ગયો.

આ ઉપસર્ગ વખતે અને નાગેંદ્રની સેવા સંબંધી આચાર્ય શ્રી નીચેનુ ઉલ્લેખે છે કે જે તેમના રચેલા 'સકલાર્હત'માં આપણે જોઈએ છીએઃ—

(૭) ગ્રૈવેયકમાં દેવ (૮) સુવર્ણબાહુ રાજકુમાર–દીક્ષા. તીર્થંકર નામ કર્મ બાંધ્યું. (૯) દશમા દેવલોકમાં દેવ (કલ્પસૂત્રમાં જણાવેલ) ને પછી પાર્શ્વનાથ. માતાએ પાર્શ્વ-પડખે થઇને સર્પ જતો જોયો તેથી નામ પાર્શ્વનાથ. કુશસ્થળના પ્રસેનજિત્ પર યવનરાજા ચડી આવ્યો, વારાણસીના અશ્વસેનની મદદ માગી, પુત્ર પાર્શ્વનાથે સેના સહિત જઇ યવન રાજાને જીત્યો. પ્રસેનજિતે પોતાની પુત્રી પ્રભાવતી પરણાવવા કહ્યું, પાર્શ્વનાથે ન માન્યું એટલે તેમના પિતા પાસે વિનતિ કરી. આખરે તે લગ્ન થયાં.

દીક્ષા લીધા પહેલાં વારાણસીમાં લોકો મોટા સમુદાયમાં ગામ બહાર જતા જોઈ કારણ પૂછતાં પાર્શ્વનાથને જણાયું કે કમઠ (તાપસ) ગામ બહાર પંચાગ્નિ ધૂણીથી તપ કરે છે તે જોવા લોકો જાય છે. એટલે પોતે આવી જોયું કે આ તો પૂર્વના કમઠનો જીવ છે; પછી તેમણે કહ્યું "આ તપ અજ્ઞાન તપ છે. બળતાં લાકડાંમાં સર્પ છે" અને તે કાઢી બળતો સર્પ બતાવ્યો. તે સર્પનો જીવ મરી ધરણેંદ્ર નાગરાજ દેવ થયો; જ્યારે તાપસનો જીવ મરી મેઘમાળી નામનો દેવ થયો.

પાર્શ્વનાથે ત્રીશ વર્ષે દીક્ષા લીધા પછી કમઠના જીવ મેઘમાળી દેવે પૂર્વના વૈરને પૂરું વાળવા તેઓ ધ્યાનસ્થ હતા તે વખતે અનેક ઉપસર્ગો કર્યા. તેનું વર્ણનઃ સિંહ હાથી ચિત્તાઓ વીંછીઓ, દષ્ટિવિષ સર્પો, વેતાલો વિકુર્વ્યા પછી મેઘનો ભારે વરસાદ. વિદ્યુત્, ગર્જના કર્યા, અતિશય પાણીથી ઠેઠ નાસાગ્ર સુધી પાણીમાં ડુબાડ્યા. આ વખતે ધરણેંદ્ર નાગરાજે આવી પગ નીચે કમળ મૂકી માથાં પર સાતફણાવાળું છત્ર કર્યું આખરે મેઘમાળી દેવ શરણે આવ્યો-ક્ષમા માગી ગયો.

[illegible]

[illegible] ગુરૂકી કી દિલ્હી [illegible] ગુપ્ત હશે [illegible] નાની નદીઓ [illegible] નામ [illegible] [illegible])

પાર્શ્વ [illegible] ગુરગચ્છ સંબંધી રા ચીમનલાલ [illegible] Jainism in North India નામના પુસ્તકમાં [illegible] એમ [illegible] કહે છે અને [illegible] ગચ્છોધરી આ કાન્યકુબ્જની સ્થાપનામાં [illegible] હતો તે બતાવે છે. વળી કાશી અને પંચાલ [illegible] એમ બૌદ્ધ અને જૈન ગ્રંથો જણાવે છે [illegible] વચલા દુઆબનો એક હિસ્સો ઉત્તર અને દક્ષિણ પંચાલને અલગ રાખતી ભાગીરથી (ગંગા) નદી. મહાભારત [illegible] ઉત્તર [illegible] (જૈન પ્રમાણે જંગલ દેશની) રાજધાની અહિચ્છત્રા અથવા ચિત્રવતી (હાલનું રામનગર, બરેલી જીલ્લામાં અઓનલા પાસે) હતી અને દક્ષિણ

પંચાલની (જૈન પ્રમાણે પાંચાલની) રાજધાની કાંપિલ્ય, અને તે ગંગાથી ચંબલ નદી સુધી વિસ્તરેલ. ઉત્તરાધ્યયનમાં જણાવ્યું છે પંચાલનો રાજા બ્રહ્મદત્ત ચુલણીથી કાંપિલ્યમાં જન્મ્યો હતો; વળી તે સૂત્રમાં કાંપિલ્યનો રાજા સંજય બતાવ્યો છે. એટલે એ સંભવિત છે કે કાશી અને પંચાલ લગ્નના સંબંધથી જોડાયાં હશે.

ઉપર જણાવેલ અહિચ્છત્રા સંબંધી એક હકીકત જણાવવાની પ્રસ્તુત છે. 'અહિચ્છત્રા' એટલે સર્પનાં છત્રવાળી. આને પાર્શ્વનાથનું ધરણેન્દ્ર-મહિમાસ્થાન જણાવ્યું છે. કમઠે મેઘમાળી દેવ થઇ પાર્શ્વનાથ જ્યાં ધ્યાનમાં હતા ને ઉપસર્ગો કર્યા હતા અને જબરા વરસાદના ઉપસર્ગમાં ધરણેન્દ્રે આવી તેના નિવારણાર્થે પાર્શ્વપ્રભુ પર સાત ફણાના સર્પનું છત્ર કર્યું હતું તે આ અહિચ્છત્રા. (જુઓ જિનપ્રભસૂરિનો તીર્થકલ્પમાં અહિચ્છત્રા કલ્પ.)

૬

જૈન આગમોમાં તેમના સંબંધી ઉલ્લેખો.

સમવાયાંગમાં પૃ. ૧૫૧ જંબૂદ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણી કાલમાં થનાર, ઋષભાદિ ૨૪ તીર્થંકરોનાં નામ આપ્યાં છે તેમાં ૨૩ મા 'પાસ'-પાર્શ્વ અને ૨૪ મા વદ્ધમાણ'-વર્ધમાન છે; તેજ પ્રમાણે ભગવતી સૂત્રના શતક ૨૦ ઉદ્દેશક ૮ માં પણ જણાવ્યું છે

તે ત્રેવીસમા પાર્શ્વના પિતાનું નામ રાજા આસસેણ (અશ્વસેન) અને માતાનું નામ વામા હતું; "પુરુષાદાણી" સુદંસણ. શીબિકા વિશાલામાં બેસી પોતાની જન્મભૂમિમાં ત્રણસો સાથે અટ્ઠમ તપ સહિત દીક્ષા લીધી. તે ત્રણસો ઉગ્ર, ભોગ, રાજા ક્ષત્રિ કુળમાં થયેલા. બીજે દિવસે ધન્યને ત્યાં પ્રથમ ભિક્ષા પાયસ-ખીરની મળી (તેથી પારણું કર્યું) ને ત્યાં વસુધારાઓ પ્રકટ થઇ. તેમનું ચૈત્યવૃક્ષ (જેની પાસે બેસી કેવલ જ્ઞાન થયો તે વૃક્ષ) ધાતકી વૃક્ષ હતું. પ્રથમ શિષ્યનું નામ (આર્ય)

[illegible] (ભગવતી [illegible]) [illegible] (ભગ- [illegible]

[illegible] કહી નિર્ [illegible]

[illegible] પુષ્પિકામાં [illegible] છે:—

[illegible] ચંદ્ર તેનો પૂર્વ- ભવ [illegible] ત્યારે તે સમયે [illegible] અચિર- [illegible] ચાવસ્તી નગરીમાં અંગતી નામે ગાથાપતિ હતો. તેણે પાર્શ્વ પ્રભુ પાસે આવી તેની પાસેથી ધર્મ સાંભળી પ્રવ્રજ્યા લીધી હતી. [illegible] આ [illegible] ચંદ્રવિમાનમાં [illegible] છે, ને ત્યાંથી મહાવિદેહે જઇ સિદ્ધ થશે.

તેજ પ્રમાણે બીજો દેવ—સૂર વાંદવા આવતાં ને તેનો પૂર્વભવ ગૌતમે પૂછતાં શ્રી મહાવીર પ્રભુએ જણાવ્યું કે ઉક્ત પાર્શ્વ પ્રભુ સમો- સર્યા હતા ત્યારે શ્રાવસ્તિના સુપ્રતિષ્ઠ ગાથાપતિએ અંગતી પ્રમાણે ધર્મ સાંભળી દીક્ષા લીધી ને તેનો છવ આ સૂર તે પણ તેની પેઠે સિદ્ધ થશે.

તેજ પ્રમાણે શુક્ર વિમાનનો દેવ વાંદવા આવ્યો તેનો પૂર્વ ભવ પૂછતાં વીર પ્રભુએ કહ્યું 'વાણારસી (પાર્શ્વ પ્રભુનીજ જન્મભૂમિ) માં સોમિલ નામનો બ્રાહ્મણ ઋગ્, યજુર્, સામ, અથર્વણ વેદનો ઇતિહાસ, નિઘંટુ, અંગ ઉપાંગનો સરહસ્ય જાણકાર-પારંગત, ષષ્ઠિ તંત્ર (કપિલનું), સાંખ્ય, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદસ્, જ્યોતિ-શાસ્ત્ર આદિ બ્રાહ્મણ શાસ્ત્રમાં સુપરિનિષ્ઠિત હતો. તેણે પાર્શ્વજિનાગમ સાંભળી કુતુહલ-વશ તેમની સમીપે અંબસાલ વનમાં જઇ અર્થ અને હેતુ ગ્રહણ કરી, યાત્રાદિના પ્રશ્ન પૂછી ગયો. પછી પાર્શ્વનો પરિચય

રહ્યો ને મિથ્યાત્વપર્યાયની વૃદ્ધિ થતાં સમ્યકત્વપર્યાય ઓછા તાં મિથ્યાત્વ પામ્યો. એકદા કુટુંબ—જાગરિકામાં અધ્યાત્મ ચિંતન કરવા લાગ્યો 'મેં વ્રતો કર્યાં, વેદો અભ્યાસ્યા, સ્ત્રી કરી, પુત્રો પામ્યો, ઋદ્ધિથી સંમાન મેળવ્યું, પશુવધ કર્યા, મોટા યજ્ઞ કર્યા, દક્ષિણા આપી, અગ્નિહોત્રો પૂજ્યા.' (આ સોમિલની કથા ખાસ વાંચવા જેવી છે. તે પરથી તે વખતની બ્રાહ્મણોની, અને તાપસોની કેવી સ્થિતિ હતી તે જાણી શકાય છે). તે અંતે શ્રમણોપાસક દીક્ષા લઇ વિહરતાં તપશ્ચર્યા કરતો મરણ પામી શુક્ર વિમાનમાં દેવપણે ઉપજે છે. ત્યાંથી આયુ ક્ષય કરી મહાવિદેહે જઇ સિદ્ધ થશે.

ચોથા સૂત્ર પુષ્પચુલામાં એવી વાત છે કેઃ—

શ્રીદેવી નામની દેવી મહાવીર પ્રભુ પાસે આવી નાટ્યવિધિ બતાવી સ્વસ્થાને ગઇ, શ્રી ગૌતમે તેનો પૂર્વભવ પૂછતાં શ્રી મહાવીર ભગવાને જણાવ્યું કે મૂળ રાજગૃહ નગરમાં જિતશત્રુના રાજ્યમાં સુદર્શન ગાથાપતિ હતો, તેને ભાર્યા નામની પ્રિયાથી ભૂતા નામની પુત્રી હતી. તે કોઇ સાથે પરણી નહી તેણે છેવટે પાર્શ્વપ્રભુ પાસે દીક્ષા લઇ શ્રમણી-નિર્ગ્રન્થીણી, બ્રહ્મચારિણીપણે વિહરી શરીર પ્રત્યેની ધોવનાદિથી હમેશા કરતી જતના ત્યાગી તપશ્ચર્યાસહિત શ્રમણપર્યાય પાળી દેવી તરીકે ઉત્પન્ન થઇ ને તે મહાવિદેહે જઇ સિદ્ધ થશે.

૭

ઐતિહાસિક પુરુષ. તેમના સંતાન-પરિવાર.

શ્રીપાર્શ્વનાથ એ ઐતિહાસિક કાલમાં થયેલ ઐતિહાસિક પુરૂષ હતા એ નિર્વિવાદ છે અને તે યાકોબી જેવા યુરોપીય વિદ્વાનોએ સ્વીકાર્યું છે. તેમનો સંઘ શ્રી મહાવીરસ્વામીના સમયમાં વિદ્યમાન હતો એ વાત જૈન આગમોમાં 'પાર્શ્વાપત્ય' એટલે પાર્શ્વના સંતાનના ઉલ્લેખો પરથી સ્પષ્ટ છે. અને તે પાર્શ્વાપત્યનાં વૃત્તાંતો પરથી શ્રી પાર્શ્વનાથજીની પ્રરૂપણામાં શ્રી મહાવીરે સુધારો વધારો કર્યો હતો તે જણાઇ આવે છે.

[illegible]

નિંદા કરે છે, [illegible] પોતાનો પરલોક બગાડે છે. (માટે) કોઈ [illegible] શ્રમણ કે બ્રાહ્મણ પાસે ધર્મયુક્ત એક પણ આર્ય સુવાક્ય સાંભળવાનું કે શીખવાનું મળવાથી આપણને આપણી બુદ્ધિથી વિચારતાં એમ લાગે કે, આણે એમણે મને ઉત્તમ યોગ-ક્ષેમના સ્થાને પહોંચાડ્યો, તો તે માણસે પેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરવો જોઈએ, પૂજ્ય બુદ્ધિથી તેને નમસ્કાર કરવા જોઈએ, તેનું સંમાન કરવું જોઈએ, તથા કલ્યાણકારી મંગલમય દેવતાની જેમ અથવા દેવમંદિરની જેમ ઉપાસના કરવી જોઈએ.' આ શબ્દોમાં ઉદક અણગારની શ્રદ્ધા, રૂચિ થઈ ને પછી છેવટે તેણે જાહેર કર્યું કે 'હે ભગવન્! તમારી પાસે હું ચાર વ્રતવાળા ધર્મમાંથી નીકળી પાંચ મહાવ્રતવાળા તથા પ્રતિક્રમણ-વિધિવાળા ધર્મમાં આવવા ઈચ્છું છું' અને તે ધર્મ સ્વીકાર્યો (મહાવીર સ્વામીનો સંયમધર્મ પૃ. ૨૩૨ થી ૨૩૯)

(૩) સ્થાનાંગના ૯-મા સ્થાનમાં એક પ્રશ્ન કરેલ છે 'કોણ કોણ સિદ્ધ થશે?' ઉત્તરમાં સિધ્ધ થનાર નવનાં નામ આપ્યાં છે તેમા ઉદક પેઢાલપુત્ર (કે જેને ઉપર જણાવેલ સૂત્રકૃતાંગમાં પાર્શ્વાપત્ય તરીકે

ત્વેલ છે તે) અને સુપાર્શ્વા નામની આર્યિકા–આર્યા કે જે પાર્શ્વા-
ષ્યા (ટીકા–પાર્શ્વનાથના શિષ્યની શિષ્યા) હતી એમ બે પાર્શ્વાપત્યનાં
મ ગણાવ્યાં છે.

(૪) ભગવતી સૂત્રમાં ઘણા રસપ્રદ પ્રસંગો પાર્શ્વાપત્યોના આપેલા
તે જોઈએ:—શતક ૧ ઉદ્દેશક ૯ માં સ્થવિરો અને આર્ય શ્રી કાલા-
સ્વેષિ પુત્ર અનગારનો પ્રસંગ છે. તે અનગાર પાર્શ્વાપત્ય-પાર્શ્વનાથના
શિષ્યમાં થયેલા હતા. (શ્રી વીરના) સ્થવિરોને તેણે કહ્યું 'સામાયિક,
પ્રત્યાખ્યાન, સંયમ, સંવર, વિવેક, વ્યુત્સર્ગ, ને તેના અર્થને તમે
જાણતા નથી.' તેઓએ જણાવ્યું "અમે જાણીએ છીએ." "તો તે
શું છે–તેનો અર્થ શો છે?" એમ પ્રશ્ન કરતાં સ્થવિરોએ જણાવ્યું કે
"આત્મા એ સામાયિક આદિ છે, અને આત્મા એ સામાયિક આદિનો અર્થ
છે." પછી સવાલ કર્યો કે એમ હોય તો તમે ક્રોધ, માન, માયા અને
લોભનો ત્યાગ કરી શા માટે તે ક્રોધાદિને નિંદો છો?" ઉત્તર–સંયમને
માટે. પ્રશ્ન–શું ગર્હા (નિંદા) એ સંયમ છે કે અગર્હા? ઉત્તર–"ગર્હા,
કારણ કે તે બધા દોષોનો નાશ કરે છે–આત્મા સર્વ મિથ્યાત્વને
જાણીને ગર્હાદ્વારા બધા દોષોનો નાશ કરે છે અને એ પ્રમાણે અમારો
આત્મા સંયમમાં સ્થાપિત છે-પુષ્ટ છે,-ઉપસ્થિત છે." અંતે તે અનગારે
નમસ્કારપૂર્વક કહ્યું "હે ભગવંતો! ચાર મહાવ્રતવાળો ધર્મ (મૂકી)
તમારી પાસે પ્રતિક્રમણ સહિત અને પાંચ મહાવ્રતવાળો ધર્મ પ્રાપ્ત
કરી વિહરવા ઇચ્છું છું." "જહાસુખં દેવાણુપિયા" એમ સ્થવિરોએ
કહેતા તે અનુસારે તે ધર્મ સ્વીકાર્યો. ઘણાં વર્ષ સાધુત્વ પાળ્યું; જે
પ્રયોજન સારૂ નગ્નપણું, મુંડપણું અસ્નાન, અદંતધોવન, છત્ર ન રાખવું,
જોડા ન પહેરવા, ભોંયપથારી કરવી, પાટીયા ઉપર સુવું, લાકડા ઉપર
સુવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્યપૂર્વક રહેવું, (ભિક્ષા માટે)
બીજાના ઘેર જવું, ક્યાંક મળે કે ક્યાંક ન મળે અથવા ઓછું મળે
(એ સહવું) તથા અનુકૂળ અને પ્રતિકૂળ, ઇંદ્રિયોને કાંટા જેવા

આ પછી શ્રી ગૌતમે ભિક્ષાર્થે જતાં રાજગૃહના લોક પાસેથી તુંગિ-ા શ્રાવકો ને પાર્શ્વનાથના સ્થવિરો વચ્ચે થયેલ ઉપરનો પ્રસંગ સાંભળ્યો ટલે તેમણે શ્રી મહાવીરપ્રભુ પાસે ઉક્ત ઉત્તરો શું સાચા છે? એમ છ્યું ત્યારે શ્રી વીરભગવાને જણાવ્યું 'તે પાર્શ્વનાથના સ્થવિરો સમર્થ, ભ્યાસી, ઉપયોગવંત, વિશેષજ્ઞાની છે, અને તેમણે આપેલ ઉત્તર સાચા , અને આપવડાઈ માટે કહેલ નથી પણ સાચા છે માટે કહેલ છે. ં પણ તેમજ કહું છું.'

(૬) તેજ સૂત્રના શતક પાંચમાના ઉદ્દેશક ૯ માં કહેલ છે કે પાર્શ્વા-પત્ય સ્થવિરો શ્રી મહાવીર પાસે આવી પૂછે છે કે 'હે ભગવન્! અસંખ્ય લોકમાં અનંત રાત્રિ-દિવસ ઉત્પન્ન થયાં-થાય છે કે થશે? અને નષ્ટ થયાં?-થાય છે? કે થશે? કે નિયત પરિણામવાળા રાત્રિ-દિવસો ઉત્પન્ન થયાં-થાય છે કે થશે અને નષ્ટ થયાં-થાય છે કે થશે?' પ્રભુ ઉત્તર આપે છે 'હા.' પ્રશ્ન-'કયા હેતુથી?' ઉત્તરમાં શ્રી વીરભગવાન્ કહે છે: "આપના પુરૂષાદાનીય-પુરૂષોમાં આદ્ય પાર્શ્વ અર્હંતે લોકને શાશ્વત, તેમજ અનાદિ, અનંત, પરિમિત, અલોકવડે પરિવૃત, નીચે વિસ્તીર્ણ, વચ્ચે સાંકડો, ઉપર વિશાલ, નીચે પલંગના આકારનો, વચ્ચે ઉત્તમ વજ્રના આકારવાળો અને ઉપર ઉંચા-ઉભા મૃદંગના આકાર જેવો લોકને કહ્યો છે તેજ પ્રમાણે તે છે અને તેમાં અનંતા જીવઘનો પણ ઉપજી ઉપજીને નાશ પામે છે-તે લોક ભૂત છે, ઉત્પન્ન, વિગત, પરિણત છે, કારણ કે તે અજીવો દ્વારા લોકાય છે-નિશ્ચિત થાય છે માટે જે પ્રમાણથી લોકાય-જણાય તે લોક કહેવાય. તે હેતુથી અસંખ્યેય લોકમાં તેજ કહેવું. શ્રી પાર્શ્વજિનના શિષ્ય સ્થવિર ભગવંતો શ્રમણ ભગવંત મહાવીરને 'સર્વજ્ઞ' 'સર્વદર્શી' એ પ્રમાણે પ્રત્યભિજાણે છે.

ત્યાર પછી તે સ્થવિરો ભગવંત મહાવીરને વંદે નમે છે ને કહે છે "હે ભગવન્! તમારી પાસે ચાતુર્યામ ધર્મને મૂકી પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતોને સ્વીકારી વિહરવા ઇચ્છીએ છીએ.' શ્રી વીરે કહ્યું:

'હે દેવાનુપ્રિય' એમ [illegible] 'નમન કરે' [illegible] પાર્શ્વજિનના શિષ્ય [illegible] થી મહીવુ [illegible] અને કેટલાક દેવલોકમાં [illegible]

(૭) તેજ ભગવતી [illegible] ૧૩૮ થી ૧૬૧) મા [illegible] ચૈત્યમાં શ્રી મહાવીર સ્વામી [illegible] ([illegible]) શિષ્ય ગાંગેય નામે [illegible] [illegible] પ્રશ્નો કર્યા અને [illegible] ઉત્તર એ હતો કે પૃથિવીકાયાદિ [illegible] [illegible] ભારેપણાથી, કર્મના [illegible] અશુભ કર્મોના ઉદયથી–વિપાકથી–ફલવિપાકથી [illegible] લે છે. ત્યાર પછી તે અનગાર ભગવાન મહાવીરને સર્વજ્ઞ [illegible] જાણ્યું છે અને તેમને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને વંદીને [illegible] "હે ભગવન્! તમારી પાસે ચાર મહાવ્રત ધર્મ (ચતુ- [illegible]) થી પાંચ મહાવ્રત ધર્મને ગ્રહણ કરવા ઇચ્છું છું એ પ્રમાણે [illegible] કાલાસવેસિક પુત્રની પેઠે યાવત્ તે "સર્વ દુઃખથી મુક્ત થયા" ત્યાં સુધી કહેવું

(૮) ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૩ મું કેશી ગૌતમીય અધ્યયન [illegible] [illegible] દર્શન આપે છે કારણ કે તે શ્રી પાર્શ્વ અને શ્રી વીર [illegible] મુખ્ય ભેદ પર પ્રકાશ પાડે છે

> જિણે પાસિત્તિ નામેણં, અરહા લોગપૂઇએ,
> સંબુદ્ધપ્પા ય સવ્વન્નૂ, ધમ્મતિત્થયરે જિણે ॥ ૧
> તસ્સ લોગપ્પઈવસ્સ, આસિ સીસે મહાયસે,
> કેસી કુમારસમણે, વિજ્જાચરણપારગે [illegible]
> ઓહિનાણસુએ બુદ્ધે, સીસસંઘસમાઉલે
> ગામાણુગામં રીયંતે, [illegible]

પાર્શ્વ નામના જિન (પરીષહ ઉપસર્ગના જીતનાર), અર્હત્ (વંદન
ર આદિને યોગ્ય), લોકપૂજિત, સંબુદ્ધાત્મા, (તત્ત્વજ્ઞ), સર્વજ્ઞ,
જ્ઞાન પ્રાપ્ત કરેલ), ધર્મતિર્થંકર જિન (કર્મને જીતનાર) (હતા),
ક-પ્રદીપના મહાયશવાળા શિષ્ય કેશી કુમાર શ્રમણ હતા કે જે
એટલે જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર બંનેમાં પારંગત, અવધિજ્ઞાન
શ્રુતજ્ઞાનવાળા, બુદ્ધ (વિવેકવાન્ વિશેષજ્ઞ) હતા તે પોતાના શિષ્યસંઘથી
યુક્ત ગ્રામાનુગ્રામ વિહરતા વિહરતા શ્રાવસ્તિમાં આવ્યા.

તે તિન્દુક નામના ઉદ્યાનમાં ઉતર્યા. તે વખતે વર્ધમાનના મહાયશ
ષ્ય નામે ગૌતમ વિદ્યાચરણમાં પારંગત બાર અંગના વેત્તા શિષ્યસંઘવાળા
ામાનુગ્રામ વિચરતા આવ્યા ને કોષ્ઠક નામના ઉદ્યાનમાં ઉતર્યા. બંનેના
ાચારમાં ભેદ હતો તેથી બંનેને વિચાર થયો કે આ ધર્મ તે કેવો ?
ાચાર-પ્રણિધિ જુદી કેમ? એટલે ગૌતમે કેશીને મોટા કુલમાં થયેલ
ાટે મોટા જાણીને પોતાના શિષ્ય સહિત કેશીના ઉતારે-તિન્દુક
ઉદ્યાનમાં ગયા. તે વખતે અન્ય શ્રોતાઓ આવી ગયા. બંને વચ્ચે
વાર્તાલાપ થયો

કેશી-હે મહાભાગ ! હું આપને કંઇ પૂછવા ચહું છું.

ગૌતમ ભંતે ! ભલે ઇચ્છાનુસાર પૂછો

કેશી-૧ ચાર પ્રકારના યામવાળો ધર્મ પાર્શ્વનાથે બતાવ્યો છે તો
વર્ધમાને પાંચ શિક્ષા (અભ્યાસપ્રધાન વ્રત) વાળો ધર્મ કેમ બતાવ્યો
છે ! બંને એક કાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં બન્નેનો ધર્મ બે જુદા
પ્રકારનો કેમ ? તેથી આપને અવિશ્વાસ નથી આવતો !

ગૌતમ-૧ અજિતનાથથી તે પાર્શ્વનાથના સમયમાં લોક સરલપ્રકૃતિના
હતા અને પ્રજ્ઞ હતા પ્રજ્ઞા ધર્મતત્ત્વ અને તત્ત્વનો નિર્ણય સારી રીતે
સમજી શકે છે, તેથી ચારમાં પાંચનો અર્થ કરી લે છે. બાકી ઋષભદેવના
સમયના ઋજુ પણ જડ લોક હોય છે, તેથી વ્રતનું આચરણ તેને માટે

[illegible] મહાવીરના અંગોપાંગાદિ આગમ [illegible] અને [illegible] સર્વજ્ઞ ધર્મ સાથે [illegible] જાણું હોય તો મેં મારા આ [illegible] જૈન ધર્મના પરિવર્તનો અને [illegible] વ્યાખ્યાનો વર્ગ ચીર્ધો. [illegible] ૮૩ જોવું

૯

શ્રી પાર્શ્વનાથ અને શ્રી બુદ્ધ વચ્ચે તુલના

[illegible] શ્રી બુદ્ધે તપશ્ [illegible] ને અનર્થકર [illegible] છે. મોક્ષમાર્ગ [illegible] અને તપ બીજી [illegible] માર્ગ શ્રી [illegible] છે.

પાર્શ્વના ચાતુર્યામમા અને બુદ્ધના [illegible] માં થોડો ફેર [illegible] અહિંસાના યોગથી માનવ જાત સાથે [illegible] જનેનું [illegible] અહિંસાને પાર્શ્વે પ્રથમ પદ આપી જુદી [illegible] છે, તેમ બુ [illegible] નથી જણાતી. અષ્ટાંગિકમાંના સમ્યક્ કર્મમાં [illegible] સમાવેશ થઈ શકે. સમ્યક્વાચામાં સત્યનો સમાવેશ થાય, સમ્યક્ [illegible] અપરિગ્રહનો સમાસ થાય. સમ્યક્દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ [illegible] સમ્યક્ સ્મૃતિ ને સમ્યક્ સમાધિ—મળી અષ્ટાંગિક માર્ગ.

૧૦

શ્રી પાર્શ્વની ત્રણ વિશિષ્ટતા

[illegible]

ેનાઇ પર્વત પર મોઝેસને ઈશ્વરે જે દશ આજ્ઞાઓ (Ten andmeents) આપી, તેમાં હત્યા કરીશ નહિ એવી આજ્ઞાઓ માવેશ છે, પરંતુ આ આજ્ઞાઓનો સ્વીકાર કરીને મોઝેસ ના અનુયાયીઓએ પેલેસ્ટાઇનમાં પ્રવેશ કર્યો અને ત્યાં લોહીની વહેવરાવી. કેટલાએ લોકોની કતલ કરી અને કેટલીએ તરૂણ ને પકડીને પોતાના લોકોમાં વહેંચી દીધી. આ કૃત્યોને જો ા કહી શકાય તો પછી હિંસા કોને કહેવી? મતલબ કે પાર્શ્વની ખરેખરી અહિંસાથી ભરેલો એવો કોઇ પણ ધર્મ કે તત્ત્વજ્ઞાન માં નહોતાં એમ્ માનવું પડે છે

"બીજી એક વાત પાર્શ્વમુનિએ કરી તે એ કે, સત્ય, અસ્તેય અને રેગ્રહ આ ત્રણ નિયમોની સાથે અહિંસાનો મેળ બેસાર્યો પૂર્વે રણ્યમાં રહેનારા ઋષિમુનિઓના આચરણમાં જે અહિંસા હતી, તેને હારમાં સ્થાન નહોતું તેને બદલે હવે આ ત્રણ નિયમોની સહાયથી (અહિંસા) સામાજીક બની; વ્યવહારૂ બની.

"ત્રીજી વાત પાર્શ્વમુનિએ પોતાના નવા ધર્મના પ્રસાર માટે સંઘ ાપ્યો. બૌધ્ધ સાહિત્ય ઉપરથી એમ જણાય છે કે બુધ્ધના કાળમાં સંઘો અસ્તિત્વમાં હતાં, તેમાં જૈન સાધુ તથા સાધ્વીઓનો સંઘ ેથી મોટો હતો."

અંતે 'વામાનન્દન, જગદાનંદન, સેવકજન–આશા–વિશ્રામ' એ મોવિજયજીનું પદ સ્મરણમાં લાવી આ વક્તવ્ય પૂરૂં કરૂં છું

સમાપ્ત.

હતું અને તેના ફલરૂપે શ્રી મહાવીરના અંગોપાંગાદિ આગમો પ્રરૂપેલો વિસ્તૃત અને વિશાલ પાયાપરનો સંકલિત ધર્મ આપે

બાકી બીજા ભેદો આદિ વિષે જાણવું હોય તો મેં [illegible] આ વ્યાખ્યાનમાળામાં પૂર્વે આપેલ 'જૈન ધર્મમાં પરિવર્તનો અને તેના પરિણામો' એ વ્યાખ્યાન (પર્યુષણપર્વનાં વ્યાખ્યાનો વર્ષ ત્રીજું પ્રકા. જૈન યુવક સંઘ મુંબઇ પૃ. ૮૭ થી ૯૩ જોવું.

૯
શ્રી પાર્શ્વનાથ અને શ્રી બુદ્ધ વચ્ચે તુલના

શ્રી પાર્શ્વનાથે સંયમ-તપને બોધેલ છે જ્યારે શ્રી બુદ્ધે તપક માર્ગ દુઃખદ ને અનર્થકારક ગણી ત્યાજ્ય ગણેલ છે. ભોગમાર્ગ [illegible] અને તપ બાજુ બાજુ એ બે વચ્ચેનો મધ્યમ માર્ગ શ્રી સ્વીકારેલ છે.

પાર્શ્વના ચાતુર્યામમાં અને બુદ્ધના અષ્ટાંગિક માર્ગમાં થોડો ફે અહિંસાના યોગથી માનવ મન સાથે તાદાત્મ્ય સાધવું એ બન્નેનું ધ્યે પણ અહિંસાને પાર્શ્વે પ્રથમ પદ આપી જુદી જણાવેલ છે, તેમ જુદી નથી જણાવી અષ્ટાંગિકમાંના સમ્યક્ કર્મમાં અહિંસાદિનો સમ [illegible] [illegible]

૧૦
શ્રી પાર્શ્વની ત્રણ વિશિષ્ટતા

[illegible]

[illegible]

સિનાઇ પર્વત પર મોઝેસને ઇશ્વરે જે દશ આજ્ઞાઓ (Ten
ommandmeents) આપી, તેમાં હત્યા કરીશ નહિ એવી આજ્ઞાઓ
સમાવેશ છે, પરંતુ આ આજ્ઞાઓનો સ્વીકાર કરીને મોઝેસ
ના અનુયાયીઓએ પેલેસ્ટાઇનમાં પ્રવેશ કર્યો અને ત્યાં લોહીની
વહેવરાવી. કેટલાએ લોકોની કતલ કરી અને કેટલીએ તરૂણ
તે પકડીને પોતાના લોકોમાં વહેંચી દીધી. આ કૃત્યોને જો
ા કહી શકાય તો પછી હિંસા કોને કહેવી ? મતલબ કે પાર્શ્વની
ખરેખરી અહિંસાથી ભરેલો એવો કોઇ પણ ધર્મ કે તત્ત્વજ્ઞાન
માં નહોતાં એમ માનવું પડે છે.

"બીજી એક વાત પાર્શ્વમુનિએ કરી તે એ કે, સત્ય, અસ્તેય અને
રિગ્રહ આ ત્રણ નિયમોની સાથે અહિંસાનો મેળ બેસાર્યો પૂર્વે
યમાં રહેનારા ઋષિમુનિઓના આચરણમાં જે અહિંસા હતી, તેને
હારમાં સ્થાન નહોતું તેને બદલે હવે આ ત્રણ નિયમોની સહાયથી
(અહિંસા) સામાજીક બની; વ્યવહારૂ બની.

"ત્રીજી વાત પાર્શ્વમુનિએ પોતાના નવા ધર્મના પ્રસાર માટે સંઘ
ાગ્યો. બૌધ્ધ સાહિત્ય ઉપરથી એમ જણાય છે કે બુધ્ધના કાળમાં
સંઘો અસ્તિત્વમાં હતાં, તેમાં જૈન સાધુ તથા સાધ્વીઓનો સંઘ
થી મોટો હતો."

અંતે 'વામાનંદન, જગદાનંદન, સેવકજન-આશા-વિશ્રામ' એ
ોવિજયજીનું પદ સ્મરણમાં લાવી આ વક્તવ્ય પૂરૂં કરૂં છું.

સમાપ્ત